દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૫ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 224 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ભાદ્રપદ સુદ-૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 22 September 2026, Tuesday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મંગળવાર, ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૬, (૧૧ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
તરોતાજા પૂર્તિ ૫ ૬ ૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# આઈઆઈટી-મુંબઈમાં ભારેલો અગ્નિ

## વિદ્યાર્થીના સુસાઇડને પગલે વહીવટી બાબતોના ડીનની હકાલપટ્ટી પછી સામસામી તલવાર તણાઈઃ ફેકલ્ટી પદેથી પણ સૂર્યનારાયણ દુલ્લાને દૂર કરવાની વિદ્યાર્થીઓની માગણીઃ તમામ ફેકલ્ટીઓ દુલ્લાના સમર્થનમાંઃ રાજકીય કાર્યકરોનો પણ વિરોધ

મુંબઈઃ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (આઇઆઇટી-મુંબઈ)એ તેના વહીવટી બાબતોના ડીન સૂર્યનારાયણ દુલ્લાને સોમવારે પાણીચું આપ્યું હતું. બાવીસ વર્ષના વિદ્યાર્થી સાહિલ વાકોડેની આત્મહત્યાને પગલે એને સુસાઇડ કરવા ઉશ્કેરવા તથા તેને સાથે જાતિને આધારે ભેદભાવ રાખવાનો ગુનો નોંધાવાને પગલે ઊભા થયેલા વિરોધને વંટોળને પગલે આઇઆઇટી-મુંબઈ દ્વારા આ પગલું લેવામાં આવ્યું હતું. જોકે વિદ્યાર્થીઓ અને સોમવારે રાજકીય કાર્યકરોને વિરોધ પછી દુલ્લાની હકાલપટ્ટી કરાતા ફેકલ્ટી મેમ્બરો ભડક્યા હતા અને તેમણે ગઈ કાલે સાંજે દુલ્લાના સમર્થનમાં કૂચ કરી હતી. આમ આઇઆઇટી-મુંબઈમાં બંને તરફથી સામસામી તલવારો ખેંચાઈ હોવાથી કેમ્પસમાં ભારેલો અગ્નિ હતો.

બીજી તરફ, વિદ્યાર્થીઓને દુલ્લાની ડીનપદેથી હકાલપટ્ટીથી સંતોષ નથી અને તેમણે દુલ્લાને ફેકલ્ટી તરીકે પણ દૂર કરવાની

(જુઓ પાનું ૨) ▸▸




**સમર્થનઃ** મુંબઈમાં બાવીસ વર્ષના વિદ્યાર્થીએ કરેલી આત્મહત્યાના વિરોધમાં વિદ્યાર્થીઓ દ્વારા વિરોધપ્રદર્શન કરવામાં આવી રહ્યું હોવા વચ્ચે વહીવટી બાબતોના ડીન સૂર્યનારાયણ ધુલ્લાને હોદ્દા પરથી બરતરફ કરવામાં આવ્યા બાદ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલૉજી (આઈઆઈટી-મુંબઈ)ના અધ્યાપકોએ સૂર્યનારાયણના સમર્થનમાં ઈન્સ્ટિટ્યૂટના કેમ્પસમાં સરઘસ કાઢ્યું હતું. (એજન્સી)

### સાહિલ સુસાઇડ કરે એવો નહોતોઃ પિતા

સાહિલ વાકોડેના પિતાએ આરોપ કર્યો હતો કે આઇઆઇટી ફેકલ્ટી સભ્યો અને વહીવટીતંત્રના અધિકારીઓએ સાહિલ સાથે જાતિના આધારે ભેદભાવ કર્યો હતો અને ખોટી રીતે તેને લક્ષ્ય બનાવ્યો હતો. તેમણે તેમના પુત્રના મૃત્યુમાં તેમની ભૂમિકાની તપાસની માગ કરી હતી.

વાકોડે પરિવારે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે શનિવારે ભારતીય ન્યાય સંહિતા અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમની જોગવાઈઓ હેઠળ આત્મહત્યા માટે ઉશ્કેરણી કરવાના આરોપસર એફઆઈઆર નોંધ્યો હતી. આ કેસમાં એક પ્રોફેસરને આરોપી ઠેરવવામાં આવ્યા છે, જેની તપાસ ક્રાઇમ બ્રાન્ચ દ્વારા

(જુઓ પાનું ૨) ▸▸

### માનસિક ત્રાસનો ભોગ બન્યો સાહિલઃ નાની

સાહિલનાં નાનીએ દાવો કર્યો છે કે આવા આત્યંતિક પગલા પાછળ 'માનસિક ત્રાસ' મુખ્ય કારણ હોઇ શકે છે. તેમણે સંસ્થાના વહીવટતંત્ર અને હોસ્ટેલના વાતાવરણની તપાસ કરવાની માગ કરી હતી. સાહિલનાં નાની શ્યામલતા

(જુઓ પાનું ૨) ▸▸

### શું થયું હતું?

સેમીસ્ટરની પરીક્ષા દરમિયાન મોબાઇલ ફોનનો ઉપયોગ કરતા પકડાયાના થોડા કલાકો પછી, શુક્રવારે સાંજે આઈઆઈટી બૉમ્બેના પવઈ કેમ્પસમાં તેના હોટલના રૂમમાં સાહિલ રવિન્દ્ર વાકોડે (બાવીસ)નો મૃતદેહ છતના પંખા સાથે લટકતો મળી આવ્યો હતો. વાકોડે પર ભારે દબાણ હતું

(જુઓ પાનું ૨) ▸▸

### અમે દુલ્લાની પડખેઃ ફેકલ્ટીઝ

દુલ્લાની પડખે હોવાનું આઇઆઇટી-બૉમ્બેના ફેકલ્ટી ફોરમે સોમવારે જણાવ્યું હતું. લાંબા કાર્યકાળ દરમિયાન દુલ્લા કેમ્પસમાં વિદ્યાર્થી સમુદાયના કલ્યાણ માટે અનેક પહેલો સ્થાપવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી એવી સ્પષ્ટતા કરી ફેકલ્ટી ફોરમે એમ પણ કહ્યું કે તે ખોટા અને ગેરમાર્ગે દોરતા મીડિયા અહેવાલો દ્વારા અમારા સાથીદારની પ્રતિષ્ઠાને બદનામ કરવાથી અમે વ્યથિત થયા છીએ.

એક સત્તાવાર નિવેદનમાં આઇઆઇટી-બૉમ્બેના ફેકલ્ટી ફોરમના પ્રમુખ પ્રોફેસર રાજકુમાર એસ પંતે જણાવ્યું હતું કે 'પ્રોફેસર સૂર્યનારાયણ દુલ્લાને આઇઆઇટી-બૉમ્બેમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હોવાના કેટલાક મીડિયા રિપોર્ટ સાચા નથી. તેઓ સંસ્થાના ફેકલ્ટીના સભ્ય તરીકે છે. ફેકલ્ટી

(જુઓ પાનું ૨) ▸▸

## ભારત-કૅનેડા વેપાર કરાર માટે પાંચમી ઑક્ટોબરથી મંત્રણા

### આવી જાહેરાત કરતા પીયૂષ ગોયલે કહ્યું કે ભારત-ન્યૂ ઝીલૅન્ડ વેપાર કરાર ૨૦ ઑક્ટોબરથી અમલમાં આવશે

નવી દિલ્હીઃ વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન પીયૂષ ગોયલે સોમવારે જણાવ્યું હતું કે ભારત અને કૅનેડા વચ્ચે 'કોમ્પ્રિહેન્સિવ ઈકોનોમિક પાર્ટનરશિપ એગ્રીમેન્ટ' માટેની મંત્રણાનો આગામી રાઉન્ડ પાંચમી ઑક્ટોબરથી યોજાશે.

તેમણે અહીં પત્રકારોને જણાવ્યું હતું કે, આગામી ૯૦ દિવસ કૅનેડા-ભારત સંબંધો માટે ખૂબ જ નિર્ણાયક સમયગાળો બની રહેશે.

વાટાઘાટોનો ચોથો રાઉન્ડ અહીં ૧૮ સપ્ટેમ્બરે પૂર્ણ થયો હતો. બંને દેશ આ વર્ષના અંત સુધીમાં વાટાઘાટો પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખી રહ્યા હોવાથી વાતચીત ઝડપી ગતિએ આગળ વધી રહી છે.

ગોયલે કહ્યું હતું કે, બંને પક્ષે વાટાઘાટોને ઝડપી બનાવવાનો સંકલ્પ કર્યો છે, જેને ધ્યાનમાં રાખીને અમારી ટીમ હવે પાંચમી ઓક્ટોબરે પાંચમા રાઉન્ડ માટે જવાની તૈયારી કરી રહી છે.

પાંચ દિવસીય મંત્રણા નવમી ઓક્ટોબરે સમાપ્ત થઈ શકે છે.

કૅનેડાના આંતરરાષ્ટ્રીય વેપાર પ્રધાન

(જુઓ પાનું ૨) ▸▸

## સોનિયાનું મતદારયાદીમાં નામઃ તપાસ નહીં કરવાનો આદેશ રદ

### ભારતનું નાગરિકત્વ મળ્યું એની પહેલાં કૉંગ્રેસી નેતાનું મતદારયાદીમાં નામ હોવાના આક્ષેપની તપાસ કરવાનો ઈનકાર કરતો આદેશ અગાઉ મેજિસ્ટ્રેટે આપ્યો હતો

નવી દિલ્હીઃ કૉંગ્રેસનાં નેતા સોનિયા ગાંધી ૧૯૮૩માં ભારતનાં નાગરિક બન્યાં એના ત્રણ વર્ષ પહેલાં જ તેમનું નામ મતદારયાદીમાં સમાવિષ્ટ હતું એવા આક્ષેપોની તપાસ કરવાનું નકારતા મેજિસ્ટ્રેટના આદેશને દિલ્હીની અદાલતે સોમવારે કોરાણે મૂકી દીધો હતો તેમ જ કોર્ટે આ ફરિયાદ પર ફરીથી સુનાવણી કરવાનો નિર્દેશ આપ્યો છે.

સોનિયા ગાંધીના મતદારયાદીમાં નામ મુદ્દે વિશેષ ન્યાયાધીશે સમીક્ષાની અરજીને સ્વીકારી છે. સેશન્સ કોર્ટે વર્ષ ૨૦૨૫માં એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ દ્વારા આપવામાં આવેલા આદેશને રદ કર્યો છે. આ મામલાની નવી સુનાવણી અને કારણો સહિતનો આદેશ જાહેર કરવા માટે પરત મોકલવામાં આવ્યો છે. આ અગાઉ મેજિસ્ટ્રેટ કોર્ટે કોંગ્રેસ નેતા સોનિયા ગાંધી વિરુદ્ધ એફઆઇઆર નોંધવાની માગ કરતી ફરિયાદ ફગાવી દીધી હતી.

સેશન્સ કોર્ટે જણાવ્યું હતું કે, આ ફરિયાદ ચકાસણી ન થયેલા રેકોર્ડની ફોટોકોપી

(જુઓ પાનું ૨) ▸▸

## જિનપિંગ આવતી કાલે ટ્રમ્પને મળવા અમેરિકા પહોંચશે

### ટૅરિફ, એઆઈથી લઈને યુદ્ધ સુધીના મુદ્દાઓ પર ફૉકસ

બેઈજિંગ : ચીનના પ્રમુખ શી જિનપિંગ ૨૩ સપ્ટેમ્બરથી ૨૫ સપ્ટેમ્બરે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ સાથે શિખર પરિષદ કરવા અમેરિકા જશે. આ બે મહાનુભાવોની ચાર મહિનામાં આ બીજી મુલાકાત હશે. બેઈ જિંગે આને ઐતિહાસિક મહત્ત્વ ધરાવતું સીમાચિહ્ન કહ્યું હતું.

ટ્રમ્પના આમંત્રણને માન આપીને શી ત્રણ દિવસ માટે અમેરિકા જશે, એવી માહિતી વિદેશ મંત્રાલયના પ્રવકતા ગુઓ જીઆકુને આપી હતી. પત્રકારો જોડે વાતચીત કરતા તેમણે કહ્યું હતું કે ટ્રમ્પ સાથેની વાતચીતમાં ચીન-અમેરિકાના સંબંધોના ચાવીરૂપ મુદ્દાઓ પર વિચારની આપ-લે થશે તેમ જ વિશ્વ શાંતિ અને વિકાસ અંગે વાતચીત થશે. છ મહિનામાં બે દેશના વડાની મુલાકાતો એ ઐતિહાસિક રીતે મહત્ત્વનું સીમાચિહ્ન છે.

બે વડાઓ છેલ્લે મે મહિનામાં બેઈજિંગમાં મળ્યા હતા. વિશ્વના સૌથી મોટા અર્થતંત્રવાળા બે દેશના વડાએ ગયા વખતે સંબંધો સુધારવા વાતચીત કરી હતી.

ગુઓએ કહ્યું હતું કે ચીન અમેરિકા સાથે કામ કરીને બે દેશ વચ્ચેના વ્યૂહાત્મક સ્થિરતા

(જુઓ પાનું ૨) ▸▸

## ટી-૭૨ અને ટી-૯૦ ટૅન્કો માટે એપીયુ પ્રાપ્ત કરવા ૫૮૬ કરોડ રૂપિયાના કરાર

નવી દિલ્હીઃ ભારતીય સેનાની કામગીરી માટેની સજ્જતા અને વિશ્વસનીયતાને વેગ આપવા સંરક્ષણ ખાતાએ ટી-૭૨ અને ટી-૯૦ ટૅન્કો માટે ઑક્ઝિલરી પાવર યુનિટ્સ (એપીયુ) પ્રાપ્ત કરવા એક્યૂરેટ ઈન્ડસ્ટ્રિયલ કંટ્રોલ્સ પ્રા.લિ. સાથે સોમવારે ૫૮૬ કરોડ રૂપિયાના કરાર પર સહી કરી હતી.

સંરક્ષણ સચિવ રાજેશકુમાર સિંહની ઉપસ્થિતિમાં દિલ્હીમાં આ કરાર પર સહી કરવામાં આવી હતી.

એપીયુ ફાયર કંટ્રોલ સિસ્ટમ, ફાયરિંગ સર્કિટ, ગન સ્ટેબિલાઈઝેશન સિસ્ટમ અને ટૅન્કનાં અન્ય સહાયક સાધનો માટે વીજળીનું ઉત્પાદન કરવાનો વૈકલ્પિક સ્રોત છે.

સ્વતંત્ર રીતે વિકસાવેલા એપીયુ ભારતીય સેનાની

(જુઓ પાનું ૨) ▸▸

## મુખ્ય ક્રેમલિન પાર્ટીએ રશિયાની સંસદમાં પોતાની બહુમતી જાળવી

મોસ્કોઃ ચૂંટણી અધિકારીઓએ સોમવારે જણાવ્યું હતું કે, કાળજીપૂર્વક ગોઠવાયેલા મતદાન પછી મુખ્ય ક્રેમલિન પાર્ટીએ રશિયાની સંસદમાં પોતાની બહુમતી જાળવી રાખી છે, જેમાંથી મોટાભાગના વિપક્ષી ઉમેદવારોને બાકાત રાખવામાં આવ્યા હતા અને સરકારને સત્તા પર મજબૂત પકડ જાળવી રાખવામાં મદદ મળી હતી.

કેન્દ્રીય ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, ૯૫ ટકાથી વધુ મતદાન

(જુઓ પાનું ૨) ▸▸

## ઈન્ફ્રા ક્ષેત્રનો વિકાસદર ઘટીને ૪.૮ ટકાએ પહોંચ્યો

નવી દિલ્હીઃ સોમવારે જાહેર કરાયેલા સરકારી આંકડા મુજબ, કોલસા, કુદરતી ગૅસ, ક્રૂડ ઑઇલ અને ખાતરના ઉત્પાદનમાં ઘટાડાને કારણે ઓગસ્ટમાં નવ મુખ્ય ઇન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રનું ઉત્પાદન ઘટીને ત્રણ મહિનાના નીચલા સ્તર ૪.૮ ટકા પર આવી ગયું હતું.

ગયા વર્ષે આ જ મહિનામાં ઉત્પાદનમાં ૬.૨ ટકા અને આ વર્ષે જુલાઈમાં પાંચ ટકાનો વધારો થયો હતો. અગાઉ મે મહિનામાં ૩.૨ ટકાનું નીચલું સ્તર નોંધાયું હતું.

આંકડા દર્શાવે છે કે ઓગસ્ટમાં કોલસા,

(જુઓ પાનું ૨) ▸▸

## અફઘાનિસ્તાનમાં પાકિસ્તાને હવાઈ હુમલા કર્યા, ૨૮ મોત

### જોકે કાબૂલે દાવો કર્યો હતો કે માત્ર ત્રણ જણનાં જીવ ગયા છે

ઇસ્લામાબાદઃ પાકિસ્તાની યુદ્ધવિમાનોએ સોમવારે પૂર્વ અફઘાનિસ્તાનમાં કેટલાક ઠેકાણાંઓ પર હવાઇ હુમલા કર્યા હતા. આ ઠેકણાંઓને પાકિસ્તાની સુરક્ષા અધિકારીઓએ શંકાસ્પદ આતંકવાદી ઠેકાણાં ગણાવ્યાં હતાં. આ હુમલામાં ૨૮ આતંકવાદીઓ માર્યા ગયા હોવાનો પાકિસ્તાને દાવો કર્યો છે. જાકે કાબૂલે માત્ર ત્રણ લોકોનાં મોત થયા હોવાનું જણાવ્યું હતું.

બંને દેશોની સરહદ નજીક થયેલા આ હુમલાઓએ ફરી પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે તણાવ પેદા કર્યો છે. પરિણામે સરહદ પાર સંઘર્ષની આશંકા વધી

(જુઓ પાનું ૨) ▸▸

## કૅનેડામાં ટ્રેનિંગ પ્લૅન ક્રેશ થતાં બે ભારતીયનાં મોત

ટૉરન્ટોઃ કૅનેડામાં ફ્લાઇટ ટ્રેનિંગ દરમિયાન એક વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. આ હવાઇ અકસ્માતમાં બે ભારતીય વિદ્યાર્થીઓનાં મોત નીપજ્યા હોવાની જાણકારી ભારતીય મિશને આપી હતી.

આ દુર્ઘટનામાં મૃત્યુ પામનાર વિદ્યાર્થીઓની ઓળખ તમિળનાડુના મનોજ શિવકુમાર અને પુડુચેરીના શ્રીસરન તિરજ્ઞાનસંબંધમ તરીકે થઇ છે. રવિવારે વૅનકુવરમાં ભારતના કોન્સ્યુલેટ જનરલે તેમના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો. સોશ્યલ મીડિયા પર મિશને જણાવ્યું કે વૅનકુવરમાં ભારતના કોન્સ્યુલેટ જનરલ કૅનેડામાં ફ્લાઇટ ટ્રેનિંગ દરમિયાન હવાઇ અકસ્માતમાં મૃત્યુ પામેલા તમિળનાડુ અને પુડુચેરીના બે ભારતીય

(જુઓ પાનું ૨) ▸▸

## આર્ય સમાજનું મૅરેજ સર્ટિફિકેટ હિન્દુ લગ્નનો પુરાવો નથીઃ હાઈ કૉર્ટ

નવી દિલ્હીઃ આર્ય સમાજ મંદિર દ્વારા આપવામાં આવતું લગ્નનું પ્રમાણપત્ર હિન્દુ મેરેજ ઍક્ટ હેઠળ નિર્ધારિત આવશ્યક વિધિઓ કરવામાં આવી ન હોય તો માન્ય હિન્દુ લગ્ન સંપન્ન થયા હોવાનું સાબિત કરી શકતું નથી.

ન્યાયાધીશ રાજીવ સિંહે સશસ્ત્ર સીમા બલ (એસએસબી)ના એક અધિકારી રોહિત પાન્ડેને સેવામાંથી બરતરફ કરવાની કાર્યવાહી રદ કરતી વખતે આ અવલોકન કર્યું હતું. આ અધિકારીને તેનાં વૈવાહિક દરજ્જા અંગે કથિત ખોટી રીતે જાહેરાત કરવા બદલ સેવામાંથી બરતરફ કરવામાં આવ્યો હતો.

એસએસબીએ એમ કહીને પાન્ડેને સેવામાંથી બરતરફ કરવાનો આદેશ આપ્યો હતો કે તે સેવામાં દાખલ થયો હતો તે સમયે તેણે પોતા અવિવાહિત હોવાની કરેલી જાહેરાત ખોટી હતી.

એસએસબીના ૨૮ એપ્રિલ ૨૦૨૨ના

(જુઓ પાનું ૨) ▸▸

## રાજકોટમાં સ્વનિર્ભર શાળા સંચાલકોની કલેક્ટર કચેરીએ રજૂઆતઃ એફઆરસી સહિત ચાર મુદ્દે આવેદન

રાજકોટઃ રાજકોટ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા સોમવારે કલેક્ટર કચેરી ખાતે વિવિધ પડતર પ્રશ્નોના ઉકેલ માટે રજૂઆત કરવામાં આવી હતી. રાજ્યભરની ૧૭ હજારથી વધુ સ્વનિર્ભર શાળાઓ સાથે જોડાયેલા પ્રશ્નો અંગે સરકાર દ્વારા સકારાત્મક અને વહેલી તકે નિર્ણય લેવામાં આવે તેવી માંગ સાથે સંચાલકોએ કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. રાજકોટમાં સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા કલેક્ટર કચેરી ખાતે રજૂઆત કરવામાં આવી હતી. શાળાઓને લગતા વિવિધ પડતર પ્રશ્નોના નિરાકરણ માટે સંચાલકો દ્વારા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. સમગ્ર ગુજરાતમાં ૧૭ હજારથી વધુ સ્વનિર્ભર શાળાઓ કાર્યરત છે અને આ શાળાઓ સાથે સંકળાયેલા વિવિધ પ્રશ્નો લાંબા સમયથી પડતર છે. ખાસ કરીને એફઆરસી સહિતની ચાર મુખ્ય માગણીઓ અંગે સરકાર દ્વારા વહેલી તકે યોગ્ય નિર્ણય લેવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.

આ અંગે શાળા સંચાલકોએ જણાવ્યું હતું કે, વિવિધ નીતિગત અને વહીવટી પ્રશ્નોના કારણે માત્ર શાળા સંચાલકો જ નહીં, પરંતુ વાલીઓ અને વિદ્યાર્થીઓને પણ મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આથી સરકાર દ્વારા સમગ્ર મામલે વ્યવહારુ નીતિ બનાવીને પ્રશ્નોનો ઉકેલ લાવવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી હતી. સંચાલકોએ વધુમાં જણાવ્યું હતું કે સ્વનિર્ભર શાળાઓના પ્રશ્નોને લઈને અગાઉ પણ રજૂઆતો કરવામાં આવી છે. હવે સરકાર આ પ્રશ્નોને ગંભીરતાથી લઈ સમયબદ્ધ રીતે ઉકેલ લાવે તેવી અપેક્ષા છે. ■

## કંડલા કાસેઝમાં કરોડોનું જીએસટી રિફંડ મેળવવાનું કૌભાંડ

ભુજઃ કંડલા સ્પેશિયલ ઇકોનોમિક ઝોન ફરી એક વખત આર્થિક કૌભાંડોના એપીસેન્ટર તરીકે ઊભરી આવ્યું છે. કાસેઝ સ્થિત એક એકમ દ્વારા નિકાસ થતા માલના મૂલ્યમાં ઓવરવેલ્યુએશન દર્શાવી બોગસ જીએસટી રિફંડ મેળવવાના કરોડો રૂપિયાના રેકેટનો કસ્ટમ્સની સ્પેશિયલ ઇન્ટેલિજન્સ એન્ડ ઇન્વેસ્ટિગેશન બ્રાન્ચ દ્વારા પર્દાફાશ કરવામાં આવ્યો છે. આ સનસનીખેજ ખુલાસા બાદ હવે ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સ દ્વારા પણ સમાંતર તપાસ તેજ કરવામાં આવતાં વ્યાપારી અને કસ્ટમ વર્તુળોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. કંડલા કસ્ટમ્સની એસઆઈઆઈબી ટીમે બાતમીના આધારે ગુરુવારથી કાસેઝ સ્થિત શંકાસ્પદ એકમમાં સઘન તપાસ અને દસ્તાવેજોની ચકાસણી હાથ ધરી હતી. બે દિવસ ચાલેલી આ પ્રાથમિક તપાસમાં અત્યંત ગંભીર નાણાકીય ગેરરીતિ સામે આવી હતી. કૌભાંડી પેઢી દ્વારા સુગંધિત તમાકુના કન્સાઈનમેન્ટમાં તેના મૂળ વાસ્તવિક મૂલ્ય કરતાં આશરે ૪૦ ગણી વધુ કિંમત ચોપડે દર્શાવવામાં આવી હતી. નિયમ મુજબ સપ્લાય કરેલા માલની કિંમત પર ૪૦ ટકા સુધીનું રિફંડ મળવાપાત્ર હોવાથી, આરોપી કંપનીએ કાગળ પર ઊંચા ભાવ દર્શાવી યુનાઈટેડ આરબ અમીરાત , ઓમાન સહિત વિશ્વના ૧૦૦થી વધુ દેશોમાં માલ નિકાસ થયો હોવાનું ઊભું કર્યું હતું. આ મોડસ ઓપરેન્ડી દ્વારા કંપનીએ સરકારી તિજોરીને ચૂનો ચોપડી અંદાજે રૂ.૧૦૦ કરોડથી વધુનું જંગી જીએસટી રિફંડ ખોટી રીતે મેળવી લીધું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. જાણકારોના મતે, કસ્ટમ અને સંબંધિત તંત્રના કેટલાક ભ્રષ્ટ અધિકારીઓની છૂપી મિલીભગત વગર આટલા મોટા પાયે ઓવરવેલ્યુએશન દર્શાવી રિફંડ પાસ કરાવી લેવું શક્ય નથી. આ માત્ર એક પેઢીનું કૌભાંડ સપાટી પર આવ્યું છે, પરંતુ આ જ પદ્ધતિથી કાસેઝના અન્ય એકમોએ પણ અબજો રૂપિયાની કરચોરી અને રિફંડ કૌભાંડ આચર્યું હોવાની પ્રબળ શક્યતા જોવાઈ રહી છે. ■

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# યુપીનું ચાર રાજ્યોમાં વિભાજન કરાય તો વિકાસ ઝડપથી થાય

**આવતા** વરસે માર્ચ મહિનામાં ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણી છે ને આ ચૂંટણી જીતવા બધા રાજકીય પક્ષો પોતપોતાની રીતે તિકડમ લગાવી રહ્યા છે ત્યારે ભાજપના સાથી ઓમપ્રકાશ રાજભરે ઉત્તર પ્રદેશનું ચાર રાજ્યોમાં વિભાજન કરવાની માગણીનો પાસો ફેંકી દીધો છે. ઉત્તર પ્રદેશની યોગી આદિત્યનાથ સરકારમાં મંત્રી અને સુહેલદેવ ભારતીય સમાજ પાર્ટી એસબીએસપીના મુખિયા ઓમ પ્રકાશ રાજભરે અલગ પૂર્વાંચલ રાજ્યની માંગ કરીને દાવો કર્યો છે કે, ભવિષ્યમાં ઉત્તર પ્રદેશના ચાર ભાગ પડી શકે છે અને પૂર્વાંચલને રાજ્યનો દરજજો મળે તો રાજભરનો દીકરો પહેલો મુખ્યમંત્રી બનશે.

રાજભરે પોતાનો દીકરો મુખ્યમંત્રી બનશે કે રાજભર સમાજનો દીકરો મુખ્યમંત્રી બનશે તેની ચોખવટ કરી નથી પણ નેતાઓ બીજાં માટે કશું માગતા નથી ને બીજાંને કશું આપવામાં માનતા પણ નથી તેથી ઓમપ્રકાશ રાજભર પણ પોતાના દીકરાની જ વાત કરી રહ્યા હોવાનું અર્થઘટન થઈ રહ્યું છે. ઓમ પ્રકાશ રાજભરને અરવિંદ રાજભર અને અરૂણ રાજભર એમ બે દીકરા છે અને બંને રાજકારણમાં સક્રિય છે તેથી રાજભર બંનેમાંથી કોઈને મુખ્યમંત્રી બનાવવા માગતા હોય એ શક્ય છે.

રાજભરે તો ઉત્તર પ્રદેશમાં અન્ય પછાત વર્ગ ઓબસી માટેની ૨૭ અનામતમાં ફેરફાર કરવાની માંગ પણ કરી છે. રાજભરનું કહેવું છે કે, અનામતનો લાભ તમામ પછાત સમુદાયો સુધી સમાન રીતે પહોંચતો નથી તેથી ઓબીસી અનામતમાં પણ પેટા-અનામત રાખવી જોઈએ અને કોને કેટલી અનામત આપવી એ જ્ઞાતિ આધારિત વસતી ગણતરીને આધારે નક્કી કરવું જોઈએ. આપણે ત્યાં હજુ વસતી ગણતરી પતી નથી તેથી કઈ જ્ઞાતિની કેટલી વસતી છે તેના આંકડા ઉપલબ્ધ નથી. આ આંકડા આવતાં બે વરસ લાગી જશે એ જોતાં ઓબીસી અનામતમાં પેટા-અનામતનો મુદ્દો હમણાં ચર્ચાય એવો નથી પણ ઉત્તર પ્રદેશના વિભાજનનો મુદ્દો ચોક્કસ ચર્ચામાં છે.

રાજભરે ઉત્તર પ્રદેશનું વિભાજન કરીને પૂર્વાંચલનું અલગ રાજ્ય બનાવવાની માગણી પહેલાં પણ કરી છે પણ ચૂંટણી તાકડે જ તેમણે આ વાત કરી તેના કારણે એવી અટકળો પણ શરૂ થઈ છે કે, ચૂંટણી પહેલાં રાજભર ભાજપનો સાથ છોડીને માયાવતીની પંગતમાં બેસી જવાની ફિરાકમાં છે કેમ કે ઉત્તર પ્રદેશનું ચાર રાજ્યોમાં વિભાજન કરવાનું તિકડમ મૂળ માયાવતીના ભેજાની પેદાશ છે. ઉત્તર પ્રદેશનું ચાર રાજ્યોમાં વિભાજન કરવાને માયાવતીએ ૨૦૧૨ની વિધાનસભા ચૂંટણીમાં મુખ્ય મુદ્દો બનાવ્યો હતો પણ માયાવતીને આ મુદ્દો ફળેલો નહીં.

માયાવતીએ ૨૦૧૧માં યુપીને ચાર નાનાં રાજ્યો પૂર્વાંચલ, બુંદેલખંડ, અવધ પ્રદેશ અને પશ્ચિમ પ્રદેશમાં વિભાજિત કરવાનો ઠરાવ વિધાનસભામાં પસાર પણ કરાવી દીધેલો પણ કેન્દ્રમાં કૉંગ્રેસની સરકાર હતી તેથી આ ઠરાવને સ્વીકારાયો નહોતો. માયાવતી આ મુદ્દાને લોકોની વચ્ચે લઈ ગયેલાં. એ વખતે મુલાયમસિંહ યાદવ જીવતા હતા ને તેમણે યુપીના વિભાજનનો ઉગ્ર વિરોધ કરેલો. ભાજપ ભૂતકાળમાં યુપીના વિભાજનની વાત કરી ચૂકેલો પણ માયાવતીની વાતને ટેકો આપવા જતાં માયાવતીને ફાયદો થાય એ ડરે ચૂપ રહેલો.

વિધાનસભા ચૂંટણીમાં યુપીના વિભાજનથી શું ફાયદા થાય તેની વાત માયાવતીએ ઉગ્રતાથી રજૂ કરેલી પણ લોકોએ આ મુદ્દાને સમર્થન ના આપ્યું. માયાવતી હારી ગયાં ને વિભાજનના વિરોધી અખિલેશ-મુલાયમ સિંહ યાદવ સત્તામાં આવ્યા તેથી આખી વાત ભૂલાઈ ગયેલી. હવે રાજભરે પાછો પલિતો ચાંપ્યો છે તેથી વિધાનસભાની ચૂંટણીમાં આ મુદ્દો પાછો ગાજશે. રાજભર ભાજપના સાથી છે તેથી ભાજપે આ મામલે વલણ પણ સ્પષ્ટ કરવું પડશે એટલે આ મુદ્દે બબાલનાં ઘર તો છે જ.

અત્યારના રાજકારણમાં માયાવતી ઉત્તર પ્રદેશનું ચાર રાજ્યોમાં વિભાજન કરવાનાં સૌથી પ્રખર હિમાયતી છે તેથી આ વિચાર તેમના ભેજાની પેદાશ ગણી શકાય પણ મૂળ યુપીના વિભાજનનો વિચાર ડો. બાબાસાહેબ આંબેડકરનો છે. ફરક એટલો છે કે, બાબાસાહેબે યુપીનું ત્રણ રાજ્યોમાં વિભાજન કરવાની વાત કરેલી જ્યારે માયાવતી ચાર રાજ્યોની વાત કરી રહ્યાં છે. બાબાસાહેબે ૧૯૫૫માં પ્રસિદ્ધ થયેલા તેમના પુસ્તક 'થોટ્સ ઓન લિંગ્વિસ્ટિક સ્ટેટ્સ'માં ઉત્તર પ્રદેશને પશ્ચિમ ક્ષેત્ર, પૂર્વ ક્ષેત્ર અને મધ્ય ક્ષેત્ર એમ ત્રણ રાજ્યોમાં વિભાજિત કરવાની તરફેણ કરી છે. પશ્ચિમ ક્ષેત્રની રાજધાની મેરઠ, પૂર્વ ક્ષેત્રની રાજધાની અલ્હાબાદ અને મધ્ય ક્ષેત્રની રાજધાની કાનપુર રાખવી જોઈએ એવું તેમનું સૂચન હતું.

માયાવતીએ ૨૦૧૧માં યુપીનું ચાર રાજ્યોમાં વિભાજનનો ઠરાવ પસાર કરાવ્યો ત્યારે નામ અલગ રાખેલાં પણ વિસ્તારો બાબાસાહેબે સૂચવ્યા પ્રમાણેના જ હતા. માયાવતીના ઠરાવમાં પૂર્વ યુપીના ૩૨ જિલ્લાનું અલગ રાજ્ય પૂર્વાંચલ બનાવવાની વાત હતી અને તેની રાજધાની ગોરખપુર રાખવાનું સૂચન હતું. વારાણસી પણ પૂર્વાંચલમાં રાખવાની વાત હતી. હાલની રાજધાની લખનઊ સહિતના વિસ્તારોનો 'અવધ પ્રદેશ' જ્યારે મેરઠ અને ગાઝિયાબાદ સહિતના ૨૨થી ૨૭ જિલ્લાઓનો 'પશ્ચિમ પ્રદેશ' અથવા 'હરિત પ્રદેશ' બનાવવાનું સૂચન હતું.

મધ્ય પ્રદેશ સરહદે આવેલા બુંદેલખંડમાં યુપીના સાત જિલ્લાનો સમાવેશ કરીને ઝાંસીને રાજધાની રાખવાની યોજના રજૂ કરેલી. ઝાંસી, લલિતપુર, જાલૌન, બાંદા, ચિત્રકૂટ, હમીરપુર અને મહોબા એમ યુપીના સાત જિલ્લા ઉપરાંત મધ્ય પ્રદેશના સાગર, પન્ના, દમોહ, છતરપુર, ટીકમગઢ, દતિયા અને નિવારી મળીને ૧૪ જિલ્લાનો આખો પ્રદેશ બુંદેલખંડ કહેવાય છે. મધ્ય પ્રદેશનું પણ વિભાજન કરવાની વાત હતી તેથી કૉંગ્રેસ અને ભાજપ ખચકાઈ ગયેલાં પણ માયાવતી આખા બુંદેલખંડનું રાજ્ય બનાવવા માગતાં હતાં. રાજભરે ક્યા ચાર રાજ્યો બનવાં જોઈએ તેની વાત કરી નથી પણ ભાષા અને લોકજીવનના આધારે યુપીનું આ ચાર રાજ્યોમાં જ વિભાજન થઈ શકે તેમ છે તેથી રાજભર પણ માયાવતીવાળી રેકર્ડ જ વગાડી રહ્યા છે એ સ્પષ્ટ છે.

માયાવતીની માગણીને જનસમર્થન ના મળતાં આ મુદ્દો ભલે ભૂલાઈ ગયો પણ વહીવટી અને લોકકલ્યાણની દૃષ્ટિએ યુપીનાં ચાર રાજ્યોમાં વિભાજન જરૂરી છે. યુપી અત્યારે ૨૫ કરોડની વસતી સાથે દેશનું સૌથી વધારે વસતી ધરાવતું રાજ્ય છે. ૮૦ જિલ્લાના કારણે વહીવટી રીતે પણ યુપી દેશમાં સૌથી મોટું રાજ્ય છે પણ તેનો વહીવટ રામભરોસે જ ચાલે છે કેમ કે લખનઊમાં બેઠેલી સરકાર આખા રાજ્ય પર નજર રાખી શકે તેમ જ નથી. લખનઊમાં બેઠેલા સત્તાધીશોને સહારનપુર કે મેરઠમાં શું ચાલે છે તેની ખબર જ પડતી નથી. દૂરના વિસ્તારોમાં વિકાસનાં કામો બરાબર ચાલે છે કે નહીં, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સારી છે કે નહીં એ જાણવા માટે સરકારી અધિકારીઓ અથવા બિનસત્તાવાર રીતે નિમેલા સૂબાઓની વાતો પર જ નિર્ભર રહેવું પડે.

લોકો માટે પણ આ સ્થિતિ ફાયદાકારક નથી કેમ કે રાજધાની સુધી ધક્કા ખાવામાં લોકો લાંબા થઈ જાય. આ કારણોસર ભરપૂર પાણી અને કુદરતી સંપદા હોવા છતાં યુપી પછાત રહી ગયું. નાનાં રાજ્યોમાં વિભાજન થાય તો વિસ્તાર ઓછો હોવાના કારણે રાજધાનીમાં બેઠાં બેઠાં બધે નજર રાખી શકાય ને આખા પ્રદેશનો વિકાસ થઈ શકે. ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

દક્ષિણાયન – સૌર શરદઋતુ,
મંગળવાર, તા. ૨૨-૯-૨૦૨૬, પરિવર્તિની એકાદશી, ભદ્રા

- ભારતીય દિનાંક ૩૧, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, ભાદ્રપદ સુદ-૧૧
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ભાદ્રપદ, તિથિ સુદ-૧૧
- પારસી શહેનશાહી રોજ ૯મો આદર, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૬
- પારસી કદમી રોજ ૯મો આદર, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧૦મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮
- મીસરી રોજ ૧૧મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮
- નક્ષત્ર ઉત્તરાષાઢા સવારે ક. ૦૭-૦૬ સુધી, પછી શ્રવણ
- ચંદ્ર મકરમાં ● ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૮, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૯, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૪, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૫, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ●દ્ગ
- ભરતી : સવારે ક. ૦૯-૩૫, રાત્રે ક. ૨૧-૨૭
- ઓટઃ બપોરે ક. ૧૫-૫૬, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૨૭ (તા. ૨૩)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, ભાદ્રપદ શુક્લ – એકાદશી. પરિવર્તિની એકાદશી (કમળકાકડી), ભદ્રા સવારે ક. ૦૮-૫૫ થી રાત્રે ક. ૨૧-૪૩. ● શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ એકાદશી વ્રત ઉપવાસ, શ્રી ગણેશ, શ્રી સત્યનારાયણ, વિષ્ણુ-લક્ષ્મી દેવતાનું પૂજન, સત્યનારાયણ કથા વાંચન, વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ સહિત, તુલસીપૂજા, આંકડાના ગણપતિનું પૂજન, ચંદ્ર-મંગળ ગ્રહદેવતાનું પૂજન, પરદેશગમનનું પસ્તાનું, પરગામ પ્રયાણ મધ્યમ, હજામત, માલ લેવો, પાટ-અભિષેક પૂજા, વૃક્ષ વાવવા, બગીચો બનાવવો, શ્રી વિષ્ણુ, રામમંદિરમાં ધજા-પતાકા ચઢાવવી, આભૂષણ, વસ્રો, સીમંત સંસ્કાર, ખેતીવાડીના કામકાજ, હનુમાન ચાલીસા, સુંદરકાંડ પાઠ વાંચન.

શ્રી ગણેશ મહિમાઃ ગણપતિ આપણને વાસ્તવદર્શી દૃષ્ટિ કેળવવાનો અને અન્યના સદ્ગુણોનું ગ્રહણ કરવાનો પણ બોધ આપે છે તથા કાર્યક્ષમતા સતત વધારતા રહેવી, દરેકનું નાનાથી લઈને મોટાની કાર્યક્ષમતાનો આદર કરવો ઈત્યાદિ ગણેશ પૂજા દ્વારા પ્રેરણા મળે છે. ગણેશજીના મસ્તક સ્થિત જુદા જુદા અવયવો દ્વારા અનેક પ્રેરણાઓ પ્રાપ્ત થાય છે. નિંદામુક્ત, ઈર્ષ્યામુક્ત, દૈનિક જીવન જીવવાનો બોધ શ્રી ગણપતિ આપે છે.

- આચમનઃચંદ્ર-હર્ષલ ત્રિકોણ સાહસિક સ્વભાવ, ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ વ્યવહારુંપણાનો અભાવ.

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ ત્રિકોણ, ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ. વિષુવદ્દિન દક્ષિણ ગોળાર્ધ શરૂ.

- ગ્રહગોચરઃ સૂર્ય- કન્યા, મંગળ-કર્ક માર્ગી બુધ-કન્યા માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-તુલા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# રખડતાં ઢોર માટે શેલ્ટરનો આદેશની સમીક્ષા માટે સુપ્રીમ કોર્ટ બેન્ચ રચશે

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે સોમવારે દેશભરમાં રખડતા ઢોર માટે આશ્રયઘર બનાવવાના આદેશને પડકારતી નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઇન્ડિયા(એનએચએઆઇ)ની અરજીની સુનાવણી માટે ત્રણ જજોની વિશેષ ખંડપીઠનું ગઠન કરવાની સંમતિ આપી છે. એનએચએઆઇનું કામ હાઇવેની જાળવણી કરવાનું છે પણ તેને રખડતા ઢોર માટે આશ્રયસ્થાનો બનાવવાનું કામ સોંપી દેવાયું હતું. એનએચએઆઇ વતી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી અને વી. મોહનાની ખંડપીઠને જણાવ્યું કે અમારું કહેવું છે કે આ કામ સ્થાનિક જિલ્લા કક્ષાના વહીવટીતંત્રએ કરવું જોઇએ. અમે આ દેશભરમાં કરી શકીએ નહીં.

નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઇન્ડિયાએ તેની અરજીમાં જણાવ્યું કે રખડતાં ઢોરને હટાવવાની, પકડવાની અને તેમના માટે શેલ્ટર બનાવવાની કાનૂની જવાબદારી રાજ્યના અધિકારીઓ અને સ્થાનિક સંસ્થાઓની છે. સોલિસિટર જનરલે વધુમાં કહ્યું કે શેલ્ટર હોમના નિર્માણમાં આશરે ૭૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ આવશે. તેમણે સીજેઆઇને ૧૯ મેના રોજ આ આદેશ આપનાર બેન્ચને ફરી બોલાવવા વિનંતી કરી હતી. સીજેઆઇ આ કેસને વિશેષ ખંડપીઠ સમક્ષ મૂકવા સંમત થયા હતા.

ન્યાયાધીશ વિક્રમ નાથ, સંદીપ મહેતા અને એન. વી. અંજારિયાની ખંડપીઠે ઓથોરિટીને આશ્રય સ્થાનો બનાવવાનો આદેશ આપ્યો હતો. આ આદેશમાં માનવ જિંદગીને જોખમોથી બચાવવા માટે હડકવાગ્રસ્ત, અસાધ્ય રોગોથી પીડાતા, ખતરનાક અને આક્રમક શ્વાનોને ઇચ્છામૃત્યુ(યુથેનેશિયા) આપવાની મંજૂરી આપવામાં આવી હતી. ■

## પહેલા પાનાનું ચાલુ

### આઇઆઇટી

માગણી કરી હતી. સાહિલના સુસાઇડ સુધીના ઘટનાક્રમને તપાસ પૂરી થયા પહેલાં જાહેર કરવા બદલ આઇઆઇટી-બૉમ્બેએ જાહેરમાં માફી પણ કરી હતી.

જાતિ ભેદભાવના આધારે આત્મહત્યા માટે ઉશ્કેરવાનો આરોપ કરતા આ કેસમાં એફઆઈઆરમાં દુલ્લાનું નામ નોંધાયું છે. તેમના પર અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ અને આત્મહત્યા માટે ઉશ્કેરણીના આરોપ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓ અને કૉંગ્રેસના કાર્યકરોના વિરોધ બાદ કેમ્પસમાં અને તેની આસપાસ સુરક્ષા વધારી દેવામાં આવી હતી. ■

### સાહિલ સુસાઇડ

કરવામાં આવી રહી છે. રવીન્દ્ર વાકોડેએ જણાવ્યું હતું કે મજબૂત મનોબળ ધરાવતો તેમનો પુત્ર આત્મહત્યા કરે તેવો નહોતો. આઇઆઇટી-બોમ્બે વહીવટીતંત્રે મારા પુત્ર પર ત્રાસ ગુજાર્યો અને જાતિના આધારે તેની સાથે ભેદભાવ કર્યો હતો. ■

### શું થયું હતું?

અને તેને શૈક્ષણિક સસ્પેન્શનની મળી હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. સંસ્થાએ જણાવ્યું હતું કે સાહિલે પરીક્ષા દરમિયાન જવાબો મેળવવા માટે કથિત રીતે પરીક્ષાનું પ્રશ્નપત્ર ચેટજીપીટી પર અપલોડ કર્યું હતું. જોકે, તેની સામે કોઈ શિસ્તભંગની કાર્યવાહી શરૂ કરવામાં આવી ન હતી. ■

### મુખ્ય ક્રેમલિન

મથકોનાં પરિણામોએ ક્રેમલિનની યુનાઇટેડ રશિયા પાર્ટીને પક્ષો દ્વારા ફાળવવામાં આવેલી ૨૨૫ બેઠકો માટે ૫૮ ટકાથી વધુ મત આપ્યા હતા. સિંગલ-બેલેટ રેસમાં અન્ય ૨૨૫ ધારાસભ્યની પસંદગી કરવામાં આવી હતી, અને પરિણામો દર્શાવે છે કે યુનાઇટેડ રશિયાના ઉમેદવારો તેમાંથી ૨૦૮માં આગળ છે. સેન્ટ્રલ ઇલેક્શન કમિશનના અધ્યક્ષ એલા પેમ્ફિલોવાએ જણાવ્યું હતું કે પ્રારંભિક પરિણામો દર્શાવે છે કે યુનાઇટેડ રશિયાને ૪૫૦માંથી ૩૫૫ બેઠક મળશે.

પ્રમુખ વ્લાદિમીર પુતિને ૨૦૨૨માં યુક્રેન પર સંપૂર્ણ પાયે આક્રમણ શરૂ કર્યા પછી આ પહેલી સંસદીય ચૂંટણી હતી, અને તે વર્ષના અંતમાં મોસ્કો દ્વારા કબજે કરાયેલા અને ગેરકાયદે રીતે જોડાયેલા દેશના ચાર પ્રદેશના રહેવાસીઓનો સમાવેશ કરતી આ પહેલી ચૂંટણી હતી.

ક્રીમિયામાં પણ મતદાન યોજાયું હતું, જેને ૨૦૧૪માં રશિયા દ્વારા ગેરકાયદે રીતે જોડવામાં આવ્યું હતું.

કીવએ તે પ્રદેશોમાં મતદાનને ગેરકાયદેસર ગણાવ્યું હતું. ક્રેમલિને ચૂંટણી પહેલા વિપક્ષ પર કડક કાર્યવાહી કરી હતી, જેમાં રશિયાના એકમાત્ર ઉદારવાદી, યુદ્ધ વિરોધી પક્ષને મતદાનમાંથી બાકાત રાખવાનો અને તેને ફક્ત એક જ મતદાન સ્પર્ધામાં ભાગ લેવાની મંજૂરી આપવાનો સમાવેશ થાય છે. ■

### ભારત-કૅનેડા

મનિન્દર સિદ્ધુ ગયા અઠવાડિયે ગોયલ સાથે વાતચીત કરવા માટે મુંબઈ આવ્યા હતા.

કૅનેડામાં ભારતની મુખ્ય નિકાસમાં ફાર્માસ્યુટિકલ્સ (દવાઓ), લોખંડ અને સ્ટીલ, સીફૂડ (દરિયાઈ ખાદ્યપદાર્થો), સુતરાઉ વસ્રો, ઈલેક્ટ્રોનિક સામાન અને રસાયણોનો સમાવેશ થાય છે. કૅનેડાથી થતી મુખ્ય આયાતમાં કઠોળ, મોતી અને અર્ધ-કિંમતી રત્નો, કોલસો, ખાતર, કાગળ અને ક્રૂડ પેટ્રોલિયમનો સમાવેશ થાય છે.

ગોયલે સોમવારે જણાવ્યું હતું કે ભારત-ન્યૂ ઝીલૅન્ડ મુક્ત વેપાર કરાર ૨૦મી ઓક્ટોબરથી અમલમાં આવશે. આ પગલું બંને દેશ વચ્ચે દ્વિપક્ષી વેપાર અને રોકાણને વેગ આપવામાં મદદ કરશે.

તેમણે અહીં પત્રકારોને જણાવ્યું હતું કે, ૨૭ એપ્રિલે હસ્તાક્ષર કરાયેલ આ કરાર, કરારના અમલીકરણની શરૂઆતથી જ ન્યુઝીલેન્ડમાં ભારતની ૧૦૦ ટકા નિકાસ માટે ડ્યુટી-ફ્રી (કર-મુક્ત) પ્રવેશની સુવિધા પૂરી પાડે છે. તેમણે કહ્યું હતું કે આ કરાર આગામી ૧૫ વર્ષોમાં ન્યૂ ઝીલેન્ડથી ભારતમાં ૨૦ અબજ યુએસ ડોલરના નોંધપાત્ર રોકાણને પણ સરળ બનાવે છે. ■

### અમે દુલ્લાની પડખેઃ

ફોરમને જાણકારી મળી છે કે ૧૮ સપ્ટેમ્બરના રોજ બનેલી દુર્ભાગ્યપૂર્ણ ઘટનાની સ્વતંત્ર, નિષ્પક્ષ તપાસ શક્ય બને તે માટે તેમને સંસ્થાના ડીન (વહીવટી બાબતો) તરીકેની તેમની ફરજોમાંથી કામચલાઉ મુક્ત કરવામાં આવ્યા છે. ■

### જિનપિંગ

માટેના સકારાત્મક સંબંધો સુધારશે, સંવાદ અને સહકાર વધારશે અને મતભેદોને યોગ્ય રીતે હાથ ધરશે. ચીન અને અમેરિકા બન્ને દેશના લોકોને વધારે લાભ થાય અને વિશ્વ શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિમાં વધુ યોગદાન આપવાનો પ્રયાસ કરશે.

ચીનના એક દૈનિકના જણાવ્યા પ્રમાણે ટ્રમ્પ ઔપચારિકતા બાજુ પર રાખીને જોઈન્ટ બેઝ એન્ડ્રુઝમાં શીનું સ્વાગત કરશે.

દેશના બે વડાની વાતચીતમાં ટૅરિફથી લઈને એઆઈ ટેક્નોલોજીના મુદ્દાઓ, પશ્ચિમ એશિયાની લડાઈ, રશિયા યુક્રેન યુદ્ધ, અંતરિક્ષમાં હથિયારોની દોડ અને અમેરિકા દ્વારા તાઈવાનને હથિયારોનું વેચાણ વગેરે બાબતો પર ગહન ચર્ચા થશે. ચીનના પ્રમુખની મુલાકાત પહેલાં ચીનના ઉપપ્રમુખ હે લિફેન્ગે અમેરિકાના મહેસૂલ પ્રધાન સ્કોટ બેસેન્ટ અને અમેરિકાના વેપાર પ્રતિનિધિ જેમીસન ગ્રીરની જોડે સ્પષ્ટ, વિગતવાર અને સકારાત્મક વાતચીત કરી હતી. આ બન્ને વચ્ચે એઆઈ સહિત આર્થિક અને વેપાર બાબતો અંગે પણ વાતચીત થઈ હતી. બેસેન્ટે કહ્યું હતું કે અમેરિકાએ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના બનાવો માટે જાહેરનામા આપવાની નવી યંત્રણા સૂચવી છે. (એજન્સી) ■

### સોનિયાનું

આધારિત તથ્યાત્મક રજૂઆત ગણીને ફગાવી દેવામાં આવી હતી. કોર્ટે અવલોકન કર્યું હતું કે આ આદેશ રદ કરવાને પાત્ર હતો. સેશન્સ કોર્ટે નાગરિકતા સંબંધિત મુદ્દાઓ પર અધિકારક્ષેત્ર અંગે મેજિસ્ટ્રેટ કોર્ટની ટિપ્પણીઓને અયોગ્ય ગણાવી હતી. સેશન્સ કોર્ટે નોંધ્યું હતું કે વિવાદાસ્પદ આદેશમાં એ અંગે સ્પષ્ટ કારણો આપવામાં આવ્યા ન હતા કે શું કોઈ 'કોગ્નિઝેબલ' ગુનો બન્યો છે કે નહીં. કોર્ટે ટિપ્પણી કરી હતી કે નાગરિકતાના સંદર્ભમાં કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચ વિશે કરવામાં આવેલી અવલોકનો અયોગ્ય હતા. આ મામલાને નવી સુનાવણી માટે પાછો મોકલવામાં આવ્યો છે અને તેની સુનાવણી ૨૯ સપ્ટેમ્બર માટે સૂચિબદ્ધ કરવામાં આવી છે. ■

### માનસિક ત્રાસનો

તાયડેએ કહ્યું કે આઇઆઇટી-બોમ્બે દ્વારા માનસિક ત્રાસ સાહિલની આત્મહત્યાનું કારણ હોઇ શકે છે. અગાઉ એક ન્યૂઝ ચેનલ સાથે વાત કરતાં વાકોડેના પિતા રવીન્દ્રએ દાવો કર્યો હતો કે તેમનો એકનો એક પુત્ર એક પ્રોફેસર અને વહીવટીતંત્ર દ્વારા સતત જાતિ આધારિત મજાક અને સતામણીનો ભોગ બન્યો છે. ■

### ટી-૭૨

કામગીરી માટેની સજ્જતા અને વિશ્વસનીયતાને વેગ આપશે અને વધુ દૃઢ કરશે, એમ બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૪૭માં વિકસિત ભારત અને દેશને આત્મનિર્ભર બનાવવાના સરકારના અભિયાન સાથે આ કરાર સંકળાયેલો છે. (એજન્સી) ■

### ઈન્ફ્રા ક્ષેત્રનો

કુદરતી ગૅસ, ક્રૂડ ઑઇલ અને ખાતરના ઉત્પાદનમાં અનુક્રમે ૩.૮ ટકા, ૪.૯ ટકા, ૩.૬ ટકા અને ૧૨.૪ ટકાનો ઘટાડો થયો હતો. સમીક્ષા હેઠળના મહિનામાં રિફાઈનરી ઉત્પાદનો, સ્ટીલ અને આયર્ન ઓરના ઉત્પાદનનો વૃદ્ધિ દર ઘટીને અનુક્રમે ૨.૬ ટકા, ૩.૪ ટકા અને ૫.૫ ટકા રહ્યો હતો, જે અગાઉના વર્ષના સમાન સમયગાળામાં અનુક્રમે ૩.૪ ટકા, ૧૫.૩ ટકા અને ૭.૯ ટકા હતો. જોકે, આ વર્ષે ઑગસ્ટમાં સિમેન્ટ અને વીજળીના ઉત્પાદનમાં અનુક્રમે ૧૨.૫ ટકા અને ૧૧.૬ ટકાનો વધારો થયો હતો. એપ્રિલ-ઑગસ્ટ દરમિયાન, વૃદ્ધિની ગતિ ૪.૩ ટકા રહી હતી, જે અગાઉના વર્ષના સમાન સમયગાળાના ૨.૪ ટકાની સરખામણીમાં વધુ હતી. ■

### કૅનેડામાં

વિદ્યાર્થીઓ-મનોજ શિવકુમાર અને શ્રીસરન તિરુજ્ઞાનસંબંધમના મોત અંગે ઊંડી સંવેદના વ્યક્ત કરે છે. પોસ્ટમાં આગળ જણાવાયું છે કે આ કપરા સમયમાં અમારી ઊંડી સંવેદનાઓ શોકગ્રસ્ત પરિવારો અને પ્રિયજનો સાથે છે. કોન્સ્યુલેટ તેમના પાર્થિવ દેહોને ભારત પરત મોકલવા બાબતે પરિવારોને શક્ય તમામ કોન્સ્યુલર સહાય આપવા માટે તૈયાર છે. ■

### અફઘાનિસ્તાનમાં

ગઇ છે. તેમજ ચીન સહિત પ્રાદેશિક દેશો દ્વારા પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે મધ્યસ્થી કરવાના પ્રયાસો વધુ મુશ્કેલ બનવાનો ભય પેદા થયો છે.

પાકિસ્તાની સુરક્ષા અધિકારીઓના જણાવ્યા અનુસાર સોમવારે થયેલા હવાઇ હુમલામાં ૨૮ શકમંદ આતંકવાદીઓ માર્યા ગયા હતા. જો કે અફઘાન સરકારે આ હુમલામાં ત્રણ નાગરિકોનાં મોત અને ચાર ઘાયલ થયા હોવાનું કહ્યું હતું. જોકે બંને પક્ષોના દાવાઓની તાત્કાલિક સ્વતંત્ર રીતે પુષ્ટિ થઇ શકી નથી.

પાકિસ્તાની અધિકારીઓએ ઓળખ છુપાવવાની શરતે આ માહિતી આપી હતી. પાકિસ્તાનની સેનાએ હુમલાઓ અંગે તાત્કાલિક કોઇ નિવેદન બહાર પાડ્યું નથી. અફઘાન તાલિબાન સરકારના પ્રવક્તા ઝબીહુલ્લાહ મુજાહિદે હુમલાઓની નિંદા કરતાં આનો જડબાતોડ જવાબ આપવાની ચીમકી ઉચ્ચારી હતી. અફઘાન સરકારના નાયબ પ્રવક્તા હમદુલ્લાહ ફિતરતે જણાવ્યું કે હુમલા કુનાર પ્રાંતના નુરગલ જિલ્લા અને પક્તિકા પ્રાંતના બરમલ જિલ્લામાં મધરાતે ત્રણ વાગ્યાની આસપાસ થયા હતા. આ ઘટના અફઘાન સરહદ નજીક ઉત્તર-પશ્ચિમ ખૈબર પખ્તૂનખ્વા પ્રાંતના હાંગુ જિલ્લામાં આતંકવાદીઓ સાથેની અથડામણમાં પાકિસ્તાનના છ સુરક્ષા કર્મચારીઓ માર્યા ગયાના એક દિવસ પછી ઘટી છે.

અગાઉ શુક્રવારે પાકિસ્તાનના કોહાટ શહેરમાં એક આત્મઘાતી હુમલો થયો હતો. આત્મઘાતી બોમ્બરે પોલીસ કમ્પાઉન્ડની અંદર એક મસ્જિદને નિશાન બનાવી હતી. જેમાં ૨૧નાં મોત થયા હતા, જેમાં મોટા ભાગના પોલીસ અધિકારીઓ હતા. જ્યારે ૧૦૦થી વધુ ઘાયલ થયા હતા. તાજેતરના વર્ષોમાં પાકિસ્તાનની પોલીસ અને સુરક્ષા દળોને નિશાન બનાવતા આતંકવાદી હુમલાઓમાં વધારો થયો છે. આ તણાવ મહિનાઓથી ચાલી રહેલી લશ્કરી કાર્યવાહી બાદ વધ્યો છે. ■

### આર્ય સમાજનું

ચુકાદાને પડકારતી પાન્ડેની અરજીની કોર્ટ સુનાવણી કરી રહી હતી.

વર્ષ ૨૦૦૭માં તેણે આર્ય સમાજ મંદિરમાં પાન્ડે સાથે લગ્ન કરી લીધા હોવાનો દાવો કરતી સૂચેતા તિવારીએ દાખલ કરેલી અરજીને પગલે પાન્ડે વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી હતી.

એસએસબીએ કથિત લગ્નને માન્ય ગણ્યા હતા અને પાન્ડેએ પોતે હોવાની કરેલી જાહેરાત બનાવટી હોવાના નિષ્કર્ષ પર પહોંચ્યું હતું. (એજન્સી) ■

## પ્રજામત

### ગણેશજીને પ્રાર્થના

વિશ્વભરમાં પ્રવર્તતા કલુષિત અને યુદ્ધના ઘેરા વાતાવરણમાં સર્વેના અતિ પ્યારા શ્રી ગણપતિ બાપ્પાની પધરામણી થઈ છે ત્યારે શુદ્ધ અને નિર્મળ હૃદયથી તેમને પ્રાર્થના કરીએ કે હે શ્રીગણેશ દેવતા, આજના નિરાશાજનક જગતમાં તમો સમગ્ર માનવજાતનાં દુખ ઓછાં કરી, તકલીફો ગાયબ કરી, શાંતિ, સમૃદ્ધિ, સમાનતા, સુમેળતા, સહકારી ભાવના સાથે સુખ પ્રાપ્ત કરવાની દિશા દેખાડજો. નાનાં-મોટાં તથા જૂનાં-નવાં યુદ્ધો બંધ કરીને વિશ્વને પ્રગતિ તરફ આગળ વધારજો. અમારી ભૂલોને ક્ષમા કરીને અમારી પ્રાર્થનાને સ્વીકારજો.

**-સુરસિંહ જમનાદાસ ચાડ**
મુંબઈ

### વિશ્વકલ્યાણની ભાવના

જૈન ધર્મમાં વિશ્વકલ્યાણની ભાવના સમાયેલી છે. વિશ્વના સર્વ જીવોના કલ્યાણ માટે જૈનોમાં દરેકદરેક અનુષ્ઠાન પછી ૧૨ નવકાર મંત્ર આવશ્યક ગણાય છે. જૈન ધર્મની આવશ્યક ક્રિયામાં પ્રતિક્રમણ અતિ મહત્ત્વનું છે. પ્રતિક્રમણ એ દોષ શુદ્ધિ અને ગુણ પુષ્ટિની ક્રિયા છે. આ પર્વ દરમ્યાન વિશેષ પૂજાપાઠ, વ્રત, જપ, તપ અને અનુષ્ઠાનો થાય છે જેથી પાપ કર્મોના નિર્જરા થાય અને પુણ્ય કર્મનો ઉદય થાય. મનુષ્ય અને કુદરત પરસ્પરની અસર હેઠળ આવે ત્યારે ઘણીવાર નિયમોથી દૂર હટીને વર્તન થાય ત્યારે અન્યને નુકસાન થાય છે. એવા વખતે ક્ષમાયાચના કરવી આવશ્યક છે. કોઈ પણ જાતના ભેદભાવ વગર મન, વચન, કાયાથી કોઈને પણ દુખ પહોંચ્યું હોય તો મિચ્છામિ દુક્કડમ કહેવું જરૂરી છે. મનુષ્યમાં અનેક પ્રકારની ભિન્નતા અને વિરોધાભાસ વચ્ચે પણ ધાર્મિક એકરૂપતા લોકોને એકસૂત્રે બાંધી શકે છે.

**-પ્રો. બિંદુ મહેતા**
ઘાટકોપર-વેસ્ટ

### પ્રજામત વિભાગ રોજ છાપો

કોઈ પણ પક્ષની સરકાર હોય, પણ જ્યારે સરકારી ખર્ચમાં કાપ મૂકવો હોય તો સૌપ્રથમ શિક્ષણ અને સ્વાસ્થ્ય વિભાગમાં કાતર ફેરવે છે. એવી જ રીતે ગમે તે વર્તમાન પત્ર હોય, પણ તેને કશાક માટે જગ્યા જોઈતી હોય તો સર્વ પ્રથમ પ્રજામત જેવા વિભાગ પર કાતર ચલાવે છે. મુંબઈ સમાચારે ૨૦૫ વર્ષ પૂરાં કર્યાં એની પાછળ વાચકોની નિષ્ઠા અને વિશ્વાસે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. આજે એ જ વાચકો અને ચાહકોની એ અવગણના કરે છે એ યોગ્ય નથી. પ્રજામત વિભાગ રોજ (રવિવારે પણ) આવવો જોઈએ. એક્સ્ટ્રા અફેર વિભાગમાં ત્રણ કૉલમને બદલે બે જ કૉલમનું લખાણ આપો. ત્રીજી કૉલમની જગ્યા નિયમિત પ્રજામત વિભાગ માટે રાખો અને એમાં બે કે ત્રણ વાચકોના પત્રો સહેલાઈથી છાપી શકાય. વાચકો સાથે મુંબઈ સમાચારે સેતુ બાંધવો જરૂરી છે.

**-સુરસિંહ જમનાદાસ ચાડ**
મુંબઈ

### પત્ર મિત્રોને ખાસ સૂચના

પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઇ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ-મેઇલ આઈડી પર પણ મોકલી શકો છો.

E-mail: prajamat@bombaysamachar.com

ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ-મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં.

– તંત્રી

# આજે ગુજરાતમાં પહેલીવાર યોજાશે રાષ્ટ્રીય ફિલ્મ અવોર્ડ સેરેમની: રાષ્ટ્રપતિ મુર્મૂ આપશે હાજરી, સિતારાઓનો લાગશે મેળાવડો




(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સોમવારથી ત્રણ દિવસ માટે ગુજરાતની મુલાકાતે આવ્યા છે. આ દરમિયાન તેઓ એકતા નગરમાં ૭૨મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહ અને વડોદરામાં મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાના વાર્ષિક દીક્ષાંત સમારોહમાં હાજરી આપશે.

૨૨ સપ્ટેમ્બરના રોજ, તે કેવડિયાના એકતા નગર ખાતે ૭૨મા રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ સેરેમોનીમાં હાજરી આપશે. સેરેમોનીમાં મુખ્ય પ્રધાન ભુપેન્દ્ર પટેલ સહિતના મહાનુભાવો પણ હાજર રહેશે. ૨૩ સપ્ટેમ્બરના રોજ, રાષ્ટ્રપતિ વડોદરામાં મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાના ૭૫મા વાર્ષિક દીક્ષાંત સમારોહમાં હાજરી આપશે. આ ઉપરાંત તેઓ અન્ય કાર્યક્રમોમાં પણ ભાગ લેવાના છે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

એવોર્ડ સેરેમોની માટે સ્ટેટ્યુ ઓફ યુનિટી ખાતે મહેમાનો માટે એસી જર્મન ડોમ તૈયાર કરાયો છે, જેમાં ૧૦૦૦ લોકો બેસી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત મહેમાનો ગુજરાતી વાનગીઓ પીરસવામાં આવશે, તેવી માહિતી પણ મળી છે, જેમાં ઉંધિયું, ઢોકળા, પાતરા, કઢી-ખિચડી વગેરેનો સહિત અન્ય વ્યંજનોનો સમાવેશ થાય છે. આ એવોર્ડ માટે સાઉથ અને હિન્દી ફિલ્મજગત સહિત ગુજરાતી ફિલ્મોના સિતારાઓ કેવડીયા ખાતે આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે હંમેશાં દિલ્હીમાં યોજાયો આ સમારંભ પ્રથમવાર અન્ય રાજ્યમાં યોજાઈ રહ્યો છે અને તે ગુજરાત રાજ્ય છે. આજે યોજાનારા સમારંભની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. ભારતના રાષ્ટ્રપતિ વર્ષ ૨૦૨૪ માટે ભારતીય સિનેમામાં ઉત્કૃષ્ટ સિદ્ધિઓને બિરદાવતા આ પ્રતિષ્ઠિત પુરસ્કારો પ્રદાન કરશે, તેવી માહિતી કેન્દ્ર સરકારે આપી હતી.

૨૦૨૪ માટેનો દાદાસાહેબ ફાળકે એવોર્ડ પીઢ અભિનેતા અનંત નાગને ભારતીય સિનેમામાં તેમના ઉત્કૃષ્ટ યોગદાનની માન્યતા રૂપે પ્રદાન કરવામાં આવશે. ભારતના રાષ્ટ્રપતિ ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ ૭૨મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહમાં તેમને આ પ્રતિષ્ઠિત સન્માન એનાયત કરશે. પાંચ દાયકાથી વધુ સમયની કારકિર્દી સાથે, અનંત નાગે તેમના વિવિધ પ્રકારના કામ દ્વારા કન્નડ અને ભારતીય સિનેમામાં કાયમી યોગદાન આપ્યું છે.

ભારતીય સિનેમાના શ્રેષ્ઠ પ્રદાનની ઉજવણી ૭૨મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો દેશભરની કેટલીક શ્રેષ્ઠ ફિલ્મો, પ્રદર્શનો અને સર્જનાત્મક પ્રતિભાઓને એકસાથે લાવશે. 'આર્ટિકલ ૩૭૦' ને શ્રેષ્ઠ ફીચર ફિલ્મ તરીકે પસંદ કરવામાં આવી છે, જ્યારે 'ભંગાર' ને શ્રેષ્ઠ નોન-ફીચર ફિલ્મ તરીકે અને 'રામ-નામી' ને શ્રેષ્ઠ ડોક્યુમેન્ટરી તરીકે પસંદ કરવામાં આવી છે. અભિનય શ્રેણીઓમાં, 'બ્રહ્મયુગમ' માટે મમ્મૂટી અને 'ચંદુ ચેમ્પિયન' માટે કાર્તિક આર્યનની 'શ્રેષ્ઠ મુખ્ય અભિનેતા' તરીકે પસંદગી કરવામાં આવી છે, જ્યારે 'આર્ટિકલ ૩૭૦' માટે યામી ગૌતમને 'શ્રેષ્ઠ મુખ્ય અભિનેત્રી'નો પુરસ્કાર આપવામાં આવશે. સ્વાતંત્ર્ય વીર સાવરકર માટે રણદીપ હુડાને શ્રેષ્ઠ ડેબ્યૂ દિગ્દર્શકના પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યા છે. ગુજરાતી ફિલ્મ મારણને પણ એવોર્ડ મળશે. ■

# વરસાદ ધીમો પડ્યો, વિદાય લેવાની તૈયારીમાં?

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં જુલાઈ મહિના બાદ ફરી સપ્ટેમ્બરમાં વરસાદી માહોલ જામ્યો હતો અને ઘણા વિસ્તારોમાં નોંધપાત્ર વરસાદ વરસ્યો હતો. જોકે રવિવારથી જ વરસાદની ગતિ ધીમી પડી ગઈ હતી. સોમવારે રાજ્યના ૨૮ તાલુકામાં વરસાદ પડ્યો હતો. આણંદના બોરસદમાં ૧.૭૭ ઇંચ અને સાબરકાંઠાના વડાલીમાં ૧.૨૨ ઇંચ વરસાદ વરસ્યો હતો.

જોકે હવામાન ખાતાનું માનીએ તો ગુજરાતના ઘણા ભાગોમાંથી વરસાદ હવે વિદાય લેવાની તૈયારીમાં છે.

ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી બે થી ત્રણ દિવસમાં ગુજરાતના કેટલાક ભાગોમાંથી, ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છમાંથી દક્ષિણ-પશ્ચિમ ચોમાસુ વિદાય લેવાનું શરૂ કરે તેવી શક્યતા છે. હવામાન વિભાગે ૨૦ સપ્ટેમ્બરના રોજ જારી કરેલી રાજ્ય આગાહીમાં જણાવ્યું હતું કે આગામી ૨-૩ દિવસમાં રાજસ્થાન, પંજાબ, સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક વધુ ભાગોમાંથી દક્ષિણ પશ્ચિમ ચોમાસાની વિદાયની શક્યતા છે.

વિદાય પ્રક્રિયા શરૂ થઈ ગઈ હોવા છતાં, ગુજરાતમાં આગામી થોડા દિવસોમાં છૂટાછવાયા વરસાદ પડવાની શક્યતા છે. હવામાન ખાતાએ દક્ષિણ ગુજરાતમાં અનેક સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ અથવા ગાજવીજ સાથે વરસાદની આગાહી કરી છે, જ્યારે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં છૂટાછવાયા વરસાદની આગાહી કરી છે. દરમિયાન કચ્છ જિલ્લામાં સેકન્ડ સમર એટલે કે ભાદરવા મહિનાના આકરા તાપ અને બફારાનું સામ્રાજ્ય છવાયું છે. ૩૬ ડિગ્રીને પાર પહોંચેલા મહત્તમ તાપમાન અને આકરા ઉકળાટ વચ્ચે રવિવારે સાંજ ઢળતાં જ વાતાવરણમાં નાટ્યાત્મક પલટો આવ્યો હતો. લોકલ કન્વેક્ટિવ સિસ્ટમ સક્રિય થવાને કારણે વાગડ પંથકથી માંડીને ભુજ, ગાંધીધામ, મુંદરા અને લખપત સુધી જોરદાર પવન અને વીજળીના કડાકા સાથે હળવાંથી મધ્યમ વરસાદી ઝાપટાં વરસ્યાં હતાં. ■

# ગાંધીનગરમાં ૧૧ વૉર્ડમાં દાવેદારી માટે ૧૦૦૦ ઉમેદવાર ઊમટી પડ્યા, સેન્સ પ્રક્રિયાનો ધમધમાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યના પાટનગર ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીની જાહેરાત થઈ ચૂકી છે. આમ આદમી પક્ષે પહેલી યાદ જાહેર કરી દીધી છે ત્યારે સત્તાધારી પક્ષ ભાજપમાં પણ ઉમેદવારની પસંદગી માટેની સેન્સ પ્રક્રિયાની શરૂઆત થઈ ગઈ છે. આજથી શરૂ થયેલી સેન્સ પ્રક્રિયામાં ૧૧ વૉર્ડ (૪૪ બેઠક) માટે ૧૦૦૦ કરતા પણ વધારે ઉમેદવારો ઉમટી આવ્યાની માહિતી સૂત્રો પાસેથી મળી હતી. કાર્યકર્તાઓની આ લાગણી અને અભિપ્રાયોને માન આપવા માટે સોમવાર સવારે ૧૧ વાગ્યાથી જ સેન્સ લેવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. વોર્ડ નંબર ૧થી ૧૧ના કાર્યકર્તાઓનો અભિપ્રાય મેળવવા માટે અલગ-અલગ ત્રણ ટીમોને કામે લગાડવામાં આવી છે. આ માટે પ્રદેશ ભાજપ દ્વારા પૂર્વ પ્રધાન પૂર્ણેશ મોદી, પૂર્વ ધારાભભ્ય દુષ્યંત પટેલ અને પક્ષના નેતા શબ્દશરણ બ્રહ્મભટ્ટની નિરીક્ષક તરીકે વિશેષ નિમણૂક કરવામાં આવી છે. દિવસ દરમિયાન આ સેન્સ પ્રક્રિયા પૂર્ણ કરીને પ્રદેશ નેતૃત્વને રિપોર્ટ સોંપવામાં આવશે. નિરીક્ષકો દ્વારા તૈયાર કરાયેલી યાદી પ્રદેશ પાર્લામેન્ટ્રી બોર્ડને મોકલાશે. જ્યાં આખરી મંથન બાદ મહાનગરપાલિકાના કુલ ૪૪ ઉમેદવારોની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે. ચૂંટણી પંચે ગાંધીનગર મનપાની ચૂંટણીની જાહેર કરેલી તારીખો અનુસાર ૨૧થી ૨૬ સપ્ટેમ્બર સુધી ઉમેદવારી ફોર્મ ભરાશે. ત્યારબાદ ૨૮ સપ્ટેમ્બરે ફોર્મ ચકાસણી થશે અને ૨૯ સપ્ટેમ્બર સુધી ઉમેદવારી પત્ર પરત ખેંચી શકાશે. ૧૧મી ઑક્ટોબરે મતદાન અને ૧૩મીએ મત ગણતરી કરવામાં આવશે. ■

# બેંગકોકથી અમદાવાદ આવેલા પેસેન્જર પાસેથી આઠ કિલો ગાંજો મળતા ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના ઇન્ટરનેશનલ એરપોર્ટ ઉપર વહેલી સવારે બેંગકોકથી અમદાવાદ આવેલી થાઈ એરલાઇન્સની ફ્લાઈટમાં આવેલા પેસેન્જરના બેગેજમાંથી ૮.૯૧૮ કિલોગ્રામ હાઇબ્રીડ ગાંજો મળી આવતા પેસેન્જરની એનડીપીએસ એક્ટ મુજબ ધરપકડ કરવામાં આવી હતી. મુંબઈનો રહેવાસી પેસેન્જર ઈમરાન શેખ અમદાવાદ એરપોર્ટ ઉપર આવતા એરપોર્ટ કસ્ટમના એર ઇન્ટેલિજન્સ યુનિટના અધિકારીઓને માહિતી મળી જતા તેનું લગેજ ચેક કરવામાં આવતા વેક્યુમ પેકિંગ કરેલા ૧૪ પેકેટ બેગમાં મળી આવ્યા હતા, જે કપડાની અંદર છુપાવવામાં આવ્યા હતા. જપ્ત કરવામાં આવેલા હાઈબ્રીડ ગાંજાની ઇન્ટરનેશનલ માર્કેટ વેલ્યુ રૂ. ૮ કરોડ ૯૦ લાખ હોવાની માહિતી મળી હતી. આટલી મોટી માત્રામાં ગાંજાની હેરાફેરી શરૂ થઈ જતા ફરી એકવાર કસ્ટમના અધિકારીઓ એલર્ટ થઈ ગયા છે. છેલ્લા કેટલાક સમયથી ગાંજાની હેરાફેરી ઉપર બ્રેક લાગી ગઈ હતી. કસ્ટમ અધિકારીઓએ આવા કેરિયરોની અટક કરી લેતા થોડા સમય માટે બ્રેક લાગી ગઈ હતી હવે અચાનક ગાંજાની હેરાફેરી મોટા પાયે શરૂ થવાની માહિતી મળી જતા કસ્ટમ વિભાગના અધિકારીઓ પેસેન્જર પ્રોફાઈલના આધારે નજર રાખી રહ્યા છે, એટલું જ નહીં પેસેન્જર અગાઉ પણ અમદાવાદ સિવાય બીજા કયા એરપોર્ટ ઉપર આવ્યો હતો, તેની પણ માહિતી કસ્ટમ વિભાગ પાસે હોય છે. જેના આધારે કોઈ પણ પેસેન્જર પ્રતિબંધિત વસ્તુ લઈને આવે અને એરપોર્ટ બદલી નાખે તો પણ પકડાઈ જતા હોય છે. આ સમગ્ર કેસમાં પેસેન્જરના મોબાઈલ અને મહત્વના ડેટા કસ્ટમ વિભાગે મેળવી લીધા છે અને અમદાવાદમાં અને બેંગકોક થી કોણે ગાંજો આપ્યો હતો તેની માહિતીના આધારે હવે ઇન્ટરનેશનલ ડ્રગ્સ માફિયાઓ સુધી કસ્ટમ વિભાગ પહોંચી શકશે, તેમ અધિકારીએ જણાવ્યું હતું. ઇન્ટરનેશનલ માર્કેટમાં ગાંજાની ડિમાન્ડ વધારે હોવાથી ડ્રગ્સ માફિયાઓ બેંગકોક અને થાઈલેન્ડ ફરવા માટે જતા પેસેન્જરોને ટાર્ગેટ કરી તેમની પાસે હેરાફેરી કરાવતા હોય છે અથવા તો નોકરી અપાવવાના બહાને પણ બોલાવીને આ પ્રકારની હેરાફેરી કરતા હોવાના અગાઉ પણ કસ્ટમના ચોપડે કિસ્સા નોંધાયેલા છે.

મળતી વિગતો અનુસાર મુંબઈમાં રહેતો ઇમરાન શેખ પહેલા ટેક્સી ચલાવતો હતો અને ગાંજાની હેરાફેરી માટે કેરિયર પણ સપ્લાય કરવાનું કામ કરતો હતો અને આ વખતે પહેલીવાર અમદાવાદ એરપોર્ટ ઉપર આવતા પકડાઈ ગયો હતો. સૂચના સૂત્રોએ જણાવ્યું કે ઇમરાન શેખ અગાઉ દોહા અને દુબઈની ટ્રીપ કરીને મુંબઈ ગયો હતો પરંતુ તેની ગોલ્ડ સ્મગલિંગ માં શક્યતાઓ નકારી શકાય એમ નથી તેનો ઉપયોગ કોણ કરી રહ્યું છે તેની માહિતી કસ્ટમને મળી ગઈ છે અને આ દિશામાં તપાસ ચાલુ છે.

પેસેન્જર તારીખ ૧૪ સપ્ટેમ્બરે ટ્રેનમાં અમદાવાદ આવ્યો હતો અને ૧૫ સપ્ટેમ્બરના રોજ અમદાવાદ એરપોર્ટ પરથી કોલકત્તા ગયો હતો અને ત્યાંથી બેન્કોક ગયો હતો અને ૨૧ સપ્ટેમ્બર ની સવારે અમદાવાદ આવતા પકડાઈ ગયો હતો. આરોપીના મોબાઈલ ડેટા અને વૉટ્સ એપના ચેટ્સના આધારે ઘણી બધી માહિતીઓ કસ્ટમને મળી છે અને દાણ ચોરોની સિન્ડિકેટ અને ડ્રગ્સ માફિયાઓ સાથે સંકળાયેલા હોવાના કેટલાક પુરાવા મળ્યા છે. પેસેન્જર ને બેંગકોકથી ગાંજો લાવવા માટે ૬૫ હજાર રૂપિયા કમિશન અપાયું હતું, તેમ જ ફ્લાઈટની આવવા જવાની ટિકિટ અને હોટલમાં રહેવાના રૂ. ૪૨ હજાર અલગથી આપવામાં આવ્યા હતા. ■

# ચોથા ધોરણમાં ભણતા છોકરાએ છોકરીને 'આઈ લવ યુ' લખેલી ચિઠ્ઠી આપી, શિક્ષકે ઠપકાર્યો તો મા-બાપ પોલીસ સ્ટેશને ગયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: બદલાતા સમય સાથે શિક્ષણની રીત બદલાઈ છે અને સ્કૂલમાં શિસ્ત જાળવવાનું કામ અઘરું બની રહ્યું છે. અમદાવાદના સીટીએમ વિસ્તારમાં આવેલી એક અંગ્રેજી મીડિયમની સ્કૂલમાં ચથા ધોરણમાં અભ્યાસ કરતા એક વિદ્યાર્થીએ પોતાના જ ક્લાસની છોકરીને એક ચિઠ્ઠીમાં આઈ લવ યુ લખી આપ્યું હતું. આ ચિઠ્ઠી શિક્ષક પાસે પહોંચતા શિક્ષકે બાળકને ઠપકો આપ્યો હતો અને પ્રિન્સિપાલની ઓફિસમાં લઈ ગયા હતા. અહીં પ્રિન્સિપાલે પણ વિદ્યાર્થીને ઠપકો આપ્યો હતો અને હાથમાં ફૂટપટ્ટી મારી હતી. ૯ વર્ષીય બાળક રામોલ ખાતે રહે છે. સ્કૂલેની ઘરે જઈ તે રડવા લાગ્યો હતો અને માતા-પિતાએ કારણ પૂછ્તા તેણે હાથમાં માર્યું હોવાનું જણાવ્યું હતું. બાળકને હાથમાં લાગ્યું હોવાનું ધ્યાનમાં લઈ મતા-પિતા રામોલ પોલીસ સ્ટેશન ગયા હતા અને સ્કૂલે નાના બાળકને આ રીતે સજા આપી હોવાની ફરિયાદ કરતા પોલીસે જુવેનાઇલ જસ્ટિસ એક્ટની કલમ હેઠળ શિક્ષક અને આચાર્ય સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. ■

# દાયકાઓથી આગળ રહેતું અમદાવાદ વાહન રજિસ્ટ્રેશનમાં સુરતથી પાછળ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદ અને સુરત વચ્ચે ઘણી બાબતોએ સ્પર્ધા રહેતી હોય છે ત્યારે એક બાબતે સુરત અમદાવાદથી આગળ નીકળી ગયું છે. વાહનોના રજિસ્ટ્રેશનમાં સુરત અમદાવાદ કરતા આગળ નીકળી ગયું હોવાની માહિતી અહેવાલ દ્વારા મળી હતી. ૧૫ સપ્ટેમ્બર સુધીમાં, સુરતમાં ૧.૮ લાખ વાહનો નોંધાયા હતા, જે ૨૦૨૫માં નોંધાયેલા ૨.૨ લાખ વાહનોમાંથી લગભગ ૮૦% હતા. અમદાવાદમાં એ જ સમયગાળામાં ૧.૪ લાખ વાહનો નોંધાયા હતા, જે ૨૦૨૫માં નોંધાયેલા ૧.૮ લાખ વાહનોમાંથી ૭૬% હોવાનું જાણવા મળ્યું હતું. અમદાવાદના ૩% અને ૫.૬% ની સામે સુરતમાં ૨૦૨૪માં ૬% થી વધુ અને ૨૦૨૫માં ૯% ની ઝડપે સુરત આગળ વધી રહ્યું છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, સુરતમાં ઝડપી વિકાસ અને વધતી વસ્તીને કારણે લોકો નવા વિકસી રહેલા વિસ્તારોમાં રહેવા જાય તે સ્વાભાવિક છે, જે મોટાભાગે દૂર હોય છે. જ્યાં સુધી આવા વિસ્તારોમાં જાહેર પરિવહનની સુવિધા ન પહોંચે, ત્યાં સુધી લોકો પોતાના કામના સ્થળે પહોંચવા માટે અંગત વાહનો ખરીદે છે. પૂર બાદ છેલ્લા બે મહિનામાં ૮૦ કરોડ રૂપિયાના ૪,૫૧૬ વ્હીકલ ઇન્શ્યોરન્સ ક્લેમ પાસ કરવામાં આવ્યા છે. ઘણા લોકોએ નવા વાહનો ખરીદ્યા છે. હજુ પણ વીમાની પ્રક્રિયા ચાલુ હોવાથી લોકો નવા વાહનોની ખરીદી ચાલુ રાખશે.

આ ઉપરાંત સૂત્રોએ જણાવ્યું કે, પૂરતા પ્રમાણમાં પબ્લિક ટ્રાન્સપોર્ટ ન હોવાના કારણે સુરતમાં ખાનગી વાહનો પરની નિર્ભરતા ઘણી વધારે છે. અમદાવાદમાં ૧૨ ટકા લોકો પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરે છે, તેની સરખામણીએ સુરતમાં માત્ર ૩ ટકા લોકો જ તેનો ઉપયોગ કરે છે. સૂત્રોએ સુરતના લોકોની ઊંચી આવક તરફ ધ્યાન દોરતાં કહ્યું કે, સુરતના કેટલાક પરિવારોમાં તો દરેક સભ્ય પાસે પોતાનું વાહન છે.

બીજી તરફ, અમદાવાદનું રજીસ્ટ્રેશન વસ્ત્રાલ, સુભાષ બ્રિજ અને બાવળા એમ ત્રણ આરટીઓ ડિવિઝનમાં વહેંચાયેલું છે. અધિકારીઓએ જણાવ્યું કે મોટાભાગનો નવો વિકાસ શહેરના સાણંદ, ગોધાવી અને મણિપુરમાં થઈ રહ્યો છે, આ વિસ્તાર બાવળા આરટીઓ હેઠળ આવે છે.

પૂર્વ અમદાવાદમાં પણ નોંધપાત્ર વિકાસ જોવા મળી રહ્યો છે, જેના કારણે વસ્ત્રાલ આરટીઓ ખાતે રજીસ્ટ્રેશનમાં ઉછાળો આવ્યો છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, સુભાષ બ્રિજ આરટીઓમાં ૨-૪ ટકાની વૃદ્ધિ જોવા મળી રહી છે.

બાવળા આરટીઓમાં હાઇ-એન્ડ વાહનો, ખાસ કરીને ૧૫-૨૦ લાખ રૂપિયા કે તેથી વધુ કિંમતના વાહનો માટે એક મહત્વપૂર્ણ રજીસ્ટ્રેશન સેન્ટર તરીકે ઉભરી આવ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ખરીદદારો દ્વારા અમદાવાદમાં લાગુ પડતા કેટલાક મ્યુનિસિપલ ટેક્સથી બચવા માટે પણ આવું કરવામાં આવી રહ્યું છે. ■

# તહેવારોની સિઝનમાં રેલવેએ ચાર ટ્રેનના ફેરા લંબાવવાનો કર્યો નિર્ણય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: તહેવારોની સિઝનમાં લોકો રેલવેનો પરિવહન તરીકે ખાસ ઉપયોગ કરે છે. આ વાતને ધ્યાનમાં રાખી અમદાવાદ મંડળમાંથી દોડતી કે પસાર થતી ચાર જોડી વિશેષ ટ્રેનોના ફેરા લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ટ્રેનોના વધારાના ફેરાની વિગતો નીચે મુજબ છે. ટ્રેન નંબર ૦૯૦૩૭ બાંદ્રા ટર્મિનસ-ભુજ સ્પેશિયલના વધારાના ફેરા ૧ ઓક્ટોબરથી ૨૮ નવેમ્બર, ૨૦૨૬ સુધી દર ગુરુવાર અને શનિવારે ચાલશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૦૩૮ ભુજ-બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલના વધારાના ફેરા ૨ ઓક્ટોબરથી ૨૯ નવેમ્બર, ૨૦૨૬ સુધી દર શુક્રવાર અને રવિવારે ચાલશે. ટ્રેન નંબર ૦૯૦૦૯ બાંદ્રા ટર્મિનસ-ભુજ સ્પેશિયલના વધારાના ફેરા ૪ ઓક્ટોબરથી ૨૯ નવેમ્બર, ૨૦૨૬ સુધી દર રવિવારે ચાલશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૦૧૦ ભુજ-બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલના વધારાના ફેરા ૫ ઓક્ટોબરથી ૩૦ નવેમ્બર, ૨૦૨૬ સુધી દર સોમવારે ચાલશે. ટ્રેન નંબર ૦૯૦૧૧ બાંદ્રા ટર્મિનસ-ભુજ સ્પેશિયલના વધારાના ફેરા ૬ ઓક્ટોબરથી ૨૪ નવેમ્બર, ૨૦૨૬ સુધી દર મંગળવારે ચાલશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૦૧૨ ભુજ-બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલના વધારાના ફેરા ૭ ઓક્ટોબરથી ૨૫ નવેમ્બર, ૨૦૨૬ સુધી દર બુધવારે ચાલશે. ટ્રેન નંબર ૦૯૦૧૭ બાંદ્રા ટર્મિનસ-વેરાવળ સ્પેશિયલના વધારાના ફેરા ૪ ઓક્ટોબરથી ૨૯ નવેમ્બર, ૨૦૨૬ સુધી દર રવિવારે ચાલશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૦૧૮ વેરાવળ-બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલના વધારાના ફેરા ૫ ઓક્ટોબરથી ૩૦ નવેમ્બર, ૨૦૨૬ સુધી દર સોમવારે ચાલશે, તેમ રેલવેએ જણાવ્યું હતું. ■

# અમદાવાદ પોલીસે સીજી રોડ પર છ કલાકમાં નંબર પ્લેટ વિનાના ૧૦૬ વાહન જપ્ત કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં રાત્રીના સમયે બેફામ વાહનો ચલવાવા ઘણા જુવાનો નીકળી પડે છે. ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરી, નંબર પ્લેટ વિના, મોડિફાઈડ વાહનો ચલાવતા આ વાહનચાલકો પોતાનું અને અન્યોનું જિવન જોખમમાં નાખે છે. અમદાવાદ પોલીસે આ માટે ઝુંબેશ ચલાવી છે જે દરમિયાન નવરંગપુરા પોલીસ અને શી ટીમ દ્વારા સીજી રોડ અને નવરંગપુરા વિસ્તારમાંથી માત્ર છ કલાકમાં ૧૦૬ વાહન ડિટેઈન કર્યા હતા.

સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર નવરંગપુરા અને મ્યુનિસિપાલિટી માર્કેટ વિસ્તારમાં બે દિવસ રાત્રે ૧૦થી ૧ વાગ્યાની ડ્યૂટી દરમિયાન પોલીસ અધિકારીઓએ ૨૧ નંબર પ્લેટ વગરના વાહનો જપ્ત કરી લીધા છે. તે ઉપરાંત યોગ્ય દસ્તાવેજ ન ધરાવતા તેમ જ મોડિફાઈડ અને ફેન્સી નંબર પ્લેટવાળા વાહનો પણ જપ્ત કરવામાં આવ્યા હતા. આ વાહનોમાં ૧૦૨ ટુ-વ્હીલર અને ૪ ફોર વ્હીલરનો પણ સમાવેશ થાય છે.

પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર આ વિસ્તારોમાં રાત્રે મહિલાઓની છેડતી અને ચેન સ્નેચિંગની ઘટનાઓ બનતી હતી. જે માટે શી ટીમ પણ અહીં તહેનાત રાખવામાં આવી છે. તેમના ચેકિંગ દરમિયાન આ કાર્યવાહી કરવામાં આવી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. ■

# અંબાજીના મેળા માટે એસટીની ૧૦૦૦ બસ દ્વારા 30,000 જેટલી એક્સ્ટ્રા ટ્રીપ



(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભાદરવી પૂનમમેળામાં અંબાજી જવા ઈચ્છતા શ્રદ્ધાળુઓ માટે એસટી નિગમે ખાસ વ્યવસ્થા કરી છે. ૨૬ સપ્ટેમ્બર સુધી પાલનપુર, મહેસાણા, હિંમતનગર અને અમદાવાદ વિભાગ દ્વારા અંબાજી મેળાનું વિશેષ સંચાલન કરવામાં આવનાર છે. આ વર્ષે ૧૦૦૦ જેટલી બસ દ્વારા વધારાની ૩૦,૦૦૦ જેટલી ટ્રીપો સંચાલિત કરવાનું આયોજન કરાયું છે, જેનો લાભ અંદાજે ૧૫ લાખ જેટલા યાત્રાળુઓ મેળવશે. યાત્રિકોની સુવિધા માટે અંબાજી ખાતે કુલ ૧૦ બૂથ બનાવવામાં આવ્યા છે, જ્યાં સુપરવાઇઝર અને બૂથ ઇન્ચાર્જ ફરજ બજાવનાર છે. યાત્રાળુઓની સુવિધા માટે અંબાજીથી ગબ્બર, આબુરોડ, દાંતા, ડીસા, પાલનપુર, સિદ્ધપુર; અંબાજીથી મહેસાણા, વિસનગર, બેચરાજી, વડનગર, ખેરાલુ; તેમજ અંબાજીથી હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા, અમદાવાદ, શામળાજી અને ભિલોડા જેવા મુખ્ય રૂટો પર સતત બસ સેવા કાર્યરત રહેનાર છે. મુસાફરો માટે વિશેષ સુવિધાઓ વાહન વ્યવહાર વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાઇ છે, જેમાં એસ.ટી. બસોની સુવિધા સાથે હંગામી પેસેન્જર શેડ, પીવાના પાણીની વ્યવસ્થા અને જાહેર શૌચાયલની સુવિધા, માઇક એનાઉન્સમેન્ટ, બૂથ ઇન્ચાર્જના સંપર્ક નંબર અને યાત્રાળુઓના માર્ગદર્શન માટે હોર્ડિંગ્સ-બેનર્સ સહિત યાત્રાળુઓને કોઇપણ મુશ્કેલી ન પડે તેની ખાસ તકેદારી રાખવામાં આવી છે. વધુમાં ક્રેન, મિકેનિક ગેંગ, એમ્બ્યુલન્સ અને ડેપો ખાતે ફાયર ફાઇટરની તૈનાતી રખાઇ છે. તેમજ તમામ બસોના રીયલ-ટાઇમ મોનિટરિંગ માટે જીપીએસ ટેક્નોલોજી આધારિત સેન્ટ્રલ કંટ્રોલ રૂમ પણ કાર્યરત કરાયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૨૫માં ૯૦૦ જેટલી બસો થકી ૨૮,૫૦૬ ટ્રીપ દ્વારા ૧૩.૦૯ લાખ મુસાફરોને સેવા પૂરી પાડવામાં આવી હતી. નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીના હસ્તે એક્સ્ટ્રા બસ સંચાલનનો પ્રારંભ તથા નવીન બસોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ■

# આવતા વર્ષે અમદાવાદમાં દોડશે ડ્રાઈવરલેસ મેટ્રો: અમદાવાદમાં ટેસ્ટિંગ શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદમાં મેટ્રો સેવાને લોકો પસંદ કરી રહ્યા છે. યુવાનોમાં મેટ્રો લોકપ્રિય બની રહી છે ત્યારે હવે દેશની પહેલી ડ્રાયવરલેસ સ્વદેશી મેટ્રો અમદાવાદના મેટ્રોટ્રેક પર દોડવા તૈયાર થઈ રહી છે. સૂત્રો પાસેથી મળતી વિગતો અનુસાર ૧૦ નવા રેક અમદાવાદના ગ્યાસપુર ડેપો ખાતે આવી પહોંચ્યા છે અને અહીં મેન્ટેનન્સ અને ટેસ્ટિંગ કામ હાથમાં ધરવામાં આવી રહ્યું છે.

આ ટ્રેનો પર ગરબા અને ઉતરાયણની થીમ બનાવવામાં આવી છે. ભારતમાં જ બનેલી મેટ્રોટ્રેન ઓટોમેશન ગ્રેડ-૪ ટ્રેન છે. આ ટ્રેન ટ્રેક પર પ્રતિ કલાક ૮૦ થી ૯૦ કિમીની ઝડપે દોડવા સક્ષમ છે. મળતી માહિતી અનુસાર આ પ્રોજેક્ટ અંતર્ગત ૩ કોચ ધરાવતી એક ટ્રેનની કિંમત ૩૫ કરોડ રૂપિયા છે, એટલે કે કુલ ૧૦ ટ્રેનો પાછળ ૩૫૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. હાલમાં ટેસ્ટિંગ માટે તૈયારી થઈ રહી છે ત્યારબાદ તમામ મંજૂરીઓ બાદ લગભગ આવતા વર્ષની શરૂઆતમાં અમદાવાદીઓ સ્વદેશી ડ્રાયવરલેસ ટ્રેનની મુસાફરી માણી શકશે, તેવી માહિતી સૂત્રો દ્વારા મળી હતી. ■

# મુંબઈ-અમદાવાદ હાઈવે પર ગેરકાયદે ડેબ્રિસ ડમ્પિંગ વિરુદ્ધ પોલીસે કરી કાર્યવાહી, છ લોકો સામે નોંધાયો કેસ

મુંબઈ: મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે પર વસઈ-વિરાર વિસ્તારમાં બાંધકામનો કચરો અને સિમેન્ટનો ડેબ્રિસ ગેરકાયદે રીતે ઠાલવવાના મામલે નાયગાંવ પોલીસે છ લોકો સામે કેસ નોંધ્યો છે. પૂર્વ નાયગાંવ વિસ્તારમાં હાઈવેની બાજુમાં કચરો ઠાલવવાથી ટ્રાફિકને અડચણ ઊભી થવાની સાથે સ્થાનિક કુદરતી જળસ્રોતો પ્રદૂષિત થયાની ચોંકાવનારી માહિતી સામે આવ્યા બાદ હવે પોલીસે કાર્યવાહી કરી છે.

મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં ઝડપથી ચાલી રહેલા રિડેવલપમેન્ટ અને બાંધકામનાં કામોને કારણે દરરોજ મોટી માત્રામાં બાંધકામનો કચરો અને ખોદકામમાંથી નીકળતો ડેબ્રિસ નિર્માણ થઈ રહ્યો છે. આ કચરાનો નિયત સ્થળે નિકાલ કરવાને બદલે કેટલાંક વાહનો દ્વારા તેને ગુપ્ત રીતે વસઈ-વિરાર મહાનગરપાલિકા વિસ્તારના હાઈવેના વિવિધ ભાગોમાં ઠાલવવામાં આવતો હોવાનો આરોપ છે.

હાઈવે પર વર્સોવા બ્રિજ, સાસુનવઘર, માલજીપાડા, ચિંચોટી, નાયગાંવ, પેલ્હાર અને વિરાર સહિતના અનેક વિસ્તારોમાં ડેબ્રિસ ડમ્પિંગની સમસ્યા જોવા મળી હોવાની માહિતી મળી હતી. ૧૯ સપ્ટેમ્બરના રોજ પણ વસમનાયા રેલવે બ્રિજ નજીક હાઈવેની બાજુમાં એક તોડી પાડવામાં આવેલી ઈમારતનો બાંધકામ કચરો ઠાલવવામાં આવ્યો હતો. તેના કારણે હાઈવે પર ટ્રાફિકને ભારે અડચણ ઊભી થઈ હતી.અને ટ્રાફિક જામ સર્જાયો હતો. ખુલ્લામાં ઠાલવવામાં આવેલા બાંધકામના કચરા અને તેમાં રહેલા હાનિકારક તત્ત્વો આસપાસના કુદરતી જળસ્રોતોમાં ભળવાથી બાપાણે ગામના સ્થાનિક રહેવાસીઓના આરોગ્ય સામે પણ જોખમ ઊભું થયું હોવાનો આરોપ છે. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને નાયગાંવ પોલીસે સીધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી અને ડેબ્રિસ ઠાલવવાના મામલે છ લોકો સામે ગુનો નોંધ્યો છે. પોલીસે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ ૧૨૫, ૨૮૫, ૨૭૯, ૩૨૬(સી) અને ૩૧૫ ઉપરાંત મહારાષ્ટ્ર પ્રિવેન્શન ઑફ ડિફેસમેન્ટ ઑફ પ્રોપર્ટી એક્ટ, ૧૯૯૫ની સંબંધિત જોગવાઈઓ હેઠળ કાર્યવાહી કરી છે. હાઈવેની આસપાસ ગેરકાયદે રીતે કચરો ઠાલવનારાઓ વિરુદ્ધ પોલીસે કડક કાર્યવાહી શરૂ કરી દીધી છે. ■

# એમપીએસસી સુધારણા પેનલને મળ્યા ૨૦,૦૦૦ ઈ-મેઈલ

છત્રપતિ સંભાજીનગર: એમપીએસસીની કામગીરીમાં સુધારો કરવા માટે મહારાષ્ટ્ર સરકાર દ્વારા રચવામાં આવેલી એક સમિતિને ૨૦,૦૦૦થી વધુ ઇ-મેઇલ મળ્યા હતા, જેમાં પેપર ચકાસણીમાં પારદર્શિતા જાળવવાથી લઈને પરીક્ષાઓ અને પરિણામો માટે નિશ્ચિત કેલેન્ડર સુધીના સૂચનોનો સમાવેશ થાય છે.

પરીક્ષા સુધારણા સમિતિના અધ્યક્ષ વી. રાધાએ જણાવ્યું હતું કે, સમિતિ સ્પર્ધાત્મક પરીક્ષાઓના પ્રશ્નપત્રોના વિતરણ અને સંચાલન માટે માનક સંચાલન પ્રક્રિયાઓ તેમ જ ગુણના સામાન્યકરણ માટેના સ્પષ્ટ ધોરણો પર વિચાર કરશે.

તેમણે જણાવ્યું કે આ સૂચનો મહારાષ્ટ્ર પબ્લિક સર્વિસ કમિશન (એમપીએસસી) ની પરીક્ષાની તૈયારી કરી રહેલા ઉમેદવારો તરફથી આવી રહ્યા છે. "અમને ૨૦,૦૦૦થી વધુ ઇ-મેઇલ મળ્યા છે. ઉમેદવારો પરીક્ષાના પેપરની પેટર્ન અંગે અનેક મુદ્દાઓ ઉઠાવી રહ્યા છે. તેઓ ઇચ્છે છે કે પ્રશ્નો વધુ સારી ગુણવત્તાવાળા અને નિશ્ચિત જવાબો ધરાવતા હોય. તેઓ પેપર ચકાસણીમાં પારદર્શિતા, સમયસર પરિણામો અને ઉમેદવારોની પસંદગી ઇચ્છે છે," રાધાએ ઉમેર્યું હતું. ઉમેદવારોએ સંદેશાવ્યવહાર વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવાની પણ માગ કરી હતી. ઉમેદવારોએ એવી પણ માગણી કરી હતી કે એમપીએસસી દ્વારા દર વર્ષે ઓછામાં ઓછી નિશ્ચિત સંખ્યામાં ભરતી બહાર પાડવામાં આવે અને એક ઑડિટ સિસ્ટમ શરૂ કરવામાં આવે. રાધાએ જણાવ્યું હતું કે, આ મુદ્દાઓ પર સંબંધિત વિભાગોના સચિવો સાથે ચર્ચા કરવામાં આવશે. ■

# ગણેશોત્સવમાં ફરજ બજાવતા મુંબઈ પોલીસને બાળકે કરી સેલ્યુટ, બનાવ્યું 'કોરિયન હાર્ટ'!

મુંબઈ: મુંબઈ સહિત સમગ્ર મહારાષ્ટ્ર અને દેશભરમાં હાલ ગણેશોત્સવની ધામધૂમથી ઉજવણી ચાલી રહી છે. સામાન્ય નાગરિકો પોતાના પરિવાર સાથે પંડાલ અને ઘરોમાં બાપ્પાની ભક્તિમાં લીન છે, ત્યારે મુંબઈગરાઓની સુરક્ષા અને કાયદો-વ્યવસ્થા જાળવવા માટે મુંબઈ પોલીસના હજારો જવાનો રસ્તા પર ચોવીસે કલાક ખડેપગે તહેનાત છે. તહેવારના દિવસોમાં પરિવારથી દૂર રહીને 'પહેલાં કર્તવ્ય'ના સંકલ્પ સાથે ફરજ બજાવતા ખાખી વર્દીધારી જવાનો સાથે જોડાયેલી એક અત્યંત હૃદયસ્પર્શી ઘટના સોશ્યલ મીડિયા પર સામે આવી છે.

સોશ્યલ મીડિયા પર વાઈરલ થઈ રહેલાં આ વીડિયોમાં જોવા મળે છે કે ભારે ભીડ અને દોડધામ વચ્ચે ફરજ પર હાજર બે પોલીસ જવાનો પાસે એક નાનકડો બાળક પહોંચ્યો હતો. બાળકની નિર્દોષતા, આદર અને સ્નેહભર્યા અંદાજે બંને કડક શિસ્ત ધરાવતા જવાનોનો તમામ થાક પળભરમાં દૂર કરી દીધો હતો.

સોશ્યલ મીડિયા પર વાઈરલ થયેલા વીડિયોમાં જોઈ શકાય છે કે એક નાનકડો ભૂલકો સુરક્ષામાં ઊભેલા પોલીસકર્મીઓ પાસે પહોંચે છે. તેણે પહેલાં તો પૂરા સન્માન સાથે શાનદાર સેલ્યુટ (સલામી) કરી હતી. વીડિયોમાં આગળ જોવા મળે છે કે બાળક મુંબઈ પોલીસના બંને પોલીસ જવાનોના પગ સ્પર્શીને આશીર્વાદ લીધા હતા અને મુશ્કેલ પરિસ્થિતિમાં તેમની રક્ષા કરવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. આટલું જ નહીં, બાળકે બંને જવાનોના વ્હાલથી ઓવારણાં (નજર ઉતારી) લઈને તેમનું કલ્યાણ ઈચ્છ્યું હતું.

બાળકે પોતાની આંગળીઓ જોડીને જ્યારે અત્યંત ક્યૂટ શૈલીમાં 'કોરિયન ફિંગર હાર્ટ' બનાવ્યું, ત્યારે સખત સુરક્ષા વ્યવસ્થા વચ્ચે તણાવમાં રહેલા બંને જવાનોના ચહેરા પર એક અદ્ભુત અને ખુશીભર્યું સ્મિત રેલાઈ ગયું હતું.

ફરજના અતિશય ભારણ અને તણાવ વચ્ચે બાળકના આ નિર્દોષ વર્તને જવાનોને ભાવુક કરી દીધા હતા. આ અનોખી ક્ષણે સાબિત કરી દીધું કે કડક ખાખી વર્દીની પાછળ પણ એક સંવેદનશીલ, લાગણીશીલ અને પ્રેમાળ હૃદય ધબકતું હોય છે.

ગણેશોત્સવની સુરક્ષામાં ખડેપગે રહેતી મુંબઈ પોલીસ અને આ નાનકડા બાળકની અનોખી કેમિસ્ટ્રી દર્શાવતો આ વીડિયો ઈન્ટરનેટ પર જોતજોતામાં વાઈરલ થઈ ગયો છે. નેટીઝન્સ બાળકના સંસ્કાર અને પોલીસ જવાનો પ્રત્યેના તેના પ્રેમના મુક્તમને વખાણ કરી રહ્યા છે, જ્યારે પોલીસ જવાનોના સમર્પણને પણ સોશ્યલ મીડિયા પર સલામી આપવામાં આવી રહી છે. ■

# થાણે રેલવે સ્ટેશને મહારાષ્ટ્રની સૌપ્રથમ પ્રીપેડ રિક્ષા સેવા શરૂ

થાણે : થાણે રેલવે સ્ટેશન પર રિક્ષા મુસાફરો માટે મહત્ત્વની પ્રીપેડ સુવિધા શરૂ કરવામાં આવી છે. સ્ટેશન પર મહારાષ્ટ્રની પ્રથમ પ્રીપેડ રિક્ષા સેવા શરૂ કરવામાં આવી છે, જેમાં મુસાફરને રિક્ષામાં બેસતા પહેલાં જ પોતાના ગંતવ્ય સ્થાન પાર પહોંચવા માટેનું નિશ્ચિત ભાડું જાણવા મળશે. આ વ્યવસ્થાનો મુખ્ય ઉદ્દેશ ભાડાને લઈને મુસાફરો અને રિક્ષાચાલકો વચ્ચે થતા વિવાદ તથા રિક્ષાની લાઈનમાં થતી અડચણોને ઘટાડવાનો છે.

આ સેવા સ્વ. વસંતરાવ ડાવખરે રિક્ષા-ટેક્સી ડ્રાઈવર-માલિક મહાસંઘ અને ઠાણે પ્રાદેશિક પરિવહન વિભાગના સંયુક્ત પ્રયાસોથી શરૂ કરવામાં આવી છે. પ્રીપેડ રિક્ષા સ્ટેન્ડ અને કાઉન્ટરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આરટીઓ અધિકારીઓ, રિક્ષા યુનિયનના પદાધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં રિક્ષાચાલકોની સાથે મહાનુભાવો હાજર રહ્યા હતા.

પ્રીપેડ રીક્ષા વ્યવસ્થા માટે છલ્લા દોઢથી બે વર્ષથી પ્રયાસ ચાલી રહ્યા હતા. થાણે રેલવે સ્ટેશન પર રિક્ષાની લાંબી લાઈનો, મુસાફરો પાસેથી ભાડા અંગે થતી રકઝક અને કેટલાક કિસ્સામાં મુસાફરોને ઇચ્છિત સ્થળે લઈ જવા અંગે થતી આનાકાની જેવી ફરિયાદોને ધ્યાનમાં રાખીને આ પહેલ કરવામાં આવી છે. મહારાષ્ટ્રમાં આ પ્રકારની વ્યવસ્થા પ્રથમ વખત અમલમાં મૂકવામાં આવી રહી હોવાથી તેને શરૂ કરવામાં વહીવટી અને ટેક્નિકલ પડકારો પણ આવ્યા હતા.

આ સેવાની ખાસિયત એ છે કે મુસાફરી શરૂ થાય તે પહેલાં જ મુસાફરને કેટલું ભાડું ચૂકવવાનું છે તેની માહિતી મળી જશે. એટલે મુસાફરી પૂરી થયા બાદ ભાડા અંગેની રકઝક અથવા વધારાના પૈસા માગવાની સ્થિતિ ટાળવામાં મદદ મળી શકે છે. ■

# લાડકી બહિન યોજનામાંથી બહાર કરાયેલી મહિલાઓ માટે એઆઈડીડબ્લ્યૂએનું રાજ્યવ્યાપી અભિયાન શરૂ

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારની 'મુખ્યમંત્રી માઝી લાડકી બહિન યોજના'માંથી બહાર કરાયેલી મહિલાઓને ફરી યોજનામાં સામેલ કરવાની માગ સાથે ઓલ ઈન્ડિયા ડેમોક્રેટિક વિમન્સ એસોસિયેશને રાજ્યવ્યાપી અભિયાન શરૂ કર્યું છે. સંસ્થાના જણાવ્યા મુજબ, તાજેતરની ચકાસણી બાદ લગભગ એક કરોડ મહિલાઓને યોજનામાંથી બહાર કરવામાં આવી છે. આ મહિલાઓને ફરી લાભ મળે તે માટે ૨૦ સપ્ટેમ્બરથી રાજ્યના વિવિધ વિસ્તારોમાં મહિલા સંમેલનો અને અરજીઓ ભરવાનું અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.

અભિયાનના પ્રથમ દિવસે પાલઘર જિલ્લાના દહાણુ તાલુકામાં આયોજિત સંમેલનમાં ૩,૦૦૦થી વધુ મહિલાઓએ ભાગ લીધો હતો. એસોસિયેશનના જણાવ્યા મુજબ, પાલઘર જિલ્લાના અન્ય તાલુકાઓમાં ૨૭ સપ્ટેમ્બર સુધી આવા સંમેલનો યોજવામાં આવશે અને ત્યારબાદ સમગ્ર મહારાષ્ટ્રના અન્ય જિલ્લાઓમાં પણ અભિયાન ચલાવવામાં આવશે. સંસ્થાએ બહાર કરાયેલી મહિલાઓ પાસેથી ફોર્મ ભરાવી તેમની ફરિયાદો અને વિગતો એકત્ર કરવાની પ્રક્રિયા પણ શરૂ કરી છે.

એઆઈડીડબલ્યુએએ જણાવ્યું છે કે મહારાષ્ટ્ર સરકાર દ્વારા ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણી પહેલાં શરૂ કરવામાં આવેલી આ યોજનામાં પાત્ર મહિલાઓને દર મહિને ૧,૫૦૦ રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવે છે. સંસ્થાનો દાવો છે કે શરૂઆતમાં લગભગ ૨.૬૩ કરોડ મહિલાઓને આ યોજનાનો લાભ મળતો હતો, પરંતુ ચકાસણી પ્રક્રિયા બાદ જુલાઈ ૨૦૨૬માં મોટી સંખ્યામાં મહિલાઓને લાભાર્થી યાદીમાંથી દૂર કરવામાં આવી હતી. હાલ લગભગ ૧.૬૬ કરોડ મહિલાઓ લાભાર્થી તરીકે બાકી હોવાનું એઆઈડીડબલ્યુએએ જણાવ્યું હતું.

જોકે, લાભાર્થીઓની સંખ્યામાં ઘટાડા અંગે સરકાર તરફથી અલગ આંકડા અને કારણો પણ સામે આવ્યા છે. અગાઉની સરકારી ચકાસણીમાં ઈ-કેવાયસી પૂર્ણ ન કરનાર, આવક મર્યાદા કરતાં વધુ આવક ધરાવનાર, અન્ય યોજનાના લાભાર્થી, ઉંમરની પાત્રતા પૂર્ણ ન કરનાર સહિત વિવિધ કેટેગરીના નામો દૂર કરવામાં આવ્યા હોવાનું અહેવાલોમાં જણાવાયું છે. મહિલા અને બાળ વિકાસ વિભાગ તરફથી એ પણ કહેવામાં આવ્યું હતું કે પાત્ર મહિલાઓને યોજનામાંથી બહાર કરવામાં આવી નથી.

જો આ માગ પૂર્ણ નહીં કરાય તો એઆઈડીડબલ્યુએએ મુંબઈમાં મંત્રાલય સુધી સંઘર્ષ મોરચો કાઢવાની જાહેરાત કરી છે. સંસ્થાના જણાવ્યા મુજબ, રાજ્યભરમાં યોજાનારા મહિલા સંમેલનો બાદ યોજનામાંથી બહાર કરાયેલી હજારો મહિલાઓને આ મોરચામાં જોડવામાં આવશે. ■

# મુંબઈમાં ૧૪ ફૂટથી વધુ ઊંચા ઝૂંપડાં સામે બીએમસીની કાર્યવાહીનો વિરોધ બાદ સત્તાધારી પક્ષ જાગ્યો

## સત્તાધારી ભાજપની કમિશનરને કાર્યવાહી સ્થગિત કરવાની માગણી કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકા દ્વારા ૧ ઑક્ટોબરથી ૩૧ ડિસેમ્બર દરમ્યાન ૧૪ ફૂટથી વધુ ઊંચાઈ ધરાવતા અનધિકૃત ઝૂંપડપટ્ટીના બાંધકામો સામે વિશેષ ઝુંબેશ શરૂ કરવા મુદ્દે કૉંગ્રેસ અને સમાજવાદી પાર્ટીએ સત્તાધારી ભાજપ-શિવસેના પાસે તેમની ભૂમિકા જાહેર કરવાની માગ કરી હતી અને મુખ્ય પ્રધાનને હસ્તક્ષેપ કરી આ કાર્યવાહી સ્થગિત કરવાની વિનંતી કરી હતી. ચોતરફના વિરોધને પગલે પાલિકામાં શાસક ભાજપે સોમવારે આખરે પોતાનું વલણ સ્પષ્ટ કરતા પાલિકા કમિશનરને પત્ર લખી માગ કરી છે કે પ્રશાસન ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં ૧૪ ફૂટથી વધુના અનધિકૃત બાંધકામો સામે કાર્યવાહી કરવાના તેના આદેશને સ્થગિત કરે.

પાલિકામાં ભાજપના ગ્રૂપ લીડર ગણેશ ખણકરે પાલિકા કમિશનર અશ્વિની ભીડેને પત્ર લખીને વિનંતી કરી છે કે આવી નોટિસ આડેધડ રીતે જારી ન કરવી જોઈએ. જો આવું કરવામાં આવે તો, તે સમગ્ર મુંબઈમાં વ્યાપક અશાંતિ ફેલાવી શકે છે અને ગરીબ મુંબઈવાસીઓને મુશ્કેલીમાં મૂકી શકે છે.

ગણેશ ખણકરે આ બાબતે જણાવ્યું હતું કે મુંબઈની ૪૦ ટકા વસતી ઝૂંપડપટ્ટી વિસ્તારમાં રહે છે. મહારાષ્ટ્ર સરકારે એસઆરએ મારફત મોટા પ્રમાણમાં ઝૂંપડપટ્ટી પુનવર્સન પ્રોજેક્ટનું કામ હાથમાં લીધું છે. વિવિધ ઠેકાણે ક્લસ્ટર યોજના તેમ જ અન્ય યોજનાના માધ્યમથી ઝૂંપડપટ્ટી પુનર્વસન પ્રોજેક્ટનું કામ હાથમાં લીધું છે ત્યારે મુંબઈ મહાનગરપાલિકાનાં આ પગલાથી મુંબઈના ગરીબ નાગરિકોને ત્રાસ થશે અને તેઓ બેઘર થઈ જશે. તેથી પાલિકાએ આવું પગલું ભરતા પહેલા અથવા કોઈ સૂચના આપી હોય તો તેને તાત્કાલિક ધોરણે સ્થગિત કરવી. આ પ્રકારની નોટિસથી મુંબઈમાં શહેરમાં મોટા પ્રમાણમાં ગભરાટનો માહોલ ફેલાઈ શકે છે. નોંધનીય છે કે પાલિકા દ્વારા ૧ ઑક્ટોબરથી ૩૧ ડિસેમ્બર દરમ્યાન ૧૪ ફૂટથી વધુ ઊંચાઈ ધરાવતા અનધિકૃત ઝૂંપડપટ્ટીના બાંધકામો સામે વિશેષ ઝુંબેશ શરૂ કરવામાં આવવાની છે ત્યારે આ પગલાંએ રાજકીય વિવાદ જગાવ્યો છે.

કૉંગ્રેસ અને સમાજવાદી પાર્ટીએ પાલિકાની આ ઝુંબેશનો વિરોધ કરીને સત્તાધારી ભાજપ-શિવસેના પાસે આ અંગેની તેમની સ્પષ્ટ ભૂમિકા જાહેર કરવાની માગ કરી હતી. વિરોધપક્ષે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને હસ્તક્ષેપ કરવા અને આ કાર્યવાહી સ્થગિત કરવાની વિનંતી પણ કરી છે. ■

# બીએમસીમાં વર્ષોથી એક જ ડિપાર્ટમેન્ટમાં અડિંગો જમાવી બેસનારા એન્જિનિયરોની થશે ટ્રાન્સફર

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકામાં વર્ષોથી એક જ ડિપાર્ટમેન્ટમાં બેસી રહેલા અધિકારીઓની હવે બહુ જલદી ટ્રાન્સફર થવાની છે. પારદર્શક ઓનલાઈન પદ્ધતિએ એટલે કે કોમ્પ્યુટરાઈઝ, રેન્ડમાઈઝ્ડ સિસ્ટમ પર જેમણે એક જ વિભાગમાં ત્રણ કે તેથી વધુ વર્ષ પૂર્ણ કર્યા છે, તેવા ૧,૬૦૦ થી વધુ એન્જિનિયરોની પોસ્ટિંગ પ્રક્રિયા કરવા માટે પાલિકાએ તૈયારી કરી લીધી છે. આમાંથી ૮૩૬ ઍન્જિનિયરોએ ૨૦ સપ્ટેમ્બરની સમયમર્યાદા સુધીમાં તેમને ક્યાં ટ્રાન્સફર જોઈએ છે તે બાબતે પસંદગી પણ સબમિટ કરી હતી.

પાલિકાના નિયમ અનુસાર સંબધિત ડિપાર્ટમેન્ટમાં ત્રણ વર્ષ અથવા તેનાથી વધુ સમય સુધી કાર્યરત રહેલા કર્મચારીઓમાંથી કુલ કર્મચારીઓના પચીસ ટકા કર્મચારીઓની દર વર્ષે પહેલી ઓક્ટોબરથી ૧૫ ઓક્ટોબરના સમયગાળામાં ટ્રાન્સફર કરવામાં આવે છે પણ પાલિકાના અનેક ડિપાર્ટમેન્ટમાં વર્ષો સુધી એક જ જગ્યાએ કામ કરનારા એન્જિનિયરો ઓનલાઈન બદલીને આગળ ઢકેલવાનો પ્રયાસ કરી રહ્યા હોવાનું કહેવાય છે ત્યારે પ્રશાસન હવે ઓનલાઈન પદ્ધતિએ આ એન્જિનિયરોની ટ્રાન્સફર કરવા મક્કમ બની છે. પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ આ યાદીમાં ૪૮૫ જુનિયર એન્જિનિયર, ૧,૦૭૦ સબ-ઇજનેર અને ૧૪૦ આસિસ્ટન્ટ એન્જિનિયરનો સમાવેશ થાય છે. તેમને એક થી પાંચ પસંદગીઓ સબમિટ કરવાની મંજૂરી આપવામાં આવી હતી, જેમાં ટ્રાન્સફર, પ્રમોશન અને પોસ્ટિંગ ૧ થી ૧૫ ઓક્ટોબર વચ્ચે ઓનલાઈન પ્રક્રિયા કરવાનું સુનિશ્ચિત કરવામાં આવ્યું હતું. ■

# આર્થિક તંગીને કારણે ચેન સ્નેચિંગ કરનારો અભિનેતા પકડાયો

મુંબઈ: આર્થિક મુશ્કેલીને કારણે સાંતાક્રુઝમાં વૃદ્ધાના ગળામાંથી સોનાની ચેન આંચકી ફરાર થયેલા ઊભરતા કલાકારની પોલીસે ધરપકડ કરી હતી.

પકડાયેલા આરોપીની ઓળખ સાંતાક્રુઝ પૂર્વમાં રહેતા આશિષ અત્તરચંદ શર્મા તરીકે થઈ હતી. તેની પાસેથી વૃદ્ધાની ચેન હસ્તગત કરાઈ હતી.

વાકોલા પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે રવિવારે વૃદ્ધા તેના ઘરે હતી ત્યારે આરોપી ત્યાં આવ્યો હતો. વૃદ્ધાએ પહેરેલી સોનાની ચેન આંચકી આરોપી નાસી ગયો હતો. આ પ્રકરણે અજાણ્યા શખસ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરવામાં આવી હતી.

ઘટના ગીચ ચાલમાં બની હોવાથી સીસીટીવી કૅમેરા કે ઘટનાને જોનારી કોઈ વ્યક્તિ નહોતી, જેને પગલે પોલીસને શરૂઆતમાં આરોપીની ઓળખ મેળવવામાં મુશ્કેલી પડી હતી. જોકે ફરિયાદીએ આપેલા શકમંદના વર્ણનને આધારે પોલીસે આસપાસના પરિસરના સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસ્યાં હતાં. આખરે એક ફૂટેજમાં શકમંદ નજરે પડ્યો હોવાનું સબ-ઈન્સ્પેક્ટર સુશાંતકુમાર પાટીલે જણાવ્યું હતું.

પોલીસે શકમંદની તસવીર સ્થાનિક ખબરીઓમાં ફરતી કરી હતી. ખબરીની માહિતી પરથી પોલીસે શ્યામ સુંદર ચાલમાંથી શર્માને તાબામાં લીધો હતો. નાણાંભીડને કારણે તે ગુનેગારી તરફ વળ્યો હોવાનું પ્રાથમિક પૂછપરછમાં આરોપીએ કબૂલ્યું હતું. શમાએ અમુક ભોજપુરી ફિલ્મમાં નાની ભૂમિકાઓ ભજવી હોવાનું પોલીસે જણાવ્યું હતું. (પીટીઆઈ)■

# હિન્દુ મરણ

**કચ્છી લોહાણા**

સ્વ. ઝવેરબેન લક્ષ્મીદાસ ઠક્કર (કચ્છ) ગામ માંડવી હાલ ઘાટકોપરવાળાના પુત્ર જગદીશભાઇ (ઉં. વ. ૮૨) તે પુષ્પાબેનના પતિ. સ્વ. લક્ષ્મીબેન કાનજી સુંદરજી ચંદન ગામ નેત્રા (માતાજીના) હાલ મુલુંડવાળાના મોટા જમાઇ. તા. ૨૦-૯-૨૬ રવિવારના રામશરણ પામેલ છે. તે મોતીલાલ, સ્વ. રમણીકભાઇ, ગં. સ્વ. ચંદ્રિકાબેન, ગં. સ્વ. વનિતાબેન અને જયેશભાઇના ભાઇ. મોના કુમાર મિસ્ત્રી, પૂર્વી જતીન ત્રિવેદીના પિતા. જાનવી, રીયા-ધ્રુવના નાના. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૨-૯-૨૬ મંગળવારના સાંજે ૪થી ૬. ઠે. બ્રાહ્મણ સમાજ ભવન શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ ચોક જોશી લેન, એમ. જી. રોડ, ઘાટકોપર (પૂર્વ), લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે, બૈરાઓએ તેજ દિવસે આવી જવું.

**માધવપુર ગિરનારા બ્રાહ્મણ**

માધવપુર ઘેડના હાલ કાંદિવલી કોકિલાબેન ભાનુશંકર પુરોહિતના પુત્રી માધવીબેન (ઉં. વ. ૫૮) રવિવાર તા. ૨૦-૯-૨૬ના દિને દેવલોક પામ્યા છે. તે કમુબેન નર્મદાશંકર પુરોહિતના પૌત્રી. સ્મિતાબેન અને શિરીષભાઇના ભત્રીજી. નિલયનાં બહેન. પૂર્વીનાં નણંદ, ધ્યેયના ફઇ. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી વણિક વૈષ્ણવ**

ગઢાળી નિવાસી હાલ મુંબઇ સ્વ. શશીકાંતભાઇ અમૃતલાલ મહેતલીયાના ધર્મપત્ની નિર્મળાબેન (ઉં. વ. ૮૧) તા. ૨૦-૯-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. મનીષભાઇ તથા કૃપાલીબેન જીજ્ઞેશભાઇ દોશીના માતુશ્રી. સ્વ. સુરેશભાઇ (બટુકભાઇ)ના ભાભી. હર્ષાબેન તથા જીજ્ઞેશભાઇના સાસુ. હેતલ, દેવલ, જુહીના દાદી. અમરાપુર નિવાસી રામજી વલ્લભજી મડિયાના દીકરી. પ્રાર્થનાસભા તા. ૨૨-૯-૨૬ મંગળવારના સાંજે ૪થી ૬. ઠે. પરમ કેશવ બાગ, નવરોજી લેન, મુનિસુવ્રત દેરાસરની સામે, ઘાટકોપર (વેસ્ટ).

**કપોળ**

બગદાણાવાળા હાલ કાંદિવલી સ્વ. વિમળા નંદલાલ મહેતાના સુપુત્ર દિલીપ (ઉં. વ. ૮૩) તા. ૨૦-૯-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે હર્ષદાબેનના પતિ. અવનિ, અ. સૌ. તેજલ રજનીકાંત મહેતાના પિતા. અ. સૌ. હિમાની ક્રિષ ભગત તથા ચિ. રિદ્ધિના નાના. સ્વ. ભદ્રાબેન, સ્વ. ઇંદુબેન, દ્રુપદભાઇ, સુધાબેન, રશ્મિબેન તથા નિતીનભાઇના ભાઇ. સ્વ. મનમોહનદાસ દ્વારકાદાસ વોરાના જમાઇ. લૌકિક પ્રથા બંધ છે.

**દશા સોરઠીયા**

તારવડા-બગસરાવાળા (હાલ મીરારોડ) સ્વ. પુષ્પાબેન બાબુલાલ સાંગાણીના નાના પુત્ર. સ્વ. રાજેશભાઇ બાબુલાલ સાંગાણીના ધર્મપત્ની રશ્મી રાજેશભાઇ સાંગાણી (ઉં.વ. ૫૮) રવિવાર, તા. ૨૦-૯-૨૬ના દીને શ્રીજીચરણ પામેલ છે. તે જાનવીના માતુશ્રી. સ્વ. કિશોરભાઇ સાંગાણી, જયશ્રી અરવિંદ ગગલાની, મીના વિજય પારેખના ભાભી. કોમલ પિયૂષ જૈન, નિકિતા સાગર (હિરેન) સાંગાણીના કાકી. સ્વ. ભાનુબેન ત્રિભોવનદાસ ભૂપતાણીના દીકરી. સાદડી તથા લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

કાંદિવલી નિવાસી ગં.સ્વ. પુષ્પાબહેન લીલાધર રૂઘાણી (ઉં.વ.૮૬) તે લીલાધર હેમરાજ રૂઘાણીના પત્ની. અપૂર્વભાઈ, સ્વાતિબહેન તરુણ રૂપારેલના માતુશ્રી. અલકા અને તરુણભાઈના સાસુ. સ્નેહીલનાં દાદી. નૈતિક, વેદિકના નાનીમા. નરોત્તમદાસ તથા રામકુંવરબહેનના દીકરી. તા. ૨૦.૯.૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૨૨.૯.૨૬ના સાંજે ૫ થી ૭. જૈન ઉપાશ્રય, પાંચમે માળે, શંકરના મંદિર સામે, એસ. વી. રોડ, કાંદિવલી વેસ્ટ.

**હાલાઈ ભાટીયા**

હેમેન્દ્ર છબીલદાસ કાપડિયા (ઉં. વ. ૭૦) રવિવાર, તા. ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ દમયંતીબેન છબીલદાસના પુત્ર. સ્વ. શાંતાબેન નવનીતલાલ ભાટીયાના જમાઈ. ચેતનાના પતિ. રાહુલ(કુંજલ),નંદિનીના પિતા. મંજૂલા, સ્વ. કૃષ્ણરાજ, સ્વ. ચંદ્રહાસ, મહેન્દ્ર તથા રાજેન્દ્રના ભાઈ. હેતાંશના દાદા. પ્રાર્થનાસભા ૨૩મીએ બુધવાર સાંજે ૫ થી ૭. સ્થળ: કેવલ બાગ ટ્રસ્ટ, કિલાચંદ રોડ, કાંદિવલી ફ્લાયઓવર નીચે, શંકર લેન સામે, કાંદિવલી વેસ્ટ. (લૌ. વ્ય. બંધ છે).

**કચ્છી ભાટિયા (શિવજીઆણી)**

અ. સૌ. ચંદાબેન દિનેશ હિંગવાલા (ઉં.વ. ૭૫) તે દિનેશ હિંગવાલાનાં પત્ની. મધુરીબાઈ ખટાવનાં પુત્રવધૂ. ઝુબિન, મિતેનનાં માતા. સૌ જાગૃતિ, સૌ બીજલનાં સાસુ. દિવા, ક્રીશા, રિવાનનાં દાદી. સ્વ. દ્વારકાદાસ નારાયણદાસ ભાટે (સાંગલીવાળા)નાં પુત્રી તા. ૨૦-૦૯-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૨-૦૯-૨૬, મંગળવાર સમય સાંજે ૪ થી ૬. સ્થળ: બાલભવન, બાલકનજી બારી રોડ ઘાટકોપર બાલકનજી બારી માર્ગ, રાજાવાડી ગાર્ડન સામે, રાજાવાડી, ઘાટકોપર પૂર્વ.

# પારસી મરણ

ગુલશન રતન કરંજ્યા તે ઓસ્તા રતન એન. કરંજ્યાના ધણીયાણી. તે મરહુમો સોરાબજી તથા બાનુ મિસ્ત્રીના દીકરી. તે બીનાઇફર આર. કરંજ્યા તથા મહેરઝાદ આર. કરંજ્યાના માતાજી. તે ડો. પેટરસ વાડીયા તથા ખતીજાના સાસુજી. તે મીનુ એસ. મિસ્ત્રીના બહેન. તે ઝેહાન પી. વાડીયા, અને ઝાયન એમ કરંજ્યાના બપઇજી. તે હાનોઝ અને અરનાઝના ફૂઇજી. (ઉં. વ. ૭૫) રે. ઠે. બી / ૧૭૦૩, અશોક ટાવર,ડો. એસ. એસ. રાવ રોડ, ભારતમાતા ટોકીઝની સામે, લાલબાગ, મુંબઇ-૪૦૦૦૧૨. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૨-૯-૨૦૨૬ના દિવસે સાંજે ૩.૪૦એ લાલબાગની અગિયારીમાં કરવામાં આવશેજી.

યઝદી પેસી દુબાષ (ઉં. વ. ૮૪) તા. ૨૦-૯-૨૬ના ગુજરી ગયા છે. જેનીના પતિ. મરહુમ પેસી અને કોરશેદ દુબાષના દીકરા. જસ્મીન ભીરાની અને ફરીઝા દુબાષના પિતાશ્રી. રવિ ભીરાનીના સસરા. રાહુલ ભીરાની અને દક્ષય પાંડેના ગ્રાન્ડ ફાધર. ઉઠમણું: તા. ૨૨-૯-૨૬ના. ઠે. ગુલશન, પાંચમે માળે, ત્રીજી પાસ્તા લેન, કોલાબા-મુંબઇ-૫.

# જૈન મરણ

**દેરાવાસી દશા શ્રીમાળી જૈન**

નાથાલાલ લક્ષ્મીચંદ સરવૈયા થોરડી નિવાસી હાલ ઘાટકોપર (ઉં. વ. ૮૭) તે ચંદ્રિકાબેનના પતિ. માધવી, શ્રેણીકના પિતા. અમરીશભાઇ, જસ્મીબેનના સસરા. ખુશીના દાદા. સ્વ. કિર્તીભાઇ, પુષ્પાબેન, નિરૂબેન, કિરણબેનના ભાઇ. સ્વ. હરખચંદ જમનાદાસ દડીઆના જમાઇ સોમવાર, તા. ૨૧-૯-૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

રાજકોટ નિવાસી હાલ ઘાટકોપર સ્વ. લીલાબેન હસમુખલાલ લાલચંદભાઇ કોઠારીના સુપુત્ર જયંતભાઇ (ઉં. વ. ૭૩)ના તા. ૨૧-૯-૨૬ સોમવારના અરિહંતશરણ પામેલ છે. તે ભાવનાબહેનના પતિ. શ્રેણિક, પૂજા તથા થીઆના પપ્પા-દાદા. પરેશભાઇ, હર્ષાબેન ભરતભાઇ મહેતા તથા હેમંતભાઇના ભાઇ. સ્વ. સ્નેહલતા ધીરજલાલ દડિઆના જમાઇ. પૂર્ણા પ્રકાશ દોશી, લીના તથા દેવાંગ દડિઆના બનેવી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ગોધરાના સુરેશ જેઠાલાલ નાગડા (ઉં. વ. ૮૦) તા. ૧૯-૯-૨૬ના અવસાન પામ્યા છે. સાકરબેન જેઠાલાલ ખીમજીના સુપુત્ર. જવેરબેનના પતિ. સમીર, કવિતા, પારૂલના પિતાશ્રી. બિપીન, કિશોર, ગિરીશ, જયેન્દ્ર, લાયજાના સરોજ રમેશ ઝવેરચંદ, વિઢ જ્યોત્સના હરખચંદ હંસરાજના ભાઈ. દેવપુરના ગોમીબાઈ ચાંપશી ખેરાજના જમાઈ. પ્રા. યોગી સભાગૃહ, દાદર. ટા. સવારના ૧૦.૩૦ થી ૧૨.૦૦.

નાની તુંબડીના જીતેન્દ્ર લાલજી સાવલા (ઉં. વ. ૭૧) તા. ૨૦-૯-૨૬ના અવસાન પામ્યા છે. કસ્તુરબાઈ લાલજીના પુત્ર. કુસુમના પતિ. ગૌતમ, પૂનમના પિતા. રમેશ, વિજય, તરલાના ભાઈ. હીરબાઈ રતીલાલના જમાઈ. શ્રી. વ. સ્થા. જૈન શ્રા. સં. સં. કરસન લધુ નીસર હોલ, દાદર (વે). ટા. ૧૦.૩૦ થી ૧૨.૦૦.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ચારણીયા નિવાસી હાલ રત્નાગીરી, મધુસૂદન દામોદરદાસ કામદાર (ઉં. વ. ૮૩) તા. ૨૧/૦૯/૨૬ના અરિહંતશરણ પામ્યા છે. તે સ્વ. તારાબેન દામોદરદાસ કામદારના પુત્ર. કોકીલાબેનના પતિ. પ્રણય, હેમા નિલેશ મહેતા તથા પુર્વી પ્રશાંત બદાણીના પિતા. નિશાના સસરા. સ્વ. રણજીતભાઈ, સ્વ. રવીન્દ્રનભાઈ, દીપકભાઈ તથા રેખાબેન રમેશભાઈ કામદારના ભાઈ. ગોંડલ નિવાસી સ્વ. ગોકળદાસ કલ્યાણજી પારેખના જમાઇ. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૨/૦૯/૨૬ના રોજ સવારે ૧૦.૩૦ થી ૧૨.૩૦. આરાધના ભવન, જૈન દેરાસર પાસે, રત્નાગીરી.

# તમામ નાળાઓ પર સ્ટીલની જાળી બેસાડવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મોટાં નાળાઓમાં કચરો ફેંકતા લોકોને અટકાવવા માટે મુંબઈના અમુક મોટાં નાળાઓ પર પ્રાયોગિક ધોરણે સ્ટીલની જાળીઓ બેસાડવામાં આવ્યા બાદ મુંબઈ મહાનગરપાલિકાએ હવે મુંબઈ ઉપનગરનાં તમામ નાળાઓ પર જાળી બેસાડવાનો નિર્ણય લીધો છે. તે માટે પાલિકાએ ૨૦૨૮ની ડેડલાઈન નક્કી કરી છે.

મુંબઈનાં નાળાઓ અને ગટરોમાં કચરો ફેંકવાની લોકોની પ્રવૃત્તિને કારણે દર વર્ષે ચોમાસામાં મુંબઈમાં થોડા વરસાદમાં પણ પાણી ભરાઈ જતાં હોય છે. નાળાઓ પર આવેલાં ઊભા થઈ ગયેલાં ઝૂંપડાઓને કારણે મોટાં નાળામાં ગાદલા, ફ્રિજ, સોફાથી લઈને ભંગાર થઈ ગઈ ગયેલી રિક્ષાને ફેંકવાના બનાવ પણ છેલ્લાં અનેક વર્ષોમાં મુંબઈમાં બન્યાં છે. લોકોના આવા ઉપદ્રવને કારણે વરસાદી પાણીનો નિકાલ થઈ શકતો નથી અને પાણી ભરાઈ જતા હોય છે. તેથી નાળાઓ પર તથા નાળાને અડીને આવેલા રિટેઈનિંગ વોલ પર જાળી બેસાડીને જળમાર્ગોને અવરોધાતા અટકાવવાનો અને ચોમાસા માટે શહેરની સજ્જતામાં સુધારો કરવાનો છે.

પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા અનુસાર 'મેઈન એવન્યુ નાળા' અને 'સાઉથ એવન્યુ નાળા' પર સ્ટીલની જાળીઓ લગાવવાથી કચરો ફેંકવાની ઘટનાઓમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. તેથી પાલિકા હવે આ ઉપાયનો વ્યાપ વાકોલા નદી સુધી વધારી રહ્યું છે, જ્યાં જ્ઞાનેશ્વર ઝૂંપડપટ્ટી નજીક બેફામ કચરો ફેંકવાને કારણે જળમાર્ગ અત્યંત પ્રદૂષિત થઈ ગયો છે અને તે ગટર જેવો દેખાવા લાગ્યો છે. નદીમાં તરતા કચરાને કારણે પ્રવાહ અવરોધાવાની વારંવારની ફરિયાદો બાદ વહીવટી તંત્રએ વાકોલા નદીની રીટેઈનિંગ વોલ સાથે કચરો રોકતી સ્ટીલની જાળી લગાવવાનું કામ હાથ ધર્યું છે.

એડિશનલ કમિશનર (પ્રોજેક્ટ) અભિજીત બાંગરે જણાવ્યું હતું કે નક્કી કરાયેલાં નાળાઓ પર ૧૦ ફૂટ ઊંચી સ્ટીલની જાળીઓ લગાવવાથી નજીકની ઝૂંપડપટ્ટીના રહેવાસીઓને જળમાર્ગોમાં કચરો ફેંકતા અટકાવી શકાયા છે. દાયકાઓ જૂની સમસ્યાના ઉકેલમાં આ પગલું અસરકારક સાબિત થયું છે. હવે અમે તમામ મુખ્ય નાળાઓ પર ખાસ કરીને ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં, આવી જ જાળીઓ લગાવવાની યોજના બનાવી રહ્યા છીએ અને બે વર્ષમાં આ કામ પૂર્ણ કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# તન મન ધનથી રહો તરોતાજા

# રોકાણનું જમા-ઉધાર



**અમિત ત્રિવેદી** feedback@bombaysamachar.com

## દોષનો ટોપલો કોને માથે ઢોળવો?

આજકાલ રોકાણકારો સાથે છેતરપિંડી થવાના અનેક કિસ્સા સામે આવે છે. લફંગાઓ, ઠગ અને સાયબર અપરાધીઓ લોકોને પોતાના શિકાર બનાવે છે. ઘણીવાર ભોગ બનનાર વ્યક્તિ ભોળી અથવા નાણાકીય બાબતોથી અજાણ હોય છે. સંશોધનો પણ આ વાતને ટેકો આપે છે કે આવી છેતરપિંડીનો ભોગ મોટાભાગે નાણાકીય સાક્ષરતા ન ધરાવતા લોકો જ બને છે અને જો યોગ્ય નાણાકીય શિક્ષણ મળે તો આવા બનાવો ઘટાડી શકાય છે. તેમ છતાં, કેટલીકવાર એવા કિસ્સા પણ જોવા મળે છે જ્યાં નાણાકીય વિષયોમાં નિષ્ણાત ગણાતા લોકો પણ છેતરપિંડીનો આબાદ શિકાર બની જાય છે.

આવી જ એક ઘટનાએ મારું ધ્યાન ખેંચ્યું, કારણ કે તેમાં એક જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (CA) સામેલ હતા. આ મહાનુભાવ અવારનવાર વિવિધ મંચ પરથી નાણાકીય વિષયો પર વ્યાખ્યાન આપતા રહે છે. આ બનાવમાં ભોગ બનનાર આ સજ્જને એક તબક્કે એ વ્યક્તિ પર દોષારોપણ કર્યું જેણે તેમને રોકાણની સ્કીમ વેચી હતી. તેમણે સ્વીકાર્યું કે તે લાલચમાં આવી ગયા હતા અને સલાહકારે જે કહ્યું તે બધું સાચું માની લીધું. જે વ્યક્તિ નાણાકીય બાબતો, ફાઇનાન્શિયલ સ્ટેટમેન્ટ્સ અને આંકડાઓની માયાજાળને સારી રીતે સમજે છે, તેને કોઈ ઠગ કેવી રીતે બનાવી શકે? શું આ વાત અવિશ્વસનીય નથી લાગતી? જોકે આ સવાલનો જવાબ એ સજ્જનના પોતાના જ નિવેદનમાં છુપાયેલો છે 'તે લાલચમાં આવી ગયા હતા.'

હવે આ વાત ખરેખર મૂંઝવણભરી છે. વ્યક્તિ પોતે લાલચુ હોવાનો સ્વીકાર પણ કરે છે અને સાથે સાથે કોઈ તેમને છેતરી ગયું તેની ફરિયાદ પણ કરે છે.

પોતાની ભૂલનો દોષ બીજાના માથે મઢી દેવાનો આ નિર્ણય એક ઊંડા માનસિક મનોવિજ્ઞાનમાંથી આવે છે. પ્રયત્ન કરનાર દરેક વ્યક્તિના જીવનમાં નિષ્ફળતા એ એક સામાન્ય બાબત છે. તેને ટાળવી અશક્ય છે અને ઘણીવાર જીતવા માટે પૂરતા પ્રયાસો કર્યા હોવા છતાં, વિજય હાથમાંથી સરી જાય છે અને નિષ્ફળતા સામે આવીને ઊભી રહે છે. મોટાભાગના લોકો માટે આ પરિસ્થિતિને સ્વીકારવી સહેલી નથી હોતી. આવી પરિસ્થિતિઓમાં જ્યારે ધાર્યું પરિણામ નથી મળતું, ત્યારે સમાજ તમને કાં તો એક મૂર્ખ ગણે છે જેણે મૂર્ખામીભર્યા નિર્ણયો લીધા, અથવા તો સંજોગોનો ભોગ બનેલી એક લાચાર વ્યક્તિ ગણે છે.

દુનિયાની નજરમાં મૂર્ખ સાબિત થવા કરતાં સંજોગોનો ભોગ બનેલી શિકાર વ્યક્તિ તરીકે ઓળખાવું વધુ સારું માનવામાં આવે છે. મૂર્ખ બનવાથી લોકો તમારી મશ્કરી કરશે, જ્યારે શિકાર બનવાથી તમને લોકોની સહાનુભૂતિ મળશે અને સહાનુભૂતિ મેળવવી લોકોને વધુ અનુકૂળ લાગે છે. તેનાથી મનને શાંતિ મળે છે.

શરૂઆતમાં આપે દાખલો, જેમાં એક ઉચ્ચ શિક્ષિત અને અનુભવી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સામેલ હતા, તે આ વાતને સ્પષ્ટપણે સાબિત કરે છે. હવે જ્યારે નુકસાન થઈ જ ચૂક્યું છે, ત્યારે તેના માટે આખરે જવાબદાર કોણ?


નિશ્ચિતપણે, છેતરપિંડીના ગુનાને ચલાવી ન લેવાય અને ગુનેગારને સજા મળવી જ જોઈએ, છતાં પણ, મોટાભાગના કિસ્સાઓમાં તેનો ઉપાય નાણાકીય પ્રોડક્ટ્સ ખરીદનારના પોતાના હાથમાં જ હોય છે પછી તે રોકાણ હોય, વીમો હોય કે લોન હોય. જો વ્યક્તિ લાલચ અને ડર જેવી લાગણીઓ પર કાબૂ રાખીને સમજી-વિચારીને નિર્ણયો લે તો પરિણામ મોટાભાગે સંતોષકારક જ આવે છે.

જેમ ઉપનિષદનો એક જૂનો સંસ્કૃત શ્લોક કહે છે:

**'मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः'**

એટલે કે, 'મનુષ્યના બંધન અને મુક્તિ બંનેનું મુખ્ય કારણ તેનું પોતાનું મન જ છે.' ■

---



**અર્થતંત્રની આજ-કાલ**
**કિશન દેસાઈ**
feedback@bombaysamachar.com

## ભારતના અર્થતંત્રમાં Gen-Zની ભૂમિકા મહત્ત્વની ખરી?

નવી કૉલમ

**ભારતીય** અર્થતંત્ર હાલમાં એક મોટો અને ઐતિહાસિક બદલાવ અનુભવી રહ્યું છે, જેના કેન્દ્રમાં 'જનરેશન-ઝેડ' (જેન-ઝી) પેઢી છે. યુએનના 'વર્લ્ડ પોપ્યુલેશન પ્રોસ્પેક્ટ -૨૦૨૪' પ્રમાણે ભારતમાં અંદાજે ૪૦૭ મિલિયન(૪૦.૭ કરોડ)થી વધારે યુવાનો (૧૪ વર્ષથી ૨૯ વર્ષ)ની વસતિ છે, જે દેશની કુલ વસતિના લગભગ ૨૮% જેટલો હિસ્સો ધરાવે છે. વિશ્વના સૌથી વધુ યુવાનો ધરાવતા દેશ ભારતમાં આ પેઢી હવે માત્ર ડિજિટલ વપરાશકર્તા રહી નથી, પરંતુ દેશના આર્થિક ગતિચક્રને ચલાવતી સૌથી મહત્ત્વની તાકાત બની ગઈ છે. ભારતીય અર્થતંત્ર પાંચ ટ્રિલિયન ડૉલરનું અર્થતંત્ર બનવા જઈ રહ્યું છે ત્યારે તેમાં જેન-ઝી પેઢીની ભૂમિકા મહત્ત્વની બની રહેશે.

કોઈપણ અર્થતંત્રમાં વપરાશ, રોકાણ, સરકાર દ્વારા કરાયેલો ખર્ચ અને આયાત-નિકાસ પાયારૂપ ઘટક હોય છે, જેમાં વપરાશ એ ખૂબ અગત્યનો ભાગ છે. ભારતના પરંપરાગત અર્થતંત્રમાં ખરીદી મુખ્યત્વે જરૂરિયાત પર આધારિત હતી, પરંતુ જેન-ઝી પેઢીએ તેને બદલીને 'ઈન્સ્પિરેશન ઈકોનોમી'માં ફેરવી નાખી છે. 'ઈન્સ્પિરેશન ઈકોનોમી' એટલે જેમાં લોકો કેટલાક અન્ય લોકો કે સંજોગોથી પ્રેરાઈને પોતાની લાઈફસ્ટાઈલને ઉપર લાવવા પ્રયત્ન કરે, જેમ કે કન્ટેન્ટ ક્રિએટરથી પ્રેરાઈને જાણીતી બ્રાન્ડના કપડા ખરીદવા. મિલેનિયલ અથવા એની પહેલાંની પેઢી માત્ર જરૂરિયાત પૂરતી ખરીદીને પ્રોત્સાહન આપતી આવી છે અને બચતને પ્રાધાન્ય આપી સંપત્તિ અને મિલકત બનાવવામાં રસ રાખતી આવી છે, જ્યારે જેન-ઝી પેઢી માત્ર સંપત્તિ કે મિલકત બનાવવામાં રસ દાખવવાને બદલે પ્રવાસ, કેફે, ફિટનેસ અને પર્સનલ કેર જેવાં અનેકવિધ ક્ષેત્રોમાં 'અનુભવ' ખરીદવા પાછળ વધુ ખર્ચ કરે છે, જેણે દેશમાં નવી D2C (Direct-to-Consumer) બ્રાન્ડ્સ અને ક્રિએટર ઇકોનોમીને અભૂતપૂર્વ પ્રોત્સાહન આપ્યું છે.

અમેરિકન અર્થતંત્રની સરખામણીએ જોઈએ તો, યુ.એસ.નો મોટો આધાર કન્ઝ્યુમર-ડ્રિવન મૉડેલ (જેમાં મોટા પ્રમાણમાં વપરાશ-કન્ઝમ્પશન પર આધારિત અર્થતંત્ર હોય) પર રહ્યો છે, જ્યાં જીડીપીનો આશરે ૬૮-૭૦% હિસ્સો સ્થાનિક વપરાશમાંથી આવે છે. ૨૦મી સદીમાં અમેરિકન યુવાનોના વિપુલ ખર્ચે ત્યાંના અર્થતંત્રને વિશ્વની સૌથી મોટી તાકાત બનાવ્યું હતું. ભારતમાં પણ હવે આ જ ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે, જ્યાં અર્થતંત્રનું ચક્ર 'કન્ઝમ્પ્શન-લેડ ગ્રોથ' તરફ શિફ્ટ થઈ રહ્યું છે. ભારત માટે વિશેષ ફાયદો એ છે કે આપણી પાસે અમેરિકા કરતાં પણ વિશાળ યુવા વસતિ છે. આ વિશાળ વસતિ સ્થાનિક ઉત્પાદકો, ઈ-કોમર્સ અને MSME ક્ષેત્ર માટે સતત માંગ ઊભી કરે છે, જે વૈશ્વિક મંદી સામે ભારતીય અર્થતંત્રને એક મજબૂત સુરક્ષા કવચ પૂરું પાડે છે.

ભારતના અર્થતંત્રમાં ૭.૮% ના દરે થતા વિકાસમાં આ વપરાશ આધારિત અર્થતંત્ર મહત્ત્વનો ભાગ ભજવી રહ્યું છે. સોશ્યલ મીડિયાના માધ્યમો જેવા કે ઈન્સ્ટાગ્રામ, યુટ્યૂબ અને સ્નેપચેટ આ પેઢી માટે આધુનિક શોપિંગ મોલ બની ગયા છે, જે નવી કંપનીઓ તેમજ ઓન્ટ્રેપ્રેન્યોરશિપને વેગ આપી રહ્યું છે. જેન-ઝી પેઢીએ કમાણી અને ખર્ચ કરવાની આધુનિક શૈલીએ ભારતના કન્ઝમ્પ્શન ગ્રોથને એક નવી દિશા આપી છે. આ પેઢીએ કમાણીના નવાં નવાં અનેક આયામ શોધી આપ્યા છે. માત્ર એક ફોન દ્વારા પણ લાખો રૂપિયા કમાઈ શકવાની ક્ષમતા ધરાવે છે.

નિષ્કર્ષરૂપે એમ કહી શકાય કે ભારતની જેન-ઝી માત્ર એક ઉંમરનું જૂથ નથી, પરંતુ દેશની આર્થિક ક્રાંતિનું મુખ્ય એન્જિન બની શકે છે. પ્રેરણાથી પ્રેરાઈને ખરીદી કરવાની તેમની ટેવ, નવી બ્રાન્ડ્સને સ્વીકારવાની વૃત્તિ અને સતત વધતી કમાણી ક્ષમતા ભારતીય અર્થતંત્રનું ભવિષ્ય નક્કી કરી રહી છે. આવનારા દાયકામાં જે પણ ઉદ્યોગો અને બ્રાન્ડ્સ આ યુવા પેઢીની માનસિકતાને અનુકૂળ થઈ શકશે, તે જ ભારતીય બજારમાં સફળતા મેળવશે. સાથે જ, વપરાશ આધારિત અર્થતંત્ર વિદેશી રોકાણકારો માટે પ્રોત્સાહનરૂપ હોય છે. આથી ભવિષ્યમાં પણ અનેક વિદેશી કંપનીઓ અને રોકાણકારો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ભારતીય બજારમાં ઝંપલાવશે.

જોકે આ સાથે, મોંઘવારી અર્થતંત્ર માટે એક ચિંતાનો વિષય બનશે. અમેરિકા દેશ હાલમાં જે આર્થિક સંકટ સામે ઝઝૂમી રહ્યું છે એવી હાલત ભારતના અર્થતંત્ર માટે પણ શક્ય છે, પરંતુ ભારતની બચત અને રોકાણની પરંપરાગત ટેવ ભારતીય અર્થતંત્ર માટે ઘણી લાભદાયી નીવડી શકે એમ છે. જેન-ઝી પેઢીને આ બાજુ વાળવી એ આવનારા સમયમાં ખૂબ જરૂરી છે. આમ, જેન-ઝી પેઢી ભવિષ્યના ભારતીય અર્થતંત્રની દિશા નક્કી કરશે અને પોતાની ભૂમિકા વધુ મજબૂત બનાવશે. ■

---

## જ્યારે તેલ બોલે છે ત્યારે કરન્સી સાંભળે છે !

નવી કૉલમ



**કરન્સી કંપાસ**
**ડો.યોગેશ દડકે**
feedback@bombaysamachar.com

**વિદેશ** ભણવા ગયેલા સંતાનની યુનિવર્સિટીની ફી ચૂકવવાની તૈયારી કરતાં મા- બાપ, ભારતીય રોકાણની અમેરિકાના રોકાણ સાથે સરખામણી કરતા એનઆરઆઈ અને આગામી ત્રિમાસિકગાળાના આયાત ખર્ચની સમીક્ષા કરતા સીએફઓ વચ્ચે આમ જોવા જઈએ તો કોઈ સામ્યતા ખરી?કદાચ પ્રથમ દૃષ્ટિએ એવી કોઈ સમાનતા આપણી નજરે નહીં ચઢે. તેમ છતાં, ગયા અઠવાડિયે આ ત્રણેય હકીકતમાં હજારો કિલોમીટર દૂર એટલે કે ઊર્જા બજારોમાં આકાર લઈ રહેલા એક સમાન ઘટનાક્રમ પર નજર રાખી રહ્યા હતા. મધ્યપૂર્વના તણાવને કારણે બ્રેન્ટ ક્રૂડ ૧૦૦ પ્રતિ બેરલથી ઉપર પહોંચી ગયું, જેનાં પરિણામ ઝડપથી આવ્યાં. તેલ આધારિત ફુગાવાની ચિંતાઓ- ફુગાવાને કારણે બોન્ડ યીલ્ડ (વળતર)માં વધારો થયો- વળતરમાં વધારાને કારણે સેન્ટ્રલ-બેંક નીતિની આસપાસ અપેક્ષાઓ બદલાઈ ગઈ અને તે અપેક્ષાઓને કારણે મુંબઈથી ફ્રેન્કફર્ટ અને ટોક્યો સુધીની કરન્સીમાં હલચલ જોવા મળી. ભૂરાજકીય ઘટના લાંબા સમય સુધી ભૂરાજકીય રહેતી નથી. તે ઘરગથ્થુ બજેટ, રોકાણ વળતર અને કોર્પોરેટ માર્જિન પર પછી અસર કરે છે, પરંતુ તે પહેલા ઊર્જા, ફુગાવા, વ્યાજ દરો અને મૂડી પ્રવાહ પર તેની અસર જોવા મળે છે. રૂપિયાએ આ ટ્રાન્સમિશનનો સીધો અનુભવ કર્યો. અઠવાડિયા દરમિયાન તે ૧.૧% ઘટીને ₹૯૫.૫૫ પ્રતિ યુએસ ડૉલર થયો , જે ચાર મહિનામાં તેનો સૌથી તીવ્ર સાપ્તાહિક ઘટાડો છે, કારણકે મોંઘા તેલ અને વધતા વૈશ્વિક વળતરને કારણે ભારત જેવા ઊર્જા-આયાત કરતા અર્થતંત્ર પર દબાણ વધ્યું. આરબીઆઇએ ઉપર તળે થઇ રહેલા રૂપિયાને નિયંત્રિત કરવા માટે કાર્યવાહી કરી, છતાં ભારતના બાહ્ય ઘટનાક્રમની બીજી બાજુ પણ એટલી જ મહત્ત્વપૂર્ણ હતી. તાજેતરના અહેવાલના અઠવાડિયામાં વિદેશી હૂંડિયામણ અનામત લગભગ ૪૫ બિલિયન વધીને ૭૮૫.૭ બિલિયન થયું, જે નોંધપાત્ર બફર પૂરું પાડે છે,પરંતુ તે અઠવાડિયું ફક્ત 'મજબૂત ડૉલર, નબળો રૂપિયા'નું નહોતું. વૈશ્વિક ચિત્ર વધુ સૂક્ષ્મ હતું. અમેરિકામાં ઓગસ્ટમાં ફુગાવાનો આંકડો ઊંચો આવતા એવી અપેક્ષાઓ મજબૂત થઈ કે ફેડરલ રિઝર્વ તેની આગામી બેઠકમાં દર વધારી શકે છે. અમેરિકી ડૉલરના ઊંચા દરનો સીધો અર્થ એ થાય કે ડૉલરમાં રોકાણ વધુ આકર્ષક બને, જેથી ડૉલરને ટેકો મળી શકે છે, પરંતુ બજારો વૃદ્ધિ અને ભૂ-રાજકીય જોખમ સામે ફુગાવાનું સંતુલન પણ કરી રહ્યા હતા. યુરોપને પણ આ જ પ્રકારની દ્વિધાનો સામનો કરવો પડ્યો હતો. ઊર્જાના વધતા ખર્ચને કારણે ફુગાવા અંગેની સ્થિતિ જટિલ બનતાં, યુરોપિયન સેન્ટ્રલ બૅંકે તેના મુખ્ય વ્યાજદરમાં પચીસ બેઝિસ પોઈન્ટનો વધારો કરીને તેને ૨.૫% કર્યો હતો - ચાલુ વર્ષે આ તેનો બીજો વધારો હતો. તેમ છતાં, યુરોમાં આપમેળે કોઈ મજબૂતી જોવા મળી નહીં. એમાંથી ચલણ (કરન્સી) અંગેનો એક મહત્ત્વપૂર્ણ બોધપાઠ મળે છે. બજારો માત્ર વ્યાજદરમાં વધારો થયો છે કે કેમ તેના પર જ પ્રતિક્રિયા આપતા નથી, પરંતુ અગાઉ શું અપેક્ષા હતી, નીતિ-નિર્ધારકો આગળ શું સંકેત આપે છે અને નાણાકીય નીતિ કડક થવાથી ભવિષ્યના વિકાસ પર શું અસર પડશે તે બાબતોને પણ ધ્યાનમાં લે છે.

જાપાનના કિસ્સામાં સૌથી મોટો વિરોધાભાસ જોવા મળ્યો હતો. વર્ષો સુધી રોકાણકારો અન્યત્ર રોકાણ કરવા માટે નિયમિતપણે 'યેન' વેચતા રહ્યા હતા, પરંતુ હવે ફેબ્રુઆરી પછી પ્રથમ વખત સટ્ટાકીય સ્થિતિ 'નેટ-લોંગ યેન'(યેન ખરીદવાની તરફેણમાં) તરફ વળી છે. બૅંક ઓફ જાપાન દ્વારા નાણાકીય નીતિ વધુ ઝડપથી કડક બનાવવાની અપેક્ષાઓ અને સાથે સાથે જાપાની મૂડીના સ્વદેશ પરત ફરવાની શક્યતા એ તે ચલણ અંગેની ચર્ચાનું ચિત્ર બદલી નાખ્યું છે, જે થોડાક જ અઠવાડિયા પહેલા ભારે દબાણ હેઠળ હતું.

વાચકોની જાણ ખાતર, આ માત્ર બજારની અવ્યક્ત ચાલ નથી. વિદેશમાં ટ્યુશન ફી ચૂકવતા માતા-પિતા વિદેશી ચલણમાં ફેરફારની સીધી અસર કુટુંબના બજેટમાં ફેરફાર તરીકે અનુભવે છે. એનઆરઆઈએ ઘરઆંગણાની કરન્સીના આધારે રોકાણોની તુલના કરવી જોઈએઃ જો ભારતમાં ઊંચું વળતર મળતું દેખાતું હોય, પણ જો રૂપિયામાં ઘસારો થાય તો જે કરન્સી સાથે તેની સરખામણી કરો તેમાં આખરે વળતર ભૌતિક રીતે તો ઘટે છે. જો રૂપિયો કરન્સીની સામે ભૌતિક રીતે ઘટે છે તો ભારતમાં ઉચ્ચ હેડલાઇન વળતર (જેને ગુજરાતીમાં પ્રારંભિક આકર્ષક વળતર અથવા દેખાડાનું વળતર કહી શકીએ) ઓછું થઈ શકે છે જેમાં સંપત્તિ આખરે માપવામાં આવેછે. એચએનઆઈ (એચએનઆઈ-ઉચ્ચ નેટ વર્થ ધરાવતી વ્યક્તિ) માટે, કરન્સી પોર્ટફોલિયો વળતરનો ભાગ છે, ફક્ત મુસાફરી ખર્ચ નહીં. સીએફઓ માટે, તે લેન્ડેડ કોસ્ટ, ભાવો, કાર્યકારી મૂડી, હેજિંગ અને માર્જિનમાં ફેરફાર કરી શકે છે અને વૈશ્વિક સ્તરે કાર્યરત વ્યાવસાયિક માટે, સતત કરન્સી પરિવર્તન કોર્પોરેટ બજેટ, કર્મચારી ભરતીનું અર્થશાસ્ત્ર અને દેશોમાં પ્રતિભા સંબંધિત ખર્ચને પ્રભાવિત કરી શકે છે. એક અન્ય પાસું છે જેને સમજદાર રોકાણકારોએ વધુને વધુ ધ્યાનમાં લેવાની જરૂર છે. તે કરન્સી કે જેમાં આખરે વળતર માપવામાં આવે છે. કલ્પના કરોકે એક એનઆરઆઈ ભારતમાં મળતા ઊંચા વળતરવાળા રોકાણની સરખામણી તે દેશની ઓછું વળતર આપતી તક સાથે કરે છે જ્યાં તે પોતે રહે છે. કાગળ પર જોતાં, ભારત સ્પષ્ટપણે વધુ આકર્ષક જણાઈ શકે છે, પરંતુ જો રોકાણના સમયગાળા દરમિયાન રૂપિયાનું મૂલ્ય નોંધપાત્ર રીતે ઘટે છે તો જ્યારે પૈસા રોકાણકારના ઘરઆંગણાની કરન્સીમાં રૂપાંતરિત થાય છે ત્યારે તે વધારાના વળતરનો એક ભાગ અથવા તો બધો જ અદૃશ્ય થઈ શકે છે. તેનાથી વિપરીત સ્થિતિ રોકાણકારને લાભ આપી શકે છે. આ જ કારણ છે કે વૈશ્વિક રોકાણકારો સંપત્તિ પરના વળતર અને કરન્સીમાં પરિવર્તન પછીના વળતર વચ્ચે તફાવત કરે છે. વ્યાજ દર, ઇક્વિટી લાભ અને મિલકતના મૂલ્યમાં વધારો એ આખી વાર્તાનો માત્ર એક ભાગ છે, પણ વિનિમય દરો કોઈ અવાજ વગર, આખું અંક ગણિત અલગ રીતે લખી શકે છે.તમે જે વળતર મેળવો છો તે હંમેશાં તમે રાખો છો તે વળતર નથી હોતું. સામાન્યમુદ્દો એ છે કે વિનિમય દર ટ્રાન્સમિશન મિકેનિઝમ છે. તે વૈશ્વિક ઘટનાઓને સ્થાનિક અર્થશાસ્ત્રમાં રૂપાંતરિત કરે છે.તેથી,આવનારું અઠવાડિયું અત્યંત મહત્ત્વપૂર્ણ છે. ફેડરલ રિઝર્વ હવે ફરી મળશે, જ્યારે અન્ય મુખ્ય કેન્દ્રીય બેંકો અને બજારો ઊર્જા આંચકો કામચલાઉ છે કે સતત છે તેનું મૂલ્યાંકન કરશે. પ્રશ્ન ફક્ત એ નથી કે ડોલર, યુરો, યેન કે રૂપિયો આગામી સમયમાં વધે છે કે નહીં, પરંતુ એ છે કે શું નીતિ નિર્માતાઓ મોંઘી ઊર્જાને વધુને વધુ ફુગાવાના ચક્ર તરીકે જુએ છે અથવા એક આંચકા રૂપે જે અર્થતંત્રો લાંબા સમય સુધી કડક થયા વિના સંભાળી શકે છે. ■

---



**ઘર બસાકે દેખો**
**વરુણ સિંહ**
feedback@bombaysamachar.com

## સ્વીટ હોમ ખરીદવાના છો ?

### ચોરસ ફૂટના ભાવ ઉપરાંત બીજા કયા મહત્ત્વના મુદ્દા છે એ જાણો- જાણવા માટે વાંચો અમારી આ નવી કોલમ

નવી કૉલમ

આ કોલમની શરૂઆતમાં જ ઘર ખરીદનાર દરેકને એક મહત્ત્વનો સવાલ પૂછવા માગું છું કે જ્યારે તમે ઘર ખરીદો છો અથવા તો ખરીદવાનું પ્લાનિંગ કરો છો ત્યારે તમે વિવિધ પ્રોજેકટના ચોરસ ફૂટના ભાવની તુલના કરવામાં કેટલો સમય ગાળો છો? હવે તમે તમારી જાતને બીજો સવાલ પૂછો કે તમે રકમ ચુકવી દો એ પછી તમારું રક્ષણ કરતા મહારેરા કાયદાને સમજવામાં કેટલો સમય વીતાવો છો? જો તમે બીજા સવાલ કરતાં વધારે સમય પહેલા સવાલ માટે વીતાવો છો તો આમ કરનાર તમે એકલા નથી. દરેક હોમબાયર ભાવ, ફ્લોર રાઈસ એટલે કે ઊંચા માળ માટે આપવી પડતી વધારાની રકમ અને નાણાં ચુકવણીના શેડ્યુલની તડજોડ કરવામાં અઠવાડિયાઓ કાઢી નાખે છે, પરંતુ એમાંનો કોઈ ખરીદનાર એગ્રીમેન્ટ ફોર સેલ (વેચાણ કરાર)ની દરેક લાઈન વાંચવાની કે એ જોવાની કે કરારમાં તેમને વચનરૂપે અપાયેલા કાર્પેટ એરિયા એ રેરાના કાયદા હેઠળ વ્યાખ્યા કરાયેલી ટર્મ છે કે નહીં અથવા તો બિલ્ડરનો અંદાજ છે એ જાણવાની તસ્દી લેતો નથી.

આજથી પ્રારંભ થઈ રહી છે એ આ નવી કોલમમાં તમને એ કહેવાનો નથી કે કયા વિસ્તારમાં ભાવ ઝડપથી વધી રહ્યા છે અથવા તો કયો બિલ્ડર કયો પ્રોજેક્ટ લોન્ચ કરવાનો છે? એની જાણકારી આપનારા તો ઘણા છે. હું તો તમને એવી માહિતી આપવા માગું છું કે જે તમને લાંબા ગાળામાં ઉપયોગી થાય અને મુંબઈમાં રેરાનો કાયદો કઈ રીતે ઉપયોગી થાય છે. હું તમને આ વાસ્તવિક ચુકાદા દ્વારા જણાવીશ, કારણ કે અંતે તો દરેક ચુકાદા પાછળ તમારા જેવા હોમબાયરની ભૂમિકા હોય છે જે ઘર માટે પોતાની બચત સમર્પિત કરી દે છે અને પછી તેની વાજબી વ્યવહાર થાય એ માટે લડવું પડે છે.

**આ વિશે ફોડ પાડવા મુંબઈના બે ઉદાહરણ આપીશ...**

પહેલું ઉદાહરણ શહેરના સેન્ટ્રલ પરાના રિડેવલપમેન્ટ પ્રોજેક્ટનો છે. આમાં એક બાયરે ડેવલપરે ટાંકેલા કાર્પેટ એરિયાને સાચો માનીને એગ્રીમેન્ટ ઑફ સેલ્સ કર્યું. તેણે કાયદા પ્રમાણે કાર્પેટ એરિયાની વ્યાખ્યા શું છે એ તપાસ્યું નહીં. વર્ષો બાદ તેણે ફ્લેટનું માપ લીધું તો ખબર પડી કે તેને ઓછો એરિયા આપીને ફસાવવામાં આવ્યો છે. બાયરે ઓછા ક્ષેત્રફળની ફરિયાદ કરવા માટે ફોરમનો સંપર્ક કર્યો. જો બાયરે કરાર પર સહી કરતા પહેલાં રેરામાં નોંધાવેલા ક્ષેત્રફળનો આંકડો જાણ્યો હોત તો તેને આ બધી માથાકૂટ ન થાત.

બીજું ઉદાહરણ પશ્ચિમના ઉપનગરનો છે. એક બાયરને પઝેશન (ઘરનો કબજો) મેળવવા વર્ષો સુધી પ્રતિક્ષા કરવી પડી. તેને ખબર નહોતી કે કાયદા પ્રમાણે વિલંબના પહેલા દિવસથી દરેક મહિનાનું વ્યાજનો તે હક્કદાર હતો. મહારેરામાં અરજી કર્યા બાદ તેને વ્યાજ મળ્યું. જોકે બાયરને ન્યાય મેળવવા માટે ત્રણ વર્ષની રાહ જોવી પડી.

આ બન્ને બાયર બેદરકાર લોકો નથી. તેમને એ ખબર નહોતી કે કાયદો તેમને શું અપાવે છે.

આથી આ કોલમ આ સિનારિયો બદલવા ઈચ્છે છે. અહીં હોમબાયરને તેમના અધિકારો વિશે એક સમયે પૂરી પ્રામાણિકતાથી એક સરળ ભષામાં સ્ટોરી કહીને જાગૃત કરીશ. ■

**આગામી કોલમ પ્રગટ થાય એ દરમિયાન તમને મૂંઝવતા સવાલ અને અનુભવ 'મુંબઈ સમાચાર'ને લખી શકો છો.** feedback@bombaysamachar.com

KIND ATTN. TO
CHAIRMAN, SECRETARY & MEMBERS
CONSULT US FOR :
A) Complete Re-Development Services from Feasibility, Tender Process, Builder Appointment, Occupation Certificate and Till Possession of New Flats.
B) Building Repairs.
PIONEER IN SELF RE - DEVELOPMENT
SEND ME FOLLOWING DETAILS
1) NAME OF SOCIETY AND ADDRESS
2) PLOT AREA 3) NO. OF. MEMBERS
4) CONVEYANCE WITH SOCIETY (YES / NO)
SANJAY BAKUL SHETH GROUP :
+ 91 9323344345
(SEND MESSAGE ON WHATSAPP)
E-MAIL ID : pmcsanjayrex@gmail.com
40 + YEARS MARKETING EXPERIENCE

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

ફાયનાન્સ ફંડા

મિતાલી મહેતા
feedback@bombaysamachar.com

# એનાલિસિસ પેરાલિસિસઃ 'પરફેક્ટ' નાણાકીય નિર્ણયની રાહ જોવાની કિંમત કેટલી...

લગભગ છ મહિનાથી સમીર પોતાના બેંક ખાતામાં પડેલા ₹૫ લાખનું ક્યાં રોકાણ કરવું એ નક્કી કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો. શરૂઆત મ્યુચ્યુઅલ ફંડ્સ વિશે જાણકારી મેળવવાથી કરી. એક વેબસાઇટ ફંડ Aની ભલામણ કરતી હતી, તો બીજી વેબસાઇટ પર ફંડ Bનું રેટિંગ વધુ હતું. એક સહકર્મીએ ફંડ C સૂચવ્યું, કારણ કે તેણે તાજેતરમાં ખૂબ સારું વળતર આપ્યું હતું.

સમીરે અલગ-અલગ ફંડના વળતર, એક્સપેન્સ રેશિયો, રેટિંગ અને પોર્ટફોલિયોની સરખામણી કરી. તેણે વીડિયો જોયા, લેખો વાંચ્યા અને ઓનલાઈન ચર્ચાઓ પણ ફંફોળી, પરંતુ જેમ-જેમ તેની પાસે માહિતી વધતી ગઈ, તેમ-તેમ તેની મૂંઝવણ પણ વધતી ગઈ.

જો મેં ખોટું ફંડ પસંદ કરી લીધું તો?

રોકાણ કર્યાના તરત પછી જ બજાર ઘટી ગયું તો?

મારે માર્કેટ કરેકશનની રાહ જોવી જોઈએ?

કદાચ કોઈ વધુ સારો વિકલ્પ હશે, જેના વિશે મેં હજી વિચાર્યું જ નથી!

દર વખતે સમીર નિર્ણય લેવાની નજીક પહોંચતો ત્યારે કોઈ નવી માહિતી તેને ફરી વિચારવા મજબૂર કરતી. છ મહિના પછી પણ ₹૫ લાખ ત્યાં જ પડ્યા હતા, જ્યાંથી આ આખી પ્રક્રિયાની શરૂઆત થઈ હતી.

હા, એ ખરું કે સમીરે કોઈ ખોટો રોકાણનો નિર્ણય લીધો નહોતો. હકીકતમાં, તેણે કોઈ નિર્ણય લીધો જ નહોતો. અને સમસ્યા ત્યાં જ હતી.

ભૂલ ક્યાં થાય છે? 'પરફેક્ટ' નિર્ણયની રાહ જોવી એમાં !

આપણે ઘણીવાર માનીએ છીએ કે વધુ સારો નાણાકીય નિર્ણય લેવા માટે વધુ માહિતીની જરૂર પડે. અમુક હદ સુધી આ વાત સાચી પણ છે. મહત્ત્વના નિર્ણયો સમજી-વિચારીને અને પૂરતી જાણકારી મેળવ્યા પછી જ લેવા જોઈએ, પરંતુ એક તબક્કા પછી વધુ માહિતી સ્પષ્ટતા વધારવાને બદલે મૂંઝવણ વધારવા લાગે છે.

આને જ 'એનાલિસિસ પેરાલિસિસ' કહેવામાં આવે છે. કોઈ નિર્ણય વિશે એટલું બધું વિચારવું અને વિશ્લેષણ કરવું કે અંતે તમે નિર્ણય જ ન લઈ શકો.

પર્સનલ ફાઇનાન્સમાં તે અનેક રીતે જોવા મળે છે. કયું મ્યુચ્યુઅલ ફંડ સૌથી સારું? રોકાણ કરવાનો આ યોગ્ય સમય છે? ઘર અત્યારે ખરીદવું કે થોડી રાહ જોવી? કઈ વીમા પૉલિસી પસંદ કરવી? SIP અત્યારે વધારવી કે આગામી પગાર વધારા પછી?

અલબત્ત, આ બધા પ્રશ્નો યોગ્ય છે. સમસ્યા ત્યારે શરૂ થાય છે, જ્યારે સંપૂર્ણ ખાતરી મેળવવાની કોશિશ તમને કોઈ પગલું જ ભરવા દેતી નથી.

## આવું કેમ થાય છે?

નાણાકીય નિર્ણયોમાં અનિશ્ચિતતા રહેતી હોય છે અને આપણામાંથી મોટાભાગના લોકોને પોતાનો નિર્ણય ખોટો પડવાની શક્યતા પસંદ નથી. તેથી આપણે વધુ ને વધુ માહિતી શોધતા રહીએ છીએ એ આશામાં કે કોઈ એક તબક્કે એક વિકલ્પ સંપૂર્ણપણે સાચો અને નિશ્ચિત લાગશે, પરંતુ પર્સનલ ફાઇનાન્સમાં આવી સંપૂર્ણ નિશ્ચિતતા ભાગ્યે જ મળે છે. બજારની ચાલનો ચોક્કસ અંદાજ લગાવી શકાતો નથી.

ભવિષ્યનું વળતર અગાઉથી નક્કી હોતું નથી. વ્યાજના દર બદલાય છે અને આપણી પોતાની પરિસ્થિતિ પણ સમય સાથે બદલાતી રહે છે. કંઈક એવું હંમેશાં રહેશે, જેની જાણ આપણને અગાઉથી નહીં હોય.

અહીં વિડંબના એ છે કે ખોટો નિર્ણય લેવાનું ટાળવાની કોશિશમાં આપણે બીજી એક મોંઘી ભૂલ કરી બેસીએ છીએ. કંઈ જ ન કરવાની ભૂલ...

## અનિર્ણયની છૂપી કિંમત

નિર્ણય ન લેવાનું નુકસાન તમારા બૅંક સ્ટેટમેન્ટમાં અલગથી દેખાતું નથી અને કદાચ એટલે જ તેની અવગણના કરવી એટલી સરળ છે. ખાતામાં નિષ્ક્રિય પડેલા પૈસાની ખરીદશક્તિ ફુગાવાને કારણે ઘટી શકે છે. રોકાણમાં થતો વિલંબ ચક્રવૃદ્ધિ માટે મળતો કિંમતી સમય ઘટાડે છે. પૂરતો વીમો લેવામાં થતો વિલંબ તમને જોખમ સામે અસુરક્ષિત રાખે છે અને નાણાકીય આયોજનને વારંવાર મુલતવી રાખવાથી મહત્ત્વના લક્ષ્યો વધુ દૂર જઈ શકે છે.

અનિર્ણયની કિંમત આજે કદાચ દેખાતી નથી, પરંતુ વર્ષો પછી તેનું પરિણામ સ્પષ્ટપણે દેખાઈ શકે છે.

## મુખ્ય શીખ

'પરફેક્ટ' નહીં, સમજદારીપૂર્ણ નિર્ણય લો,

આનો અર્થ એવો બિલકુલ નથી કે નાણાકીય નિર્ણયો ઉતાવળમાં લેવા જોઈએ. જરૂરી માહિતી મેળવો. જોખમને સમજો. જરૂર પડે ત્યાં નિષ્ણાતની સલાહ લો, પરંતુ જ્યારે તમારી પાસે તમારા લક્ષ્યોને અનુરૂપ સમજદારીપૂર્ણ નિર્ણય લેવા જેટલી પૂરતી માહિતી હોય, ત્યારે આગળ વધો. ભવિષ્યમાં પરિસ્થિતિ બદલાય તો તમારા નિર્ણયની સમીક્ષા કરીને તેમાં જરૂરી ફેરફાર કરી શકાય છે.

નાણાકીય આયોજન પહેલા જ દિવસથી 'પરફેક્ટ' હોવું જરૂરી નથી. પણ તેની શરૂઆત થવી જરૂરી છે.

## નિષ્કર્ષ


*સારું નાણાકીય આયોજન એટલે બજારની દરેક ચાલનો સાચો અંદાજ લગાવવો કે હંમેશાં સૌથી વધુ વળતર આપતું રોકાણ પસંદ કરવું એ નથી. તેનો અર્થ છે આજે ઉપલબ્ધ માહિતીના આધારે સમજી-વિચારીને નિર્ણય લેવો અને આવતીકાલે જરૂર પડે તો તેમાં ફેરફાર કરવાની તૈયારી રાખવી, કારણ કે ઘણીવાર સૌથી મોટી નાણાકીય ભૂલ ખોટો નિર્ણય લેવાની નથી, પરંતુ 'પરફેક્ટ' નિર્ણયની રાહ જોવામાં એટલો સમય પસાર કરી દેવાની છે કે અંતે તમે કોઈ નિર્ણય જ ન લો.* ■

---

આરોગ્ય એક્સપ્રેસ

રાજેશ યાજ્ઞિક
feedback@bombaysamachar.com

# ધ્યાન રહે... વધારે પડતું કેલ્શિયમ પણ આરોગ્ય માટે જોખમી છે!




આરોગ્યની વાત આવે ત્યારે મોટાભાગે આપણે શરીરમાં વિટામિન કે ખનિજોની ઊણપ વિશે જ વાત કરીએ છીએ, પણ કહેવાય છે કે ક્યારેક કેટલીક વસ્તુનો વધારો પણ જોખમી હોઈ શકે છે તેવી રીતે શરીરમાં પણ કેટલાંક તત્ત્વોનો જો વધારો થાય તો તે પણ આરોગ્ય માટે જોખમી બની શકે છે.

કેલ્શિયમ એક એવું ખનીજ છે કે જેની આપણા શરીરને ખૂબ જરૂર હોય છે. કેલ્શિયમ એ આપણા શરીરના સૌથી મહત્ત્વપૂર્ણ અને સામાન્ય ખનિજોમાંનું એક છે. શરીરનું મોટાભાગનું કેલ્શિયમ હાડકાંમાં સંગ્રહિત હોય છે, પરંતુ લોહીમાં પણ કેલ્શિયમની જરૂર રહે છે.

જોકે આજે આપણે વાત કરીએ શરીરમાં વધારે પડતા કેલ્શિયમની શું અસર થાય છે એની. તબીબી ભાષામાં તેને 'હાઈપરકેલ્સેમિયા' (hypercalcemia) કહે છે. હાયપરકેલ્સેમિયા ત્યારે થાય છે જ્યારે આપણા લોહીમાં કેલ્શિયમનું પ્રમાણ સામાન્ય કરતાં વધી જાય. હાયપરકેલ્સેમિયા હળવું કે ગંભીર અને કામચલાઉ કે દીર્ઘકાલીન (આજીવન) હોઈ શકે છે.

પેરાથાઇરોઇડ હોર્મોન અને કેલ્સિટોનિન નામના બે હોર્મોન્સ આપણા લોહી અને હાડકાંમાં કેલ્શિયમના સ્તરનું નિયંત્રણ કરે છે. કેલ્શિયમનું સ્તર જાળવી રાખવામાં વિટામિન ડી પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે, કારણ કે આપણે જે ખોરાક લઈએ છીએ તેમાંથી કેલ્શિયમનું શોષણ કરવા માટે આપણા શરીરને તેની જરૂર હોય છે. સામાન્ય રીતે શરીર લોહીમાં કેલ્શિયમના સ્તરનું કાળજીપૂર્વક નિયંત્રણ કરે છે, પરંતુ અમુક દવા અને સ્વાસ્થ્યની સ્થિતિઓને કારણે લોહીમાં કેલ્શિયમનું સ્તર વધી શકે છે (હાઈપરકેલ્સેમિયા) વધી ગયેલા કેલ્શિયમની અસર લોહીમાં વધુ પડતું કેલ્શિયમ, હાડકાંને નબળા બનાવી શકે છે, હૃદયની લયમાં વિક્ષેપ પાડી શકે છે અને કિડનીના કાર્યને બગાડી શકે છે.

### હૃદય પર અસર

લોહીમાં કેલ્શિયમનું ઊંચું પ્રમાણ, જે ઘણીવાર સ્વાસ્થ્ય પૂરક તત્ત્વોના વધુ પડતા ઉપયોગને કારણે હોય છે, તેને કારણે રક્તવાહિનીઓમાં કેલ્શિયમ જમા થઇ જાય છે. આ કેલ્સીફિકેશન ધમનીઓને સખત બનાવે છે અને તેમની વિસ્તરવાની ક્ષમતા ઘટાડે છે, જેના કારણે આપણા હૃદયને વધુ મહેનત કરવી પડે છે અને બ્લડ પ્રેશર વધે છે. કેલ્શિયમ કોલેસ્ટ્રોલ સાથે ભળીને કોરોનરી ધમનીઓમાં સખત તકતીઓ બનાવે છે. આ ધમનીઓ સાંકડી થવાથી હૃદયના સ્નાયુમાં લોહીનો પ્રવાહ મર્યાદિત થાય છે. જો એ તકતી ફાટી જાય તો તે હૃદયરોગનો હુમલો અથવા સ્ટ્રોકનું કારણ બની શકે છે. કેલ્શિયમ અને હૃદય રોગ પરના સંશોધનમાં જણાવે છે કે કેવી રીતે વધારાનું પરિભ્રમણ કેલ્શિયમ આ પ્રક્રિયાને વેગ આપે છે.

### કિડની

કિડનીને વધુ સમય કામ કરવા દબાણ કરે છે, જેના કારણે તીવ્ર તરસ, વારંવાર પેશાબ, ડિહાઇડ્રેશન અને કિડનીમાં પથરી થાય છે.

**પાચન તંત્રઃ**

આંતરડાની ગતિશીલતા ધીમી કરે છે, જેના કારણે ઉબકા, ઉલટી, ભૂખ ન લાગવી અને કબજિયાત થાય છે.

### મગજ અને ચેતા (નર્વ્સ)

ચેતા સંકેતોને અવરોધે છે, જેના પરિણામે થાક, મગજમાં બહેર મારી જવું, મૂંઝવણ, હતાશા અને સ્નાયુઓની નબળાઈ થાય છે.

### હાડકાં

ઘણીવાર હાડકાંમાંથી કેલ્શિયમ નીકળી જવાને કારણે આ સ્થિતિ સર્જાય છે, જેનાથી હાડકામાં દુખાવો અને બંધારણીય નબળાઈ આવે છે.

### હાઈપરકેલ્સેમિયાના કારણ

શરીરમાં પાણીની કમી હોય તો શરીરમાં પ્રવાહીનું પ્રમાણ ઓછું હોવાથી લોહીમાં કેલ્શિયમની સાંદ્રતા (Concentration) વધી શકે છે. જે લોકો શારીરિક પ્રવૃત્તિ ઓછી કરતાં હોય અને આળસુ થઈને પડ્યા રહેતા હોય તેમને પણ તકલીફ થઇ શકે. હાઇપર થાઇરોડિઝમ પણ એક કારણ બની શકે છે.

### નિવારણ

હાઈપરકેલ્સેમિયાના મોટાભાગનાં કારણોને અટકાવી શકાતા નથી. હાઈપરકેલ્સેમિયાનાં લક્ષણો ધરાવતી કોઈપણ વ્યક્તિએ તેમના લોહીમાં કેલ્શિયમનું સ્તર તપાસતા રહેવું જોઈએ. કેલ્શિયમથી ભરપૂર આહાર લેવાથી સમસ્યા નથી થતી, પણ મૂળભૂત રીતે કેલ્શિયમ સપ્લિમેન્ટ્સ લેતા પહેલા તબીબની સલાહ લેવી જોઈએ અને શરીરમાં કેલ્શિયમનું સ્તર પણ નિયમિત ચકાસતા રહેવું જરૂરી છે. તબીબો સમસ્યાની ગંભીરતા અનુસાર તેનો ઈલાજ કરી શકે છે.

### ડોક્ટરને ક્યારે મળવું?

જો તમને અતિશય તરસ, વારંવાર પેશાબ, થાક, મૂંઝવણ, પેટમાં દુખાવો અથવા સ્નાયુઓની નબળાઇ જેવા કોઈપણ હાઇપરકેલ્સેમિયાનાં લક્ષણોનો અનુભવ થાય તો તાત્કાલિક તમારા ડોક્ટરનો સંપર્ક કરો. હાઇપરકેલ્સેમિયાનું વહેલું નિદાન અને યોગ્ય સારવાર જટિલતાઓને અટકાવી શકે છે અને પરિણામમાં સુધારો કરી શકે છે. ■

---

આહારથી આરોગ્ય સુધી

ડૉ. હર્ષા છાડવા
feedback@bombaysamachar.com

# ઓઝોન બચાવો



ઓઝોનનું સ્તર આપણને સૂર્યના તીવ્ર કિરણોથી બચાવે છે. આ ઓઝોન સ્તર વાતાવરણના હાનિકારક વાયુઓ અને શરીરને અલ્ટ્રા વાયોલેટ કિરણોથી અને નુકસાનકારક કિરણોથી રક્ષણ આપે છે. સૂર્યપ્રકાશ જીવન શકય બનાવે છે અને ઓઝોન સ્તર જીવન બચાવે છે. સૂર્યપ્રકાશ સાથે અલ્ટ્રાવાયોલેટ કિરણો પણ આવે છે જે જીવન માટે નુકસાનકારક છે. આ કિરણોને અટકાવાનું કાર્ય ઓઝોન કરે છે.

આ જ કારણ છે કે યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી દ્વારા ઓઝોન સ્તરના સંરક્ષણ માટે આંતરરાષ્ટ્રીય દિવસ મનાવવાની જાહેરાત કરવામાં આવી હતી. વિશ્વ ઓઝોન દિવસ દર વર્ષે સોળ સપ્ટેમ્બરે ઉજવવામાં આવે છે. જેથી પૃથ્વી પરના ઓઝોન સ્તરની જાળવણી અને તેના રક્ષણ માટે લોકજાગૃતિ ફેલાવી શકાય. આ દિવસ લોકોને પર્યાવરણ અને ઓઝોન પ્રત્યે જાગૃત કરવાનું કાર્ય કરે છે.

આ ઓઝોન સ્તર એક નાજુક ગેસ કવચ છે. જે સૂર્યનાં કિરણો સાથે આવતા અલ્ટ્રાવાયોલેટ કિરણોથી બચાવે છે. એટલે જેમ કોઈ વસ્તુથી રક્ષણ માટે કોઈ આવરણ રાખવામાં આવે એ રીતે આ ઓઝોન આપણ માટે સુરક્ષા કવચ જેવું છે. લગભગ અઠ્ઠાવીસ જેટલા દેશોએ આના રક્ષણ માટે હસ્તાક્ષર કર્યા છે.

ઓઝોન એ ત્રણ ઓક્સિજન અણુઓનું પરમાણુથી બનેલું છે જેને ઉર્ધ્વમંડળ કહેવાય છે. ઓઝોનને ક્ષીણ કરનારા પદાર્થો જેવા કે ક્લોરોફ્લોરો કાર્બન્સ, હાઈડ્રો ક્લોરાઇડ, કાર્બન ટેટ્રાક્લોરાઈડ અને મિથાઈલ ક્લોરોફોર્મ, આ પદાર્થો ઓઝોનને નબળું બનાવે છે. આ પદાર્થો વાતાવરણ અને પર્યાવરણ માટે પણ જોખમી છે. જેના કારણે દરેક જીવો પર આની અસર થાય છે. ઓઝોનને શક્તિશાળી બનાવવા માટે વિશ્વ ઓઝોન દિવસ મનાવવામાં આવે છે. જાગૃતિ માટે આપણી ઘણીયે વસ્તુઓનો વપરાશ ટાળવો જોઈએ. જે વસ્તુઓ કે પદાર્થો બનાવતી વખતે કાર્બનની ઉત્પતિ થાય છે. જેના કારણે ઓઝોનના સ્તરને અસર થાય છે. કાર્બનનો વધુ પડતો ધુમાડો એ ઓક્સિજન ઘટાડી દે છે. તેના કારણે વાતાવરણ પર ઘણીય અસર દેખાય છે.

ઓઝોનના સ્તર બચાવવા ઘણાંય પ્રયત્નો થઈ રહ્યા છે. વાહનોનો ઉપયોગ ઓછો એટલે કે ધુમાડો છોડતાં વાહનોનો ઉપયોગ ઓછો કરવો. સાઇકલનો ઉપયોગ જે કાર્બન નથી છોડતી. આનો ઉપયોગ વધારવો. ખાનગી વાહનોનો ઉપયોગ કરવા કરતાં જાહેર વાહનોનો ઉપયોગ કરવો. પ્લાસ્ટિકનો ઉપયોગ સદંતર બંધ કરવો જોઈએ. આની માટે જાગૃત રહેવું જરૂરી છે. તેમ જ બધા જ દેશોના રાજકીય નેતાઓએ ધ્યાન દેવું કે યુદ્ધો ન થાય. યુદ્ધોમાં વપરાતા મિસાઇલ કે અન્ય મશીનો જે બનાવવામાં તેમ જ વાપરવાથી પુષ્કળ પ્રમાણમાં કાર્બન છોડે છે. રબર બનાવતી ફેક્ટરીઓ પણ મોટા પ્રમાણમાં કાર્બન છોડે છે. જંતુનાશક દવાઓનો ઉપયોગ બંધ થવો જોઈએ તેમ જ ખેતરોમાં વપરાતી જંતુનાશક દવાઓને લીધે પ્રાણીઓ અને નાગરિકોને ઘણાંય નુકસાન થાય છે.

કુદરતી રીતે ઉત્પાદન થતી વસ્તુઓ અને પદાર્થોના ઉપયોગ જ ઓઝોનને બચાવી શકે છે. ફક્ત હસ્તાક્ષર કે એ દિવસ મનાવાથી નહિ. દરેકે આ માટે કાર્ય કરવું પડશે. સ્ટીલ, લોખંડ એલ્યુમિનિયમનાં વાસણો બનાવતી વખતે પણ અને એના વપરાશથી ઘણાંય નુકસાન થાય છે.

આપણાં વડીલોના જ્ઞાન ઉપર શંકા નથી. તેઓએ જે સાદગીભર્યું, સ્વસ્થ જીવન જીવ્યું છે. તેમનું જ્ઞાન આજની માટે ઘણું ઉપયોગી છે. ઘણે ઠેકાણે જાગૃતતા આવી છે પણ તે ખૂબ જ ઓછી છે. માટીના ઘણાં લાભ છે. તે ભોજન બનાવવા અને ખાવાના ઉપયોગ માટેનાં વાસણો ખૂબ જ મળી રહ્યા છે. તેમાં રાધેલું ભોજન એ મિનરલવાળું હોય છે. જેથી શરીરમાં કોઈ હાનિકારક ધાતુઓ જતી નથી પણ શરીરમાં ધાતુઓનું સંતુલન જળવાઈ રહે છે. તેમાં રાંધેલું ભોજન લાંબા સમય સુધી જળવાઈ રહે છે. જલદી સફાઈ પણ થઈ જાય છે તેને સાફ કરવા કોઈ કેમિકલની જરૂર પડતી નથી.

હાથથી બનેલા તાંબા, પિત્તળ અને કાંસાનાં વાસણોની પણ આજે બોલબાલા છે. કાંસાની થાળીઓમાં જમવું એ સ્વાસ્થ્યપ્રદ છે. તાંબા, પિત્તળમાં પાણી ભરવું તેમજ તેના અન્ય ઉપયોગથી સ્વાસ્થ્ય જળવાઈ રહે છે. વાતાવરણને કોઈ નુકસાન પહોંચતું નથી. આ વાસણો લાંબો સમય સુધી ચાલે છે. તેને વેચવાથી પાછું મૂલ્ય પણ સારું મળે છે.

ટેરિકોટન, નાયલોન તેમ જ લૂમોમાં બનતા કે મિલોમાં બનતા કપડા બનાવવામાં પણ કાર્બન વધુ નીકળે છે. ખાદીના કપડાં કે હાથ વણાટના કપડા શરીર માટે પણ લાભદાયક છે. વાતાવરણ બચાવવા માટે આ વરદાનરૂપ છે. ફેકટરીમાં કે મિલોમાં બનતાં કપડાં બનાવવા માટે પણ ઘણાંય કેમિકલની જરૂર પડે છે. આ કેમિકલ બનાવતી ફેકટરીઓ વાતાવરણ અને પાણીનું નુકસાન કરે છે.

પ્લાસ્ટિક અને રબરના રમકડાથી આજે બજાર ઊભરાઈ રહી છે. જે બાળકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં જેવું છે. લાકડા અને માટીનાં રમકડાનો યુગ પાછો લાવવો જરૂરી છે. લાકડા માટે વૃક્ષો પણ વધારે વાવવા પડશે જેથી પર્યાવરણ શુદ્ધ રહેશે.

હાથથી છડેલા ચોખા તેમ જ અન્ય અનાજ સ્વાસ્થ્ય ટકાવી શકે છે. હાથથી થતાં કામો વધી જશે તો બેરોજગારી નહીં રહે તેમજ સ્વાસ્થ્ય પણ સારું જળવાશે. કોઈપણ જાતનાં કરાર કે હસ્તપ્રત ઓઝોનને બચાવવા નહિ કરવા પડે.

'જૂનું તે સોનું.' ■

---

ફોકસ

રેખા દેશરાજ
feedback@bombaysamachar.com

# વરસાદની સિઝનમાં મહિલા માટે હેલ્ધી ડાયટ

વરસાદની સિઝન ભલે ગરમીથી રાહત આપે છે, પરંતુ એ સ્વાસ્થ્ય માટે ઘણા બધા પડકાર લઈને આવે છે, કારણ કે આ મોસમમાં વાતાવરણમાં ભેજ ઘણો વધી જાય છે જેનાથી બૅક્ટેરિયા, વાઇરસ, ફંગસ ઝડપથી ફેલાય છે. એથી શરદી, વાઇરલ તાવ, ફૂડ પૉઇઝનિંગ અને પાચનને સંબંધી સમસ્યાઓ વધી જાય છે. મહિલાઓ માટે આ મોસમ એટલા માટે મહત્ત્વપૂર્ણ બની જાય છે કારણ કે તેઓ ઘર અને ઑફિસ એમ બેવડી જવાબદારી નિભાવતી હોય છે. એટલે તેમણે આ મોસમમાં પોતાના ખાનપાનનું વિશેષ ધ્યાન રાખવું જોઈએ. નહીં તો થાક, કમજોરી કે અન્ય ચેપી રોગનો ખતરો વધી શકે છે. જાણકારોનું માનવું છે કે વરસાદની સિઝનમાં સ્વસ્થ રહેવાનો સૌથી આસાન અને પ્રભાવી ઉપાય છે સંતુલિત, તાજું અને પૌષ્ટિક ભોજન. યોગ્ય ડાયટ મહિલાઓમાં ફક્ત રોગપ્રતિકારક ક્ષમતા જ વધારતી નથી, પરંતુ તેમની સુંદરતામાં પણ નિખાર લાવે છે. તેમની ત્વચા, વાળ વગેરેમાં સ્વસ્થ ડાયટની અસર સાફ દેખાતી હોય છે. એટલે વરસાદની સિઝનમાં હેલ્થી ડાયટ કરવું જરૂરી છે. ચાલો જાણીએ એ કેવી રીતે સંભવ છે.



**પ્રોટીન અને વિટામિન સીવાળું ડાયટ લો**

આ મોસમમાં શરીરની રોગપ્રતિકારક ક્ષમતા મજબૂત હોવી ખૂબ જ જરૂરી હોય છે. એટલે ભોજનમાં વિટામિન સી, ઍન્ટિ-ઑક્સિડેન્ટ અને પ્રોટીનથી ભરપૂર ખાદ્ય પદાર્થ સામેલ કરો. લીલાં પાંદડાંવાળી શાકભાજી, શીમલા મરચાં અને ટમેટાં વગેરેનો વિશેષ ઉપયોગ કરો. આ ઉપરાંત આમળા, લીંબુ, સંતરા, પેરુ જેવાં ફળો પણ ખાવાનું રાખો જેના કારણે શરીરને ભરપૂર પ્રમાણમાં વિટામિન સી મળી શકે. આ ઉપરાંત રાજમા, ચણા, મગની દાળ અને પનીર જરૂર ખાઓ જેનાથી શરીરને યોગ્ય પ્રમાણમાં પ્રોટીન મળી રહે. વરસાદની સિઝનમાં ગરમ અને તાજું ભોજનનો જ આગ્રહ રાખવો. વાસી ખોરાક ખાવાનું ટાળો. ઘણા સમય સુધી ફ્રીઝ માં રાખેલું ભોજન પણ સ્વાસ્થ્ય માટે હાનિકારક હોય છે

**પાચનનું વિશેષ ધ્યાન રાખો**

વરસાદની સિઝનમાં ઘણી વાર પેટ ખરાબ થઈ જતું હોય છે. એટલે બીજી મોસમની સરખામણીમાં આ મોસમમાં આપણે આપણા પાચનતંત્રનું વિશેષ ધ્યાન રાખવું પડે છે. એ માટે આપણે હલકું અને સંતુલિત ભોજન કરવું જોઈએ જેથી એ સહેલાઈથી પચી શકે. વરસાદની સિઝનમાં દહીં ખૂબ જ મુશ્કેલીથી પચે છે અને એને પચવામાં ઘણો સમય લાગે છે. એટલે તમે દહીંને આસાનીથી પચાવી શકતા હો તો એ લો, પરંતુ ઓછી માત્રામાં. જો તમે છાશનો ઉપયોગ કરતા હો તો એમાં શેકેલા જીરુંનો પાઉડર અને ફુદીનો જરૂર મેળવો. જોકે જેમને આ મોસમમાં વારંવાર ગળાની સમસ્યા થતી હોય તેમણે આનાથી બચવું જોઈએ કે પછી ડૉક્ટરની સલાહ લઈને લેવું જોઈએ.

**આયર્નની ઊણપ ન હોવી જોઈએ**

આ મોસમમાં કેલ્શિયમ કે આયર્નની ઊણપ ન થવા દેવી જોઈએ. એ માટે વરસાદની સિઝનમાં તમારે પાલક, મેથી, બીટરૂટ અને યોગ્ય માત્રામાં ગોળનું સેવન કરવું જોઈએ. કિસમિસ, દાલ તથા તલ પણ આ મોસમમાં ખૂબ જ ફાયદેમંદ હોય છે, કારણ કે એ આયર્ન અને વિટામિન સીથી ભરપૂર હોય છે. જો તમે દૂધને સહેલાઈથી પચાવી શકતા હો તો દૂધ નહીં તો દહીં કે પનીરને પણ તમારા ડાયટનો હિસ્સો બનાવી શકો છો. એની સાથે પર્યાપ્ત માત્રામાં પાણી પણ પીવાનું રાખો અને બહારનું ખાવાથી બચો.

**મૌસમનો આનંદ સ્વાસ્થ્ય સાથે**

વરસાદની મોસમનો તમે ત્યારે જ આનંદ લઈ શકો જ્યારે તમારું સ્વાસ્થ્ય સારું હોય. આ સિઝનમાં ચાયની સાથે પકોડાનો આનંદ લો, પરંતુ ક્યારેક અને સ્વાદ માટે. એને રોજની આદત ન બનાવતા. ■

### વરસાદમાં ડાયટના ગોલ્ડન રુલ્સ

- હંમેશાં તાજું અને ગરમ ભોજન કરો.
- મોસમી ફળો અને લીલી શાકભાજી જરૂર ખાઓ.
- દુકાનમાં કાપેલાં ફળો, સલાડ કે સ્ટ્રીટ ફૂડ ન ખાઓ.
- આ મોસમમાં ભોજનમાં દાલ, અંકુરિત અનાજ અને પ્રોટીનની યોગ્ય માત્રા સામેલ કરો.
- વાસી ભોજન ખાવાથી બચો.
- રોજ પયાપ્ત માત્રામાં પાણી પીઓ અને લીંબુ પાણી, છાશ પણ લો.

# સૌના પ્રિય દુંદાળા શ્રી ગણેશજીને પ્રિય ઉકડી ચે મોદક છે અતિ ગુણકારી...

સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક
feedback@bombaysamachar.com



તારીખઃ ૧૪મી સપ્ટેમ્બરને સોમવાર એટલે કે 'ગણેશ ચતુર્થી'ના દિવસે ગણેશજીની પધરામણી થઈ ગઈ છે. નાના-મોટા સર્વે વ્યક્તિના ચહેરા આનંદિત જોવા મળી રહ્યા છે. ગણેશજીનું સ્થાપન ઘરે-ઘરે અત્યંત સુંદર રીતે કરવામાં આવતું હોય છે. તેમાં પણ મહારાષ્ટ્રની વાત જ અનોખી હોય છે. દુંદાળા દેવ ગણેશજીની પધરામણી અગાઉ એક-બે મહિના પહેલાંથી જ ભક્તો વિવિધ રીતે તેમના આગમનની તૈયારીમાં ગળાડૂબ જોવા મળે છે. સૌ પ્રથમ તો નિષ્ણાત મૂર્તિકાર દ્વારા મૂર્તિને મનોહર બનાવવા માટે અથાગ મહેનત કરવામાં આવે છે. તેને વિવિધ રંગો દ્વારા કલાત્મક બનાવવામાં આવે છે. જો આપ મૂર્તિની પસંદગી કરવા જાવ તો એવું જ લાગે કે બધી જ મૂર્તિ અતિ સુંદર છે. બધા જ બાપજીને ઘરમાં આણવાનું મન થઈ જતું હોય છે. અનેક નિષ્ણાત મૂર્તિકાર મૂર્તિ બનાવતી વખતે ખાસ ઉપવાસ કરતાં હોય છે. તો અનેક મૂર્તિકાર અનુષ્ઠાન કરીને ગણેશજીને શણગાર કરે છે. ક્યાંક તેમના આગમન વખતે કેવું સુશોભન કરવું તેની તૈયારી જોવા મળે છે. તો અનેક યુવા ભક્તો તેમના આગમનને ધામધૂમથી વધાવવા માટે ઢોલ-નગારાની સાથે આધુનિક વાજિંત્રોને વગાડવાની પ્રેકટિસ કરતાં હોય છે. ફૂલહાર કયા પ્રકારના ગૂંથવા તેની તૈયારી અગાઉથી જ કરવામાં આવતી હોય છે. તો ગણેશજીને પ્રિય કયા કયા નૈવેદ્ય બનાવીને તેમની કૃપા મેળવવી તે વિશે ચર્ચા થતી હોય છે. જેમ ઘરમાં કોઈ મનગમતાં મહેમાન આવવાના હોય ત્યારે જેવી તૈયારી થતી હોય છે તેનાથી વિશેષ તૈયારી ગણેશજીના આગમનમાં જોવા મળે છે.

ઘરમાં બનાવેલાં વ્યંજનો આરોગ્ય માટે વધુ ગુણકારી ગણાય છે, તે વાત સર્વવિદિત છે. જેમ ગણેશજીના આગમનમાં ગુજરાત-સૌરાષ્ટ્રમાં લાડુ બનાવવામાં આવે છે. તે જ પ્રમાણે મહારાષ્ટ્રમાં એકદંતના આગમન વખતે પારંપારિક રીતે તૈયાર કરેલાં ઉકડી મોદકનો નૈવેદ્ય ધરાવવામાં આવે છે. લંબોધરને મોદક અતિ પ્રિય ગણાય છે. ઘરે-ઘરે તેને વિવિધ રીતે તૈયાર કરવામાં આવે છે. ઉકડી મોદક સ્વાદમાં અપ્રતિમ તથા સ્વાસ્થ્યવર્ધક ગણાય છે. તેને બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવતી પ્રત્યેક સામગ્રી સ્વાસ્થ્ય માટે ફાયદાકારક ગણાય છે. ઉકડ એટલે ઈન્દ્રાણી કે આંબામોર ચોખાના લોટને બાફીને તૈયાર કરવામાં આવતું બહારનું પડ. તેમ જ અંદર ભરવામાં આવતું ગોળ-કોપરાનું પૂરણ. આયુર્વેદિક દૃષ્ટિએ પણ બંને સામગ્રી અત્યંત મહત્ત્વની ગણાય છે. ગોળ લોહીમાં હિમોગ્લોબીન વધારવામાં મદદરૂપ બને છે. કુદરતી રીતે જ મીઠાશ ધરાવતો ગોળ સ્વાસ્થ્ય માટે ખાંડ કરતાં વધુ શ્રેષ્ઠ ગણાય છે. પાચન સુધારવાની સાથે લોહીનું શુદ્ધીકરણ કરવામાં મદદરૂપ બને છે.

**ઉકડી મોદકના સ્વાસ્થ્ય લાભ :** ઉકડી મોદકનું સેવન કરવાથી શરીરમાં શક્તિનો સંચાર થાય છે. મોદકમાં જે સામગ્રીનો ઉપયોગ કરવામાં આવે છે તેમાં મુખ્યત્વે ચોખાનો લોટ, ગોળ, લીલું નાળિયેર, કાજુ-બદામ, એલચી-જાયફળ, કેસરના તાંતણાં તેમ જ શુદ્ધ ઘી હોય છે. એવું કહેવાય છે કે સંપૂર્ણ દિવસને તાજગી સભર રાખવો હોય તો સવારના એક મોદક ખાઈ લેવો. એક મોદકને ખાવાથી લગભગ ૨૫૦ કૅલરીઝ શરીરને મળી રહે છે. એક મોદકમાં સરેરાશ ૯-૧૦ ગ્રામ ફેટ, ૬૦-૭૦ ગ્રામ કાર્બોહાઈડ્રેટસ્ તેમજ ૩-૪ ગ્રામ પ્રોટીન સમાયેલું હોય છે. દિવસ દરમિયાન એક વ્યક્તિને જેટલી ઊર્જાની આવશ્યકતા પડતી હોય છે તેમાંથી અડધોઅડધ ઊર્જા સવારના એક મોદક ખાવાથી મળી રહે છે.

**લંબોદરને પ્રિય તેવાં મોદકમાં વપરાતી મુખ્ય સામગ્રી એટલે ચોખાનો તાજો દળાવેલો લોટ :** ચોખાના લોટમાં વિટામિન બી-૧ સમાયેલું હોય છે. જે સ્વાસ્થ્ય માટે અતિગુણકારી ગણાય છે. તેમાં ફાઈબરની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી હોય છે. જેને કારણે મોદકનું સેવન કર્યા બાદ શરીરમાં રહેલાં ઝેરીલાં પદાર્થ શરીરમાંથી બહાર ફેંકાઈ જાય છે. જેમને લાંબા સમયથી કબજિયાત રહેતી હોય તેમને માટે મોદકનો આહારમાં સમાવેશ કરવો અતિ લાભકારી સાબિત થાય છે. ચોખાના લોટમાં પ્રોટીન ભરપૂર માત્રામાં સમાયેલું હોય છે. વળી ચોખાનો લોટ ગ્લુટેન મુક્ત હોવાથી તેનો ઉપયોગ સરળતાથી કરી શકે છે.

**ગોળ :** ઉકડી મોદક બનાવવા માટે બીજી સામગ્રી હોય છે તે છે ગોળ. આપણાં વડીલો વારંવાર કહેતાં કે ઠંડીમાં ગોળનું સેવન સ્વાસ્થ્ય માટે લાભદાયી ગણાય છે. પારંપારિક વ્યંજનનોમાં ગોળનો ઉપયોગ મોટા પાયે કરવામાં આવે છે. ગોળ આયર્નનું મુખ્ય સ્રોત ગણાય છે. આપણે ત્યાં ભોજનની થાળી પીરસાય ત્યારે તેમાં એક નાની ગોળની ગોળી કે ગાંગડી અચૂક પીરસવામાં આવતી. જેને કારણે વ્યક્તિની પાચનક્રિયામાં સુધારો જોવા મળે છે. ગોળનું સેવન નિયમિત કરવાથી ત્વચા મુલાયમ બને છે. હવામાનમાં બદલાવને કારણે શરીરના તાપમાનમાં ક્યારેક ઉતાર-ચઢાવ જોવા મળે છે. જેને ગોળના સેવન થકી સપ્રમાણ રાખી શકાય છે. ગોળનું પ્રમાણભાન રાખીને સેવન કરવાથી શરીરમાંથી ઝેરીલા પદાર્થ બહાર ફેંકાઈ જાય છે. શરીરમાં શક્તિનો સંચાર થાય છે. ગોળનું સેવન કરવાથી શરીરમાં રહેલી નબળાઈ દૂર થાય છે.

**લીલું નાળિયેર :** મોદકને સ્વાદિષ્ટ બનાવતી મુખ્ય સામગ્રી એટલે જ લીલું નાળિયેર. તાજા નાળિયેરની છાલ કાઢ્યા બાદ તેને ખાસ પ્રકારના નાળિયેર છીણવાના મશીનથી ઝીણું તૈયાર કરવામાં આવે છે. તેમાં ગોળ-એલચી-જાયફળ પાઉડર ભેળવીને પૂરણ તૈયાર કરવામાં આવે છે. તાજા નાળિયેરના સ્વાસ્થ્યવર્ધક ગુણો જોઈએ તો તેમાં સારા પ્રમાણમાં ફાઈબર, મેંગેનીઝ, આયર્ન, સેલેનિયમ જેવાં પોષક તત્ત્વો સમાયેલાં હોય છે. જે વ્યક્તિના સ્વાસ્થ્ય માટે અતિ આવશ્યક ગણાય છે.

**એલચી :** નાની અમથી એલચી સ્વાસ્થ્ય માટે અત્યંત ગુણકારી ગણાય છે. એલચીમાં પોટેશ્યિમ, કેલ્શિયમ, આયર્ન, સલ્ફર જેવું ખનીજ સમાયેલું હોય છે. ઍન્ટિ સેપ્ટિક તેમ જ ઍન્ટિ-ઓક્સિડન્ટના ગુણો સમોયલાં છે. ભૂખ ઉઘાડનાર ગુણો તેમાં સમાયેલાં છે. એલચીનું સેવન કરવાથી ભોજન બાદ કે લાંબા ઉપવાસ બાદ ગેસ થવો, અપચો, પેટ ફૂલી જવું, આફરો ચઢવા જેવી સમસ્યાથી રાહત મેળવી શકાય છે. વજનને નિયંત્રણમાં રાખવા માગતી વ્યક્તિ માટે એલચીનું સેવન ઉપયોગી ગણાય છે. મોસમમાં બદલાવને કારણે શરદી-ખાંસી-નાકમાંથી સતત પાણી પડવાની સમસ્યાથી બચવું હોય તેમણે એલચીનો ઉપયોગ અચૂક કરવો જોઈએ. ગરમાગરમ દૂધ-ઉકાળો કે ચામાં એલચીનો ભૂકાનો ઉપયોગ વ્યક્તિના સંપૂર્ણ સ્વાસ્થ્ય માટે ગુણકારી ગણાય છે.

**શુદ્ધ ઘી :** આપણે બધા જ જાણીએ છીએ કે ચોખ્ખું ઘી સ્વાસ્થ્ય માટે કેટલું લાભકારી છે. સપ્રમાણ માત્રામાં ઘીનું સેવન કરવું પ્રત્યેક વ્યક્તિ માટે અત્યંત આવશ્યક છે. ઘીનું સેવન કરવાથી પાચનક્રિયા મજબૂત બને છે. ડાયાબિટીસના દર્દીઓ માટે ઘીનું સેવન લાભકારી ગણાય છે. સાંધાના દુખાવા રહેતાં હોય તેવી વ્યક્તિ માટે ઘી જાદુઈ અસર કરે છે. ઘીનું સેવન કરવાથી વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય છે. કેમ કે ઘીમાં વિટામિન એ, વિટામિન ડી, વિટામિન ઈ, તેમજ વિટામિન કેની માત્રા સમાયેલી હોય છે. જે હૃદય તેમજ મસ્તિષ્કની કામગીરી સુચારૂ રીતે ચાલે તે માટે ઉપયોગી ગણાય છે. શુદ્ધ ઘીનું સેવન કરવાથી શરીરમાંથી વિષાક્ત પદાર્થ બહાર ફેંકાઈ જાય છે. તેમજ સૂકી ત્વચા માટે શુદ્ધ ઘી વરદાન સમાન ગણાય છે

**કેસરઃ** કેસરનાં તાંતણાંથી ઉકડી મોદકની સજાવટ ખાસ કરવામાં આવે છે. કેસર શરીરને ઠંડક આપનારી ગણાય છે. શરદી-ખાંસીથી રાહત આપવાની સાથે કેસર યાદશક્તિ વધારવામાં મદદરૂપ ગણાય છે. ઍન્ટિ-ઓક્સિડન્ટના ગુણો ધરાવતી કેસરને 'લાલ સોના'તરીકે ઓળખવામાં આવે છે. ગર્ભાવસ્થામાં કેસરવાળું દૂધ બનાવીને ખાસ પીવડાવવામાં આવે છે. જે ગર્ભસ્થ શીશુના વિકાસની સાથે માતાના સ્વાસ્થ્ય માટે લાભકારી ગણાય છે. કેસરમાં રાઈબોફ્લેવિન ભરપૂર માત્રામાં સમાયેલું હોય છે. જે વિટામિન બીનું સ્વરૂપ ગણાય છે. વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવવામાં મદદ કરે છે. કેસરનો ઉપયોગ કોઈપણ મીઠાઈમાં કરવાથી તે સ્વાદમાં વૃદ્ધિ કરે છે. વ્યક્તિના મનને આનંદિત બનાવી દે છે.

પારંપારિક રીતે તૈયાર કરવામાં આવતાં ઉકડી મોદકમાં ઉપરોક્ત સામગ્રીનો મુખ્ય ઉપયોગ કરવામાં આવતો. ધીમે ધીમે તેમાં વૈવિધ્ય આવતાં થોડાં સુધારા-વધારા કરવામાં આવ્યા છે. જેમ કે અનેક લોકો તેમાં સૂકા મેવાનો ઉપયોગ કરવાનું પસંદ કરે છે. સૂકા મેવામાં શરીર માટે લાભકારી તેવાં વિટામિન, ખનીજ તેમજ પૂરતાં પ્રમાણમાં પ્રોટીન સમાયેલું હોય છે. તેનો ઉપયોગ કરવાથી શરીરને તેનો ફાયદો મળી રહે છે.

ઉકડી મોદક એક પારંપારિક વાનગીની સાથે મનને તૃપ્ત બનાવે તેવી ખાસ મીઠાઈ ગણાવી શકાય. સામાન્ય રીતે લાડુની વાત નીકળે એટલે ઘી કે તલના તેલમાં ઘઉંના જાડા લોટના સપ્રમાણ આકારના પીંડા વાળીને તેને તળી લેવામાં આવે છે. ત્યારબાદ તેમાં જરૂર મુજબ ઘી-ગોળ-બુરૂ ખાંડ-એલચી-જાયફળ-સૂકોમેવો -ખસખસ ભેળવવામાં આવે છે. લાડુ તૈયાર થતાં અત્યંત આકર્ષક તેમજ સ્વાદિષ્ટ બને છે. તેનું સેવન પ્રમાણભાન રાખીને કરવું આવશ્યક ગણાય છે. જ્યારે ઉકડી મોદકમાં મોદકને સુંદર આકાર આપ્યા બાદ તેને બાફવામાં આવે છે. જેથી તે વધુ પૌષ્ટિક ગણાય છે. મોસમના બદલાવને કારણે મુખ્યત્વે પાચનક્રિયામાં દેખાતી ગરબડથી બચી શકાય છે. વળી ગણપતિબાપાને નૈવેદ્ય ધરાવ્યા બાદ તેને ગ્રહણ કરવાથી મન અત્યંત આનંદિત બની જાય છે. સર્જનહારની રચેલી પ્રત્યેક નાની નાની વસ્તુ જે સ્વાદની સાથે સ્વાસ્થ્યને સુધારવામાં મદદ કરે છે તેની ઉપર એક ગર્વની તેમજ આભારની સંતુષ્ટી થાય છે. ■

## પારંપારિક રીતે ઉકડી ચે મોદક બનાવવાની પદ્ધતિ

**સામગ્રીઃ** ૧ કપ ઈન્દ્રાણી કે આંબેમોર ચોખાનો તાજો લોટ, દોઢ વાટકી તાજું નાળિયેર, અડધી વાટકી પાણી, અડધી વાટકી દૂધ, ૧ ચમચી શુદ્ધ ઘી, ચપટી મીઠું, ૧ વાટકી ગોળ, ૮-૧૦ કેસરના તાંતણાં, ૧ ચમચી એલચી પાઉડર, ચપટી જાયફળ પાઉડર, ૧ ચમચી શેકલાં કાજુના ઝીણાં ટુકડાં, ૧ ચમચી શેકેલી બદામના ઝીણાં ટુકડાં.

**બનાવવાની રીત :** સૌ પ્રથમ એક કડાઈમાં અડધો કપ પાણી ગરમ કરવું. તેમાં અડધો કપ દૂધ ઉમેરવું. એક ચમચી ઘી તેમ જ ચપટી મીઠું ઉમેરીને ઉકાળવું. પાણી ઉકળવા લાગે એટલે તેમાં ચોખાનો તાજો લોટ ઉમેરીને બરાબર ભેળવવું. ધીમી આંચ ઉપર ૨-૩ મિનિટ લોટને સીઝવવો. ત્યારબાદ આંચ ઉપરથી ઉતારીને બાજુ ઉપર ઢાંકીને રાખવો. હવે એક નૉન સ્ટીક કડાઈમાં ૧ નાની ચમચી ઘી લેવું. તેમાં કાજુ-બદામના ટુકડાં ઉમેરવાં. લીલા નાળિયેરનું છીણ ઉમેરવું. ૨-૩ મિનિટ શેકવું. ત્યારબાદ તેમાં ગોળ ઉમેરવો. એલચી પાઉડર-જાયફળ પાઉડર ઉમેરવો. મિશ્રણને બરાબર હલાવીને એકરસ કરવું. તેને ઠંડું કરવા મૂકવું. હવે બાફેલાં ચોખાના લોટને મસળવા માટે એક મોટી વાટકી કે લોટાની પાછળના ભાગમાં ઘી લગાવીને લોટને ગરમ-ગરમ મસળવો. રોટલીની કણક જેવો મુલાયમ લોટ બનાવવો. ત્યારબાદ તેમાંથી એક સરખા ગોળા વાળવા. તેની પાતળી પૂરી વણીને તેને હાથમાં લઈને ચપટીથી આકાર આપવો. તેમાં તાજા કોપરાંનું તૈયાર કરેલું પૂરણ ભરવું. હવે એક કડાઈમાં ગરમ પાણી મૂકવું. ત્યારબાદ તેની ઉપર ચારણીમાં તૈયાર કરેલાં મોદકને ગોઠવવાં. પ્રત્યેક મોદક ઉપર કેસરનાં તાંતણાંને ચોંટાડવા. ૬-૮ મિનિટ તેને બાફવું. ઉપરથી થોડું ઘી મૂકવું. ગરમા-ગરમ ઉકડી ચે મોદકનો નૈવેદ્ય દુંદાળા દેવ ગણેશજીની સમીપ સુંદર -સ્વચ્છ ભોજનપાત્રમાં ભોગ માટે ગોઠવવું. ત્યારબાદ ભક્તોએ સ્વાદિષ્ટ મોદકનો આસ્વાદ માણવો. મોદકનો સ્વાદ માણીને આપનું મન અચૂક કૃત-કૃત થઈ જશે.

# ડુંગળી જન્મે જમીનમાં ને ભાવ આસમાને!

મોજની ખોજ
સુભાષ ઠાકર
feedback@bombaysamachar.com




'ટે..ટે..ટે..ટે..પે..પે..પં.'

'જી હા, દેવીઓ-દેવતાઓ, સજ્જનો-સન્નારીઓ. ભાઈઓ-ભાભીઓ, બહેનો-બનેવીઓ.. કોન બનેગા રોડપતિ. મેં હું ચંબુ બચ્ચન આપ સૌનું દિલથી સ્વાગત કરું છું ને શરૂ કરું છું. 'ફાસ્ટેટ ફિંગર ફર્સ્ટ' ગેમની શરૂઆત.

એક મિનિટ મિલેગી. યે બતાઓ, ભારતમેં કૌભાન્ડોની દુનિયા કબસે શરૂ થઇ? ઓપ્શન હૈ (એ) ૨૦૧૧ (બી)
૨૦૧૭ (સી) ૨૦૦૯ (ડી) ૨૦૧૦.. સહી જવાબ છે ૨૦૧૦...

ને સૌથી ઝડપી જવાબ દેનેવાલી ગુજરાતની પ્રખ્યાત ભિખારણ આશા માલપાણી. તાલિયા.

આવો, બેસો, આશાજી.'

'એક બાત બોલું સર, મેરા હિન્દી બોલનેમેં થોડા લોચા હૈ તો સંભાલ લેના' આશા બોલી.

'ઓકે, આશાજી, યે બતાઓ કી ભિખારણ હોવા છતાં અટક માલપાણી?'

'સર, ઇસમેં ઐસા હૈ કી મારા સસરાએ રાત-દિન એક કરકે, લોહી-પસીના પાડ પાડકર ખૂબ માલ કમાયા પણ

ઉસકા દીકરા (મારા પતિએ) શૅર બજારમાં ડૂબી-ડુબાડીને પૂરી કમાણી પર પાણી ફેરવા દિયા એટલે માલપાણી.'

'સમજ ગયા. અચ્છા, સાથે કોણ આવ્યું છે?'

'જી, મારી દીકરી મોંઘી.'

'મોંઘી?'

'હા સર. એનુ મૂળ નામ અપેક્ષા હતું. એની હાઈટ-બોડી વધતા નહોતા. પછી અમારા ગુરુ નિત્યાનંદે એનું નામ

'મોંઘવારી' કર્યું કે તુર્તજ હાઈટ-બોડી વધવા લાગી. લાડમાં અમે 'મોંઘી' કહીએ છીએ.'

'ઓકે. તમારા કમ્પુટર સ્ક્રીન પર પહેલો પ્રશ્ન. 'આ દેશમાં સૌથી છેલ્લું કૌભાન્ડ કરવાવાળાનું નામ બતાઓ?

(એ) વિજય માલિયા (બી) નીરવ મોદી (સી) લાલુ યાદવ (ડી) મેહુલ ચોકસી..

'સર. થોડુ કન્ફયુઝન હૈ...કોઈ એકકા નામ બોલેગી તો દુસરેકો ખોટા લગેગા. ફિર ભી મારા હિસાબે વિજય માલિયા. ઉસકે બાદ કોઈ નામ બજારમાં આયા નહીં.'

'વિજય માલિયા, ફાઈનલ જવાબ? લોક કરી દઉ?'

'શું સર, તમે પણ મજાક કરો છો, અરે જેને સરકાર કે કોર્ટ લોક નથી કરી શકતી એને તમે શું લોક કરવાના?

(આજુબાજુ જોઈ) તમે પણ વિજય માલિયા કા નામ ધીરેથી બોલો, નઈતર ત્રણમાંથી એક પણ લાઇફ લાઈન

બચેગી નઈ.'

'આશાજી યે સહી જવાબ, વેલડન, આશાજી તમારી એક વીડિયો ક્લિપ દર્શકોને બતાવવી છે. ક્લિપ પ્લીઝ.'

'હું આશા માલપાણી. પહેલેથી જ રોડપતિ. મારું કામ હવેલી, મંદિર કે દેરાસર પાસે ભીખ માગવાનું. અમે જેની

પાસે માગીએ એ અંદર જઈ માગે, આમ તો તવંગરની તિજોરી હોય કે ભિખારીનું ભિક્ષાપાત્ર, બન્ને એક જ છે.

એક દિવસ એવું બન્યું કે ભીખમાં એક અન્નદાતા એટલા ઓછા દાળ-ભાત આપી ગયા કે મારું અથવા મોંઘીનું પેટ ન ભરાય. બન્ને વચ્ચે તું ખા તું ખાનો મીઠો ઝઘડો ચાલ્યો એમાં કમોસમી વરસાદ વરસ્યો ને ડબો ધરી દીધો. બંનેની દાળ તૈયાર. અમારો પણ ઈશ્વર છે, સમજ્યા? અઠવાડિયામાં માંડ સો સવાસો ભીખમાં મળે એમાંથી સરકારને હપ્તો ચૂકવવાનો. પણ સર હમણાં એકવાર એણે ડુંગળીની ડિમાંડ કરી. ડુંગળીની હાલત તો આપ જાણો છો.

હમણા તો એક દુકાન પર ભાવનું બોર્ડ મારેલુ ડુંગળીને અડવાના ૪૦ રૂપિયા, સુંઘવાના ૬૦, ખરીદવાના ૮૦. મેં પૂછ્યું ડુંગળી તો દેખાતી નથી તો કહે 'જોવાના ૨૦ થશે.'

ઘણા તો ડુંગળી ખાવા જ જન્મ્યા હોય એમ ભાવ આસમાને જવાની બૂમાબૂમ કરે છે. કેમ જાણે પોતે આસમાને જવાના જ ન હોય. આ મારું બેટુ કેવું, ડુંગળી જન્મે છે જમીનમાં ને ભાવ આસમાને..' વીડિયો ક્લિપ પૂરી ને અચાનક આશાની આંખમાં આંસુ દેખાયા.

'શું થયું આશાજી?' બચ્ચને આંસુ લૂછતાં પૂછ્યું.

'સર, બન્યું એવું કે એકવાર મારા ત્યાં ઇન્કમ ટેક્ષની રેડ પડી ને ઘરમાંથી સોના ચાંદીના બદલે પાંચ ડુંગળી પકડાઈ ને એ ભડક્યા 'શરમ નથી આવતી ભિખારી થઇને આટલી મોંઘી ડુંગળી રાખો છો? ડુંગળીની વાત ઇન્કમ ટેક્ષ ઓફિસમાં પહોંચાડી દઈશ, પછી ખાજો જેલની હવા.' મને થયું ચાલો બે ટંકનો રોટલાની વ્યવસ્થા થઇ ગઈ. મેં પૂછ્યું 'સાહેબ, મારા ઘરે ડુંગળી છે એ ખબર કેમ પડી?'

તો બોલ્યા 'વાસ પારખવામાં અમે અને કૂતરા સરખા. અમને તારા ઘર પાસે વાસ આવી એટલે.. મેં બે હાથ જોડી આજીજી કરી કે 'સાહેબ, આ છ ડુંગળી છે, બેમાંથી એના પતાકામાંથી બે જોડ બે દીકરીઓની કાનની ઇયર-રીંગ કરાવી આપવી છે ને એક ડુંગળીના ઉપરના પડની મુછોવાળી ગાંઠની એક નાકની ચૂક મારા માટે.'

'પણ બાકીની ત્રણ ડુંગળી?'

'અરે સાહેબ, એક તમે લઇ જાઓ. ઘરે મહેમાન આવે તો બતાડવા કે સુંઘાડવા કામ લાગે. બીજા લોકોને જેલસી પણ થશે. બાકીની બે ડુંગળીનો ગણપતિને પ્રસાદ...'

'ડુંગળીનો પ્રસાદ? ગણપતિને?' સાહેબ ચમક્યા.

'અરે સાહેબ, એમ ચમકવાનું નઈ આ તો આટલાં વર્ષોથી ગણપતિ લાડુ ખાઈ અબકી ગયા હોય તો ફોર એ ચેન્જ.

મારો વટ પડે.'

'પણ ગણપતિ જૈન નીકળ્યા તો?' સાહેબે પૂછ્યું

'જુઓ સાહેબ, કાલ ઊઠીને તમે એમ કહેશો કે મહાવીર હિંદુ નીકળ્યા તો? શંકર, રામ કે હનુમાન મુસ્લિમ નીકળ્યા તો? મારા સાહેબ, પરમાત્માના ભાગલા આપણે પાડ્યા છે. મંદિર, મસ્જિદ, દેરાસરમાં વેર હશે, પણ અંદરના પરમાત્મામાં નઈ. અરે મારા સાહેબ, કોઈ રામ કહે તો કોઈ મહાવીર, કોઈ અલ્લાહ..નામ અલગ અલગ ભલે હોય પણ જેને બોલાવો એ એક જ છે.'

એટલામાં 'ઢમ' કરતું ભોપુ વાગ્યું.

'ઓહ..સમય સમાપ્તની ઘોષણા. આશાજી, આપને બહોત અચ્છા સમજાયા 'કોન બનેગા રોડપતિ' ખેલ અહીં

પૂરો કરવો પડશે' બોલી ચંબુ બચ્ચને દર્શકોને 'તમારું જીવન મંગળમય હો... ગુડબાય, ગુડ નાઈટ' કહી રજા લીધી. શું કહો છો? ■

# નાની બીમારી પજવે ત્યારે તંદુરસ્તી રાખો તમારા હાથમાં

## સંપૂર્ણ તંદુરસ્તી માટેના સરળ-સચોટ ઘરગથ્થુ ઉપાય અજમાવો...

હેલ્થને હેમખેમ રાખો
મિતા બાવીસી
feedback@bombaysamachar.com



### સ્ત્રી રોગ

- ખજૂર થોડા મહિના નિયમિત ખાવાથી વારંવાર મૂર્છા આવતી હોય તેવી સ્ત્રીઓનો હિસ્ટીરિયા મટે છે.
- લસણને પીસીને નાકથી સુંઘવાથી હિસ્ટીરિયાની મૂર્છા મટે છે.
- પાકાં કેળાં, આમળાંનો રસ ને સાકર એકત્ર કરી પીવાથી સ્ત્રીઓના પ્રદર અને બહુમૂત્ર રોગ મટે છે.
- જીરા અને સાકરનું ચૂર્ણ પાવલીભાર ચોખાના ધોવાણમાં પીવાથી સ્ત્રીઓનું શ્વેતપ્રદર મટે છે.
- એક પાકું કેળું અર્ધા તોલા ઘી સાથે સવાર-સાંજ ખાવાથી પ્રદર રોગ મટે છે.
- હિંગનું સેવન કરવાથી ગર્ભાશય સંકોચાય છે, માસિક સાફ આવે છે અને પેટનો દુખાવો મટે છે.
- આમળાંનો રસ મધ સાથે લેવાથી સ્ત્રીઓની યોનીનો દાહ મટે છે.
- સ્ત્રીઓને માસિક વખતે ખૂબ પીડા થતી હોય કે માસિક બરાબર ન આવતું હોય તો તલ ખાવા. એક તોલા કાળા તલને વીસ તોલા પાણીમાં ઉકાળવું. પાંચ તોલા પાણી બાકી રહે એટલે તેમાં ગોળ નાખી ઉકાળી પીવાથી માસિક સાફ આવે છે.
- કાચો કાંદો ખાવાથી માસિક સાફ આવે છે અને દુખાવો થતો નથી.
- માસિક સમયે વધારે રક્તસ્ત્રાવ થતો હોય અને ચક્કર આવતાં હોય તો તુલસીના રસને મધમાં મેળવીને પીવાથી ફાયદો થાય છે.
- ત્રણ તોલા મેથીનો લોટ લઈ રાતે વીસ તોલા દૂધમાં પલાળી રાખવો. સવારે પાંચ તોલા ઘી ગરમ કરી તેમાં દૂધમાં ભીંજવેલો મેથીનો લોટ નાખી એકરસ કરી ઉતારી લેવું. પછી તેમાં બે તોલા ગોળ નાખી બરાબર મિક્સ કરી પ્રસૂતા સ્ત્રીને એકવીસ દિવસ સુધી ખવડાવવાથી ધાવણ છૂટથી આવે છે.
- જીરાની ફાકી મારવાથી સ્ત્રીનું ધાવણ વધે છે.
- ઘીમાં શેકેલી હિંગ ઘી સાથે ખાવાથી સુવાવડી સ્ત્રીને આવતાં ચક્કર ને શૂળ મટે છે.
- સુવાવડમાં સ્ત્રીઓએ સુવાનો ઉપયોગ છૂટથી કરવો જેથી ધાવણ સારું આવે છે, કમર દુખતી નથી અને ખાધેલું પાચન થાય છે.
- તાંદળજાનાં મૂળ વાટીને ચોખાના ઓસામણમાં પીવાથી સુવાવડી અને સગર્ભાનો રક્તસ્ત્રાવ મટે છે.
- સુવાવડી સ્ત્રીને ભૂખ ન લાગતી હોય તો ૦૧ ચમચી અજમાનું ચૂર્ણ, બે ચમચી આદુંનો રસ અને સોપારી જેટલો ગોળ મેળવી સવારે અને રાત્રે ખાવાથી ખૂબ ભૂખ લાગે છે.
- સુવાવડમાં તાવમાં અને સુવાવડ પછી થતા કમરના દુખાવામાં અજમો અડધી ચમચી, સૂંઠ અડધી ચમચી અને ઘી બે ચમચી ભેગું કરી સવારે અને રાત્રે ખાવાથી તાવ અને કમરનો દુખાવો મટે છે.
- ઊલટી, ઊબકા, અપચો, આફરો, કફના રોગો, ઉદરશૂળ વગેરે સુવાવડી સ્ત્રીની ફરિયાદોમાં અડધી ચમચી જેટલું અજમાનું ચૂર્ણ રોજ સવારે અને રાત્રે નવશેકા પાણી સાથે લેવાથી આરામ થાય છે.
- લવિંગને ગરમ પાણીમાં ભીંજવી એ પાણી પીવાથી સગર્ભા સ્ત્રીઓની ઊલટી મટે છે.
- નારંગી ખાવાથી સગર્ભા સ્ત્રીઓના ઊબકા અને ઊલટી મટે છે.
- હિંગની ધુમાડી પ્રસવ સમયે જનન અવયવને આપવાથી પ્રસવ સરળતાથી થાય છે.
- તલ, જવ અને સાકરનું ચૂર્ણ મધ સાથે ખાવાથી સગર્ભા અને સુવાવડી સ્ત્રીઓનો રક્તસ્ત્રાવ બંધ થાય છે.
- સુવાવડી સ્ત્રીને ક્યારેક ધાવણનો વેગ ચઢી જતાં, કોઈ વાર સ્તનનો સોજો આવે છે અને વેદના થાય છે. તેના પર નાગરવેલનું પાન ગરમ કરી બાંધવાથી એકઠું થયેલું ધાવણ છૂટું પડી જાય છે અને સોજો ઊતરી જાય છે ને પીડા મટે છે.

(ક્રમશઃ)■

# રાજકોટમાં અન્ડર-૧૯ ટીમ ઑસ્ટ્રેલિયા સામે સિરીઝ જીતીઃ યશબર્ધનની સેન્ચુરી

રાજકોટઃ ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચે અન્ડર-૧૯ વન-ડે સિરીઝ ચાલે છે જેમાંની ત્રણમાંથી પહેલી બન્ને મૅચ જીતીને ભારતની અન્ડર-૧૯ ટીમે ટ્રોફી પર કબજો કરી લીધો છે.

નાગાલૅન્ડના યશબર્ધન ચૌહાણ નામના રાઇટ-હૅન્ડ ઑલરાઉન્ડરે સોમવારે બીજી મૅચમાં ૧૦૦ બૉલમાં બે છગ્ગા અને ૧૫ ચોગ્ગાની મદદથી ૧૨૨ રન બનાવ્યા હતા અને વી. કે. વિનીતે ૮૭ રન કર્યા હતા. તેમણે ૫૦ ઓવરમાં ભારતને ૭/૩૪૧નું વિનિંગ ટોટલ અપાવ્યું હતું.

ભારતે ૩૪૨ રનનો લક્ષ્યાંક આપ્યા પછી ઑસ્ટ્રેલિયાની અન્ડર-૧૯ ટીમ ૨૩૯ રનમાં ઑલઆઉટ થઈ જતાં લક્ષ્ય રાયચંદાનીની કૅપ્ટન્સીમાં ભારતીય ટીમે ૧૦૨ રનથી વિજય મેળવ્યો હતો. રાહુલ દ્રવિડનો વિકેટકીપર-પુત્ર અન્વય દ્રવિડ અને વીરેન્દર સેહવાગનો દીકરો આર્યવીર સેહવાગ આ સિરીઝમાં રમે છે.

બન્ને દિગ્ગજના પુત્રો સોમવારની મૅચમાં સાધારણ રમ્યા હતા, પણ શુક્રવારની પ્રથમ મૅચમાં જુનિયર દ્રવિડે ૩૮ રન અને જુનિયર સેહવાગે ૨૮ રન બનાવ્યા હતા અને ભારતની એ જીતમાં તેમનું ઉપયોગી યોગદાન હતું. ■

# જાપાનના સૅનોમાં આજે મેઘરાજાની મહેર કે ભારતીયોના રનનો વરસાદ?

**સવારે ૯.૩૦ વાગ્યાથી નંબર-વન ભારત અને ૪૧મી રૅન્કના જાપાન વચ્ચે ઐતિહાસિક ટી-૨૦**

સૅનો (જાપાન): ભારત અને જાપાન વચ્ચે આજે (સવારે ૯.૦૦ વાગ્યે ટૉસ અને ૯.૩૦ વાગ્યાથી મૅચ) રમાનારી ઐતિહાસિક ટી-૨૦માં મેઘરાજા વિઘ્ન ઊભા નહીં કરે અને ભારતની પ્રથમ બૅટિંગ હશે તો અભિષેક શર્મા તેમ જ બીજા બૅટ્સમેનો રનનો વરસાદ વરસાવીને કોઈ નવા વિક્રમો રચી દેશે તો નવાઈ નહીં લાગે.

ટી-૨૦ના રૅન્કિંગમાં ભારત વર્લ્ડ ચૅમ્પિયન અને વર્લ્ડ નંબર-વન છે અને જાપાન (જે ક્રિકેટમાં હજી નવુસવું છે) ૪૧મા સ્થાને છે. જોકે કોઈ પણ નાની ટીમને હળવાશથી ન લઈ શકાય એ ટીમ ઇન્ડિયાના ધ્યાનમાં હશે જ એટલે તેઓ યજમાન દેશ સામે પાક્કી તૈયારી સાથે અને પૂરી ક્ષમતાથી જ રમશે. ભારત ૨૯૦માંથી ૧૯૩ ટી-૨૦ મૅચ જીતી ચૂક્યું છે તો જાપાન નાના દેશો વચ્ચેની સ્પર્ધાઓમાં ૬૨માંથી ૪૧ ટી-૨૦ મૅચ જીત્યું છે એટલે ભારત એના ખેલાડીઓને નબળા નહીં સમજે. ૧૫ વર્ષનો વૈભવ સૂર્યવંશીને આ મૅચમાં રમવા મળે છે કે નહીં એ જોવું રહ્યું.

**શ્રેયસની ટીમ પ્રૅક્ટિસથી વંચિતઃ લક્ષ્મણ છે કોચ**

જાપાનના સૅનો શહેરમાં ગઈ કાલે ધોધમાર અને એકધારો વરસાદ પડ્યો હોવાથી ભારતીય ટીમને પ્રૅક્ટિસ નહોતી કરવા મળી. આજે પણ વરસાદ પડવાની સંભાવના છે. ગૌતમ ગંભીર વેસ્ટ ઇન્ડિઝ સામેની આગામી સિરીઝમાં કોચિંગ આપશે એટલે વીવીએસ લક્ષ્મણ હાલમાં જાપાનમાં ટીમ ઇન્ડિયાનો હેડ-કોચ છે.



ભારતનો કૅપ્ટન શ્રેયસ (જમણે) અને જાપાનનો સુકાની કેન્ડેલ કૅદોવાકી-ફ્લેમિંગ

**જાપાન બે વર્લ્ડ કપ રમનાર ટીમને હરાવી ચૂક્યું છે**

પાપુઆ ન્યૂ ગિની નામના દેશની ટીમ ટી-૨૦ના બે વર્લ્ડ કપમાં રમી ચૂકી છે અને જાપાને એક વર્લ્ડ કપના સુપર સિક્સ રાઉન્ડમાં એને ૨૬ રનથી પરાજિત કરી હતી.

**બન્ને દેશની સંભવિત ઇલેવન**

ભારતઃ શ્રેયસ ઐયર (કૅપ્ટન), તિલક વર્મા (વાઇસ-કૅપ્ટન), અભિષેક શર્મા, સૅમસન (વિકેટકીપર), ઇશાન કિશન, અક્ષર પટેલ, નીતીશ રેડ્ડી, શિવમ દુબે, રવિ બિશ્નોઈ, અર્શદીપ સિંહ અને જસપ્રીત બુમરાહ.

જાપાનઃ કેન્ડલ કૅદોવાકી-ફ્લેમિંગ (કૅપ્ટન), વતારુ મિયાઉચી (વિકેટકીપર), લાચલન યામામોતો-લેક, રીઓ સાકુરાનો-થૉમસ, ઇતો-ડેવિસ, ચાર્લી હારા-હિન્ઝે, ઇબ્રાહિમ તાકાહાશી, ઍલેસ્ટર કૅદોવાકી-ફ્લેમિંગ, દેક્લાન સુઝુકી, માકોતો તાનિયામા અને શોમા સુગયા-સ્લેટર. ■

# ભારતની સુચિકા ઐતિહાસિક બ્રૉન્ઝ જીતવા છતાં ખૂબ રડી! કારણ વિચિત્ર હતું



નાગોયા (જાપાન): એશિયન ગેમ્સમાં મિક્સ્ડ માર્શલ આર્ટ્સ (એમએમએ) નામની રમતમાં આ વખતે પહેલી જ વખત હરીફાઈ થઈ અને એમાં ભારતને સૌપ્રથમ મેડલ અપાવનાર સુચિકા તરિયાલ ચંદ્રક મેળવવા છતાં હતાશ હતી અને રડી પડી હતી. તે એટલી બધી નારાજ હતી કે તેણે સેમિ ફાઇનલ પછી સિંગાપોરની હરીફ સ્પર્ધક હુઇ હૂન ટેઓ સાથે હાથ મિલાવવાની પણ ના પાડી હતી.

**બન્ને હરીફે સેલિબ્રેશન શરૂ કરી દીધું!**

૩૬ વર્ષની સુચિકાએ વિમેન્સ ટ્રૅડિશનલ ૬૦ કિલો વર્ગની સેમિ ફાઇનલમાં ભાગ લીધો હતો. એ સેમિ ફાઇનલનું પરિણામ જે રીતે નક્કી કરવામાં આવ્યું એ સામે સુચિકા અને તેના કોચનો વિરોધ હતો. સેમિમાં બન્ને સ્પર્ધકે એકમેક સામે એકસરખી ક્ષમતા અને કૌશલ્ય બતાવ્યા હતા. બેમાંથી કોણ વિજેતા એ નક્કી કરવાનું મુશ્કેલ હતું. રેગ્યુલર ટાઇમમાં રિઝલ્ટ નક્કી ન થતાં મુકાબલો ઓવરટાઇમમાં ગયો હતો જેમાં હુઇ હૂનના છેલ્લી ઘડીના આક્રમણને સુચિકાએ નિષ્ફળ બનાવ્યો હતો. મુકાબલો પૂરો થયેલો ઘોષિત કરવામાં આવ્યો ત્યારે બન્ને હરીફે પોતે જ વિજેતા છે એવું સેલિબ્રેશન શરૂ કરી દીધું હતું.

રેફરીએ પહેલાં તો હુઇ હૂનને વિજેતા જાહેર કરવામાં આવી ત્યારે ભારતના કૅમ્પમાંથી વિરોધ શરૂ થઈ ગયો હતો. આ વિરોધને પગલે મુકાબલાને ડ્રૉ જાહેર કરવામાં આવ્યો હતો અને પછી જાહેરાત કરવામાં આવી હતી કે બન્ને સ્પર્ધકના વજનને આધારે પરિણામ નક્કી કરવામાં આવ્યું છે અને એમાં હુઇ હૂન સેમિ ફાઇનલની વિજેતા છે.

**સુચિકાને વધુ વજન નડ્યું, ભારતના મેડલ થયા છ**

સામાન્ય રીતે હરીફાઈના દિવસે વેઇ-ઇનમાં સ્પર્ધકોનું વજન માપવામાં આવે છે અને એ મુજબ સુચિકાનું વજન હુઇ હૂન કરતાં ૭૦૦ ગ્રામ વધુ હતું એવો નિષ્કર્ષ જજની પૅનલે બતાવ્યો હતો. ઓછા વજનને આધારે હુઇ હૂનને વિજેતા ઘોષિત કરાતાં તે ફાઇનલમાં પહોંચી હતી અને સુચિકાએ બ્રૉન્ઝથી સંતોષ માની લેવો પડ્યો હતો. નિયમ મુજબ બેમાંથી જે સ્પર્ધકનું વજન ઓછું હોય તેને ફાયદો થાય છે. સુચિકાના બ્રૉન્ઝ વખતે આ વખતની એશિયન ગેમ્સમાં ભારતના ચંદ્રકોની સંખ્યા છ ઉપર પહોંચી હતી જેમાં નિશાનબાજોના ચાર સિલ્વર અને એક બ્રૉન્ઝનો પણ સમાવેશ હતો.

**કોચ સુચિકાને શાંત પાડીને દૂર લઈ ગયા**

જજની પૅનલે પરિણામની જાહેરાત કરી એટલે રેફરીએ વિજેતાનો પરંપરા મુજબ હાથ ઊંચો કરવા માટે બન્ને સ્પર્ધકને હરીફાઈના મંચ પર બોલાવી હતી. સુચિકા પહેલાં તો રેફરી પાસે નહોતી ગઈ, પણ કોચના સમજાવવાથી ગઈ હતી. રેફરીએ હુઇ હૂનનો હાથ ઊંચો કરીને તેને વિજેતા જાહેર કરતાં જ સુચિકા મૅટ પર ઘૂંટણિયે બેસીને ખૂબ રડવા લાગી હતી. હુઇ હૂન જ્યારે હાથ મિલાવવા તેની પાસે આવી ત્યારે તેણે ના પાડી દીધી હતી. છેવટે સુચિકા પાસે એક કોચ આવી પહોંચ્યા હતા અને તેને શાંત પાડવાનો પ્રયાસ કરીને સ્પર્ધાના સ્થળેથી દૂર લઈ ગયા હતા. ■

# ઝહીર સીએસકેનો હેડ-કોચઃ ધોનીની કમિટીએ ભારતીય કોચ જ માગ્યો હતો



ચેન્નઈઃ આઇપીએલના પાંચ ટાઇટલ જીતનાર ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)ના ફ્રૅન્ચાઇઝીએ ૪૭ વર્ષના ભૂતપૂર્વ ભારતીય ફાસ્ટ બોલર ઝહીર ખાનની આગામી સીઝન માટેના નવા હેડ-કોચ તરીકે નિમણૂક કરી છે. એવું જાણવા મળ્યું છે કે સીએસકેની ક્રિકેટ મૅનેજમેન્ટ કમિટીએ ભારતીય કોચ માગ્યો હતો અને કમિટીની એ ઇચ્છા ફ્રૅન્ચાઇઝીએ પૂરી કરી છે. સીએસકેની આ સમિતિમાં મહેન્દ્રસિંહ ધોની, કૅપ્ટન ઋતુરાજ ગાયકવાડ અને માલિક રૂપા ગુરુનાથનો સમાવેશ છે. ૧૬ સીઝન સુધી સ્ટીફન ફ્લેમિંગ એકધારો સીએસકેનો હેડ-કોચ હતો, પરંતુ તેના સ્થાને નવા કોચની નિયુક્તિ કરવાનો સમય આવ્યો ત્યારે આ સમિતિએ ઇચ્છા બતાવી હતી કે આ વખતે કોઈ ભારતીય કોચની જ નિયુક્તિ થાય તો સારું. ફ્રૅન્ચાઇઝીએ એ સૂચન અપનાવ્યું હતું. ■

# ૧૩ વર્ષની ચીની જલપરીએ રચ્યો ઈતિહાસ!



નાગોયાઃ ૧૫ વર્ષનો આપણો ટીનેજ-સ્ટાર વૈભવ સૂર્યવંશી મેદાન પર બૅટથી જે ચમત્કારો સર્જી રહ્યો છે એનાથી ભારત સહિત વિશ્વભરના કરોડો ક્રિકેટપ્રેમીઓ ખૂબ પ્રભાવિત થયા છે અને આ ક્રિકેટરે આઇપીએલને તેમ જ ટી-૨૦ ફૉર્મેટને એક નવી જ દિશા આપી હોવાની સર્વત્ર ચર્ચા છે ત્યારે ચીનમાં તેમ જ એશિયન ગેમ્સ સાથે સંકળાયેલા દેશોમાં વૈભવથી બે વર્ષ નાની યુ ઝિદી નામની સ્વિમરે અસંખ્ય લોકોના દિલ જીતી લીધા છે.

જાપાનની એશિયન ગેમ્સમાં સ્વિમિંગની હરીફાઈમાં યુ ઝિદીએ કમાલ કરી નાખી. તેણે રવિવારે વિક્રમજનક સમયમાં મહિલાઓ માટેની ૨૦૦ મીટર બટરફ્લાય હરીફાઈ જીતીને ગોલ્ડ મેડલ હાંસલ કર્યો હતો. એટલું જ નહીં, ૨૪ કલાકની અંદર (સોમવારે) તે બીજો ગોલ્ડ મેડલ પણ વિક્રમ સાથે જીતી હતી અને જરાક માટે વિશ્વવિક્રમ ચૂકી ગઈ હતી.

યુ ઝિદીએ આ હરીફાઈ બે મિનિટ ૦૫.૦૮ સેકન્ડમાં પૂરી કરી હતી. તેનું આ ટૂંકી કારકિર્દીનું પ્રથમ મોટું ટાઇટલ છે.

યુ ઝિદી હજી આવતા મહિને જિંદગીના ૧૪ વર્ષ પૂરાં કરશે. તે એશિયન ગેમ્સમાં સ્વિમિંગની સૌથી યુવાન ચૅમ્પિયન ગણાય છે. તેણે રવિવારની હરીફાઈ બે મિનિટ ૦૫.૦૮ સેકન્ડમાં પૂરી કરીને ચીનની જ ઝાન્ગ યુફીનો એશિયન ગેમ્સ રેકૉર્ડ તોડ્યો હતો. યુફીએ ૨૦૨૨ની એશિયન ગેમ્સમાં ૨૦૦ મીટર બટરફ્લાય હરીફાઈ બે મિનિટ ૦૫.૫૭ સેકન્ડમાં પૂરી કરી હતી. યુ ઝિદીએ સોમવારે મહિલાઓ માટેની ૨૦૦ મીટર ઇન્ડિવિજ્યૂઅલ મેડલી બે મિનિટ ૦૬.૧૦ સેકન્ડમાં પૂરી કરી હતી. તે આ હરીફાઈના વિશ્વવિક્રમથી માત્ર ૦.૪૦ સેકન્ડ મોડી પડી હતી. ■

# જાપાનમાં રમીશ એવું ક્યારેય વિચાર્યું પણ નહોતુંઃ શ્રેયસ

ટૉક્યોઃ ભારત અને જાપાન વચ્ચે આજે જાપાનના સૅનો શહેરમાં જે ઐતિહાસિક દ્વિપક્ષી ટી-૨૦ મૅચ રમાવાની એ માટે ટીમ સાથે વહેલા જાપાન પહોંચેલા કૅપ્ટન શ્રેયસ ઐયરે ટૉક્યો પહોંચ્યા પછી પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું હતું કે 'મેં ક્યારેય વિચાર્યું પણ નહોતું કે હું જાપાનમાં ક્રિકેટ રમીશ.' એશિયન ગેમ્સ શરૂ થઈ ચૂકી છે, પરંતુ ભારતની ટી-૨૦ ટીમની એમાં પ્રથમ મૅચ ૨૮મી સપ્ટેમ્બરે રમાશે. શ્રેયસ ઐયરને 'તમે જાપાનમાં રમશો એવું કદી વિચારેલું?' એવું પૂછાતાં કહ્યું, 'ના, મેં કલ્પના પણ નહોતી કરી કે હું જાપાનમાં ક્રિકેટ રમીશ. જોકે એટલું ચોક્કસ છે કે ક્રિકેટની રમત હવે ઘણા દેશો સુધી ફેલાઈ રહી છે. દરેક ટીમ પોતપોતાની રીતે વર્ચસ જમાવી રહી છે એટલે મને ખાતરી છે કે મંગળવારની ભારત-જાપાન મૅચ રોમાંચક બની રહેશે.' ■

# આજે ભારત-શ્રીલંકા વચ્ચે ટી-૨૦ ફાઇનલ

નિશિન (જાપાન): અહીં મંગળવારે (સવારે ૧૦.૩૦ વાગ્યાથી) ભારત અને શ્રીલંકા વચ્ચે એશિયન ગેમ્સમાં મહિલાઓની ટી-૨૦ ટૂર્નામેન્ટની ફાઇનલ રમાશે જેમાં ભારતની બન્ને ઓપનર શેફાલી વર્મા તથા સ્મૃતિ મંધાના ટ્રોફી અપાવી શકે એટલી બધી ફૉર્મમાં છે, જ્યારે બીજી તરફ શ્રીલંકાની કૅપ્ટન અને ઑલરાઉન્ડર ચમારી અથાપથ્થુનો ફરી એક વખત પ્રભાવ જોવા મળશે તો નવાઈ નહીં.

ભારત-શ્રીલંકા વચ્ચે હજી નવ દિવસ પહેલાં જ એશિયા કપમાં ફાઇનલ રમાઈ હતી જે ભારતે જીતી લીધી હતી. બન્ને દેશ વચ્ચે કુલ ૩૨ ટી-૨૦ રમાઈ છે જેમાંથી ૨૬ ભારતે અને ફક્ત પાંચ શ્રીલંકાએ જીતી છે. શ્રીલંકા છેલ્લી સાતેય મૅચ ભારત સામે હાર્યું છે. ■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ઘંટ | INCIDENT |
| ઘઉં | LOSS |
| ઘટ | WHEAT |
| ઘટના | COURSE |
| ઘટમાળ | BELL |

### માતૃભાષાની મહેક

માન એટલે ચિત્તની એક પ્રકારની ઉન્નતિ, વડાઈ, મોટાઈ. ગાંધીજી લખે છે કે માન એટલે ઊછાંછળાપણું નહીં, પણ ડરથી કે આળસથી જે આપણને ઘરે છે તે જવા નહિ દેવું એવી મનની સ્થિતિ અને તે પ્રમાણેનું આચરણ. આવું માન તે જ માણસ જોઈ શકે છે કે જેનો ખરો વિશ્વાસ કે આધાર ખુદા કે ઈશ્વર ઉપર હોય છે.

### ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ નોશ BIBLIOPHOBIA અનુભવે છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) બાળક બ) વીજળી ક) પુસ્તક ડ) ગણિત

### ઈર્શાદ

*ઓ મુસીબત! એટલી ઝિંદાદિલીને દાદ દે,*
*તેં ધરી તલવાર તો હું ધાર પર હસતો રહ્યો.*
*--- જમિયત પંડ્યા 'જિગર'*

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | ૩ | | ૪ | | ૫ | ૬ |
| | | | ૭ | | | | | ૮ | |
| | ૯ | | | | | ૧૦ | | | |
| | | | ૧૧ | | | | | ૧૨ | ૧૩ |
| ૧૪ | | ૧૫ | | | ૧૬ | | ૧૭ | | |
| | | ૧૮ | | | | ૧૯ | | ૨૦ | |
| ૨૧ | ૨૨ | | | | | | | | |
| | ૨૩ | | | | ૨૪ | | ૨૫ | | |
| ૨૬ | | | | ૨૭ | | ૨૮ | | | ૨૯ |
| ૩૦ | | | | | ૩૧ | | | | |

**આડી ચાવી**

૧. ગ્રંથભંડાર, પુસ્તકાલય (૫)
૪. આયુષ્ય (૪)
૭. ક્રોધ, તામસ (૩)
૮. પાણીનું બેડું (૨)
૯. રાત્રી (૨)
૧૦. સૃષ્ટિનો સૌથી પ્રથમ જન્મેલો પુરુષ (૩)
૧૨. લાગ, અનુકૂળ પ્રસંગ (૨)
૧૪. બળવાન (૪)
૧૬. દરકાર, કાળજી (૩)
૧૮. દૃઢ, મજબૂત (૩)
૧૯. માલિક (૪)
૨૧. દાવાગ્નિ (૨)
૨૩. કામધંધા વગરનો (૩)
૨૫. કુંભારનો ચાકડો (૨)
૨૬. પત્ની (૨)
૨૭. --- કરવું=કજિયાની પતાવટ (૪)
૩૦. ધર્મ (૪)
૩૧. નિવેડો, નિકાલ (૫)


**ઊભી ચાવી**

૧. દુર્ગ, કોટ (૨)
૨. ધરતીનો છેડો (૨)
૩. રૂપું (૩)
૫. કૃપા, મહેરબાની (૪)
૬. ઘરકી મુરગી --- બરાબર (૨)
૯. નિમણૂક (૩)
૧૦. આદરસત્કાર (૫)
૧૧. શતપદ (૫)
૧૩. --- તેવી ભરણી (૩)
૧૪. કોઈ સત્કર્મ અર્થે આત્મબલિદાન કરનાર (૩)
૧૫. મહિનો (૨)
૧૭. એક કઠોળ (૨)
૨૦. તવંગર, પૈસાદાર (૩)
૨૨. સિંહ (૪)
૨૪. અભિમાની, અહંકારી (૩)
૨૫. કાળજી (૩)
૨૬. કિંમત, મૂલ્ય (૨)
૨૮. પ્રવાહીની ધાર (૨)
૨૯. કરજ, દેવું (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અ | ન | ૨ પે | ૩ ક્ષિ | ત | | ૪ ઠા | વ | ૫ કા | ઈ |
| જા | | ૬ ર | તિ | | | મ | | બ | |
| ય | | ૭ વિ | પા | શા | | ૮ કું | જ | ર | |
| ૯ બ | ૧૦ ગા | | લ | | ૧૧ રં | | | | ૧૨ દે |
| | ૧૩ મ | હી | | ૧૪ અં | ગ | ત | | ૧૫ કા | વ્ય |
| ૧૬ લા | ઠી | | ૧૭ વ્ય | તિ | ત | | ૧૮ ફે | ર | |
| ભ | | | | મ | | ૧૯ જ | | ૨૦ સો | ૨૧ મ |
| | ૨૨ સં | તા | ૨૩ ન | | ૨૪ રૈ | ય | ૨૫ ત | | જ |
| | ઘ | | મી | | | ૨૬ વા | લ | | બૂ |
| ૨૭ ગી | રો | ખ | ત | | ૨૮ પ | રો | પ | કા | રી |

### ઓળખાણ પડી?



શરીર માટે જરૂરી પોષક દ્રવ્યો ધરાવતા અને એમેઝોન રેઈનફોરેસ્ટથી આયાત થતા અનોખા ડ્રાય ફ્રૂટની ઓળખાણ પડી??

અ) Dry Nuts બ) Goji Nuts ક) Hazel Nut ડ) Brazil Nut

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'એની શક્તિ ઘણી અમાપ છે' પંક્તિમાં અમાપ શબ્દનો અર્થ જણાવો.

અ) અનર્થ બ) પુષ્કળ ક) મજબૂત ડ) તકલીફ

### માઈન્ડ ગેમ

ગૌતમ બુદ્ધે જ્ઞાન પ્રાપ્તિ પછી પ્રથમ ઉપદેશ આપ્યો હતો એ પવિત્ર સ્થળ સારનાથ કયા રાજ્યનો હિસ્સો છે એ જાણો છો?

અ) મધ્ય પ્રદેશ બ) ઉત્તર પ્રદેશ ક) ગોવા ડ) ઓડિશા

### સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | | | | | | ૯ | |
| ૮ | ૫ | | ૭ | | | | | |
| ૭ | | ૧ | ૯ | | | | ૩ | |
| ૩ | ૮ | | | ૧ | | | | |
| | ૪ | | | ૯ | | | ૨ | |
| | | | | ૨ | | | ૫ | ૬ |
| | ૯ | | | | ૩ | ૭ | | ૧ |
| | | | | | ૫ | | ૪ | ૨ |
| | ૬ | | | | | | | ૩ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ.

### સુડોકુ-ગયા વખતનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૯ | ૭ | ૨ | ૫ | ૬ | ૪ | ૮ | ૩ |
| ૪ | ૫ | ૩ | ૩ | ૮ | ૭ | ૧ | ૯ | ૬ |
| ૬ | ૮ | ૩ | ૧ | ૯ | ૪ | ૫ | ૨ | ૭ |
| ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૯ | ૭ | ૧ | ૮ |
| ૯ | ૧ | ૫ | ૮ | ૭ | ૩ | ૬ | ૪ | ૨ |
| ૮ | ૭ | ૬ | ૪ | ૨ | ૧ | ૩ | ૫ | ૯ |
| ૩ | ૨ | ૧ | ૭ | ૪ | ૮ | ૯ | ૬ | ૫ |
| ૫ | ૪ | ૯ | ૬ | ૩ | ૨ | ૮ | ૭ | ૧ |
| ૭ | ૬ | ૮ | ૯ | ૧ | ૫ | ૨ | ૩ | ૪ |

### ગયા મંગળવારના જવાબ

| A | B |
|---|---|
| ગૂંગળામણ | SUFFOCATION |
| ગૂંચ | KNOT |
| ગૂંચવણ | PUZZLE |
| ગૂંથણી | KNITTING |
| ગૂંચળી | COIL |

ગુજરાત મોરી મોરી રેઃ માંદગી

ઓળખાણ પડી? સાઉથ આફ્રિકા

માઈન્ડ ગેમ : કેરળ

ચતુર આપો જવાબ અર્થ જણાવોઃ ભયાનક

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) ભારતી બુચ (૪) ધીરેન્દ્ર મુલરાજ (૫) પ્રતિમા પમાણી (૬) ભામિની સંપટ (૭) ડો. પ્રકાશ કટકિયા (૮) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૯) ભરત કજરિયા (૧૦) શ્રદ્ધા આશર (૧૧) મીનળ કાપડિયા (૧૨) જ્યોતિ ખાંડવાલા (૧૩) નિખિલ બંગાળી (૧૪) અમીશી બંગાળી (૧૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૬) મહેશ એન. સંઘવી (૧૭) નેહુલ એમ. સંઘવી (૧૮) મનીષા શેઠ (૧૯) ફાલ્ગુની શેઠ (૨૦) નંદલાલ અ. ગોઠી (૨૧) ભાવના કર્વે (૨૨) મધુલતા ચંદ્રશેખર માંકડ (૨૩) જયવંત પદમશી ચિખલ (૨૪) વિણા સંપટ (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) કમલ માતલિયા (૨૭) અરવિંદ કામદાર (૨૮) શિલ્પા શ્રોફ (૨૯) અંજુ ટોલિયા (૩૦) ડાયના સંતોકે (૩૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૨) વિજય આસર (૩૩) નિતીન જયંતીલાલ બજરિયા (૩૪) નયના ગિરીશ મિસ્ત્રી (૩૫) જ્યોત્સના ગાંધી (૩૬) હિનાબેન દલાલ (૩૭) ઈનાક્ષીબેન દલાલ (૩૮) રમેશભાઈ દાલ (૩૯) સુભાષ મોમાયા (૪૦) પુષ્પા પટેલ (૪૧) તાહેર ઔરંગાબાદવાલા (૪૨) શીરીન ઔરંગાબાદવાલા (૪૩) મહેશ દોશી (૪૪) નીતા દેસાઈ

# તાડદેવમાં મંદિરેથી દર્શન કરી ઘરે જઈ રહેલી પારસી યુવતી પર લોખંડનો દરવાજો પડ્યો

## યુવતીને ગંભીર ઈજા થતાં સાઈટ સુપરવાઈઝર વિરુદ્ધ ગુનો: નોટિસ આપી છોડવામાં આવેલા આરોપી સામે સીધી ચાર્જશીટ બનશે





(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અંબામાતાનાં દર્શન કરીને ઘરે પાછી ફરી રહેલી પારસી યુવતી પર લોખંડનો જર્જરિત દરવાજો પડતાં તે ગંભીર રીતે ઘવાઈ હોવાની આંચકાજનક ઘટના દક્ષિણ મુંબઈના તાડદેવ વિસ્તારમાં બની હતી. પોલીસે દરવાજાની દેખભાળની જવાબદારી જેને સોંપાઈ હતી તે સાઈટ સુપરવાઈઝર વિરુદ્ધ ગુનો નોંધી તેને નોટિસ આપી હતી. આ ઘટનામાં તપાસ બાદ કોર્ટમાં સીધી ચાર્જશીટ દાખલ કરવામાં આવશે, એવું પોલીસનું કહેવું છે.

ગામદેવી પોલીસના જણાવ્યા મુજબ ઘટના તાડદેવના પાટીલ એસ્ટેટ કમ્પાઉન્ડ પાસેની સચિનમ હાઈટ્સ ઈમારત ખાતે ૨૭ ઑગસ્ટની સવારે ૯.૪૫ વાગ્યાની આસપાસ બની હતી. લોખંડનો વજનદાર દરવાજો શરીર પર પડવાને કારણે જેની યઝદી બામજી (૨૩) જખમી થઈ હતી. જેનીના પિતા યઝદી બામજી (૫૮)એ નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે વિનય બાબુ શાહ (૫૩) વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. પોલીસ ફરિયાદ અનુસાર ઝોરાષ્ટ્રીયન કોલોનીની તારાચંદ બિલ્ડિંગમાં રહેતી જેની રોજ સવારે પાટીલ એસ્ટેટ કમ્પાઉન્ડ ખાતેના અંબામાતાના મંદિરે દર્શન માટે જતી હતી. ઘટનાની સવારે તે દર્શન કરીને પાછી ફરતી હતી ત્યારે સચિનમ હાઈટ્સ ઈમારતના પ્રવેશદ્વાર પાસેનો લોખંડનો દરવાજો એકાએક તેના પર તૂટી પડ્યો હતો. વજનદાર દરવાજો પડવાને કારણે જેની પણ જમીન પર ફસડાઈ પડી હતી.

કહેવાય છે કે ઘટના સમયે નજીકના જિમમાંથી નીકળેલી મહિલા સંગીતાબહેન પ્રજાપતિ જેનીની મદદે આવી હતી. જેનીને ભાટિયા હૉસ્પિટલમાં દાખલ કરાવ્યા પછી તેના પિતાને ફોન પર ઘટનાની જાણ કરવામાં આવી હતી.

પિતા યઝદી બામજીએ જણાવ્યું હતું કે હૉસ્પિટલમાં તે પહોંચ્યા ત્યારે તબીબે જેનીને ગંભીર ઇજા થઈ હોવાની જાણ કરી હતી. જેનીના માથામાં પાછળના ભાગમાં ઇજા, બન્ને ગાલ પાસેનાં હાડકાં અને નાકમાં ફ્રેક્ચર તેમ જ મોંઢાની અંદર તાળવામાં ગંભીર ઇજાની સાથે ત્રણ દાંત તૂટી ગયા હોવાનું ડૉક્ટરે કહ્યું હતું. જેનીના પિતા ઘટનાસ્થળે ગયા ત્યારે સામેની બી વિંગમાં લાગેલા સીસીટીવી કૅમેરામાં દરવાજો પડવાની ઘટના કેદ થઈ હોવાનું જાણવા મળ્યું હતું. બેથી ત્રણ કૅમેરાનાં ફૂટેજમાં દરવાજો જેની પર પડતો નજરે પડે છે. સારવાર પછી જેનીને હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવ્યા પછી પોલીસ ફરિયાદ કરાઈ હતી. ગામદેવી પોલીસે બેદરકારી બદલ ૧૦ સપ્ટેમ્બરે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૨૫(બી) હેઠળ એફઆઈઆર નોંધ્યો હતો.

ગામદેવી પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર પ્રશાંત મોહિતેએ 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે આ મામલે તપાસ ચાલી રહી છે અને આરોપી શાહને નોટિસ આપવામાં આવી છે. કાનૂની જોગવાઈને અનુસરી તપાસ બાદ આરોપનામું કોર્ટમાં દાખલ કરવામાં આવશે.

# મુંબઈ સહિત પડોશી શહેરમાં ગાજવીજ સાથે વરસાદ

## કર્જતમાં એક કલાકમાં ૧૦૦ મિ.મી. થી વધુ વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં ગયા અઠવાડિયે રવિવારે ભારે વરસાદ બાદ આખું અઠવાડિયું ગાયબ રહેલો વરસાદ સોમવારે સાંજે મુંબઈના જુદા જુદા વિસ્તાર તેના પડોશી શહેરોમાં ગાજવીજ અને વીજળીના કડાકા સાથે જોરદાર ઝાપટાં પાડી ગયો હતો. થાણે, ડોંબિવલી, કલ્યાણ અને કર્જત જેવા વિસ્તારોમાં વરસાદના જોરદાર ઝાપટાં પડ્યા હતા.

મુંબઈમાં સાંજથી વાદળિયું વાતાવરણ થવાની સાથે અંધારુ થઈ ગયું હતું અને સાંજના સાત વાગ્યા બાદ દક્ષિણ મુંબઈમાં ફોર્ટ, કોલાબા સહિત અનેક વિસ્તારોમાં તથા પૂર્વ ઉપનગરમાં ઘાટકોપર, વિક્રોલી, ભંડુપ સહિત પશ્ચિમ ઉપનગરમાં વિલે પાર્લે સહિતના વિસ્તારમાં વરસાદના જોરદાર ઝાપટાં નોંધાયા હતા, જ્યારે દહિસર અને બોરીવલીના કેટલાક વિસ્તારોમાં રહેવાસીઓએ ટૂંકા પણ ભારે વરસાદની જાણ કરી હતી

મુંબઈ મેટ્રોપોલિટન રિજનના ઘણા વિસ્તારોમાં સાંજ બાદ વરસાદના ઝાપટાં પડી ગયા હતા. હવામાન નિષ્ણાતના જણાવ્યા મુજબ કર્જતમાં અત્યંત તીવ્ર વરસાદનું ઝાપટું પડ્યું હતું, જેમાં એક કલાકમાં ૧૧૨ મિ.મી. વરસાદ નોંધાયો હતો. આ ઘટના મોસમની અંતિમ તબક્કાની ગાજવીજ સાથેના વરસાદની લાક્ષણિકતા દર્શાવે છે, જેમાં ટૂંકા અંતરમાં પણ વરસાદની માત્રામાં મોટો તફાવત જોવા મળી શકે છે. ટૂંકા ગાળાનો આવો ભારે વરસાદ મોસમની અંતિમ તબક્કાની ગાજવીજની પ્રક્રિયામાં વરસાદના અત્યંત સ્થાનિક સ્વરૂપને ઉજાગર કરે છે; જેમાં કોઈ એક સ્થળે ખૂબ જ ટૂંકા સમયમાં અસાધારણ માત્રામાં વરસાદ પડી શકે છે, જ્યારે નજીકના વિસ્તારોમાં નોંધપાત્ર રીતે ઓછો વરસાદ નોંધાઈ શકે છે.

જોકે ભારતીય હવામાન વિભાગ દ્વારા સવારે ૮.૩૦ થી સાંજે ૬.૩૦ દરમ્યાન કર્જતમાં માત્ર નવ મિ.મી. જેટલો વરસાદ નોંધવામાં આવ્યો હતો. આ બાબત ખૂબ જ ટૂંકા ગાળાના સ્થાનિક અવલોકન અને લાંબા સમયગાળા દરમ્યાન સત્તાવાર સ્ટેશન પર નોંધાયેલા વરસાદ વચ્ચેના તફાવતને દર્શાવે છે. દેશના કેટલાક ભાગોમાંથી નૈર્ઋત્યના ચોમાસા (દક્ષિણ-પશ્ચિમ ચોમાસા)ની વિદાય પ્રક્રિયા શરૂ થઈ રહી છે ત્યારે આ વરસાદ પડ્યો છે.

ભારતીય હવામાન વિભાગના તાજેતરના અનુમાન મુજબ ૨૧ સપ્ટેમ્બરે કોંકણ અને ગોવા વિસ્તારમાં ગાજવીજ સાથે વરસાદની શક્યતા છે, જ્યારે ૨૨ અને ૨૩ સપ્ટેમ્બરે આ વિસ્તારમાં ભારે વરસાદ અને ગાજવીજની આગાહી કરવામાં આવી છે. મુંબઈમાંથી નૈર્ઋત્યના ચોમાસાની વિદાયની સામાન્ય તારીખ ૮ ઓક્ટોબર છે. ગયા વર્ષે ભારતીય હવામાન વિભાગ દ્વારા ૧૦ ઓક્ટોબરે મુંબઈમાંથી ચોમાસાની વિદાયની જાહેરાત કરવામાં આવી હતી, જોકે તેની સામાન્ય તારીખ ૮ ઓક્ટોબર છે.

### બદલાપુરમાં વિદ્યાર્થીનું ડેમમાં ડૂબી જવાથી મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: થાણે જિલ્લાના બદલાપુરમાં ૧૮ વર્ષનો વિદ્યાર્થી તરવા માટે એક ડેમમાં ગયો ત્યાં ડૂબી જવાથી તેનું મૃત્યુ થયું હોવાની દુર્ઘટના બની હતી. પોલીસના જણાવ્યાં મુજબ મૃતકની ઓળખ સ્વયમ સોનાવણે તરીકે થઈ છે. મૃતક તેના પરિવારને જાણ કર્યા વગર તેના મિત્ર સાથે ડેમમાં તરવા માટે ગયો હતો પણ તેને તરતા આવડતું ન હોવાને કારણે તે ડેમમાં ડૂબી ગયો હતો. રવિવારે મોડી સાંજે તેનો મૃતદેહ હાથ લાગ્યો હતો. પોલીસે એક્સિડેન્ટલ ડેથનો કેસ નોંધ્યો હતો.

### કલ્યાણમાં ૪૦ લાખની રોકડની લૂંટ: ૨૪ કલાકમાં છ આરોપી પકડાયા

મુંબઈ: ઉલ્હાસનગરની ફૂડ એજન્સીના કર્મચારી અને ભૂતપૂર્વ કર્મચારીએ બૅન્કમાં રોકડ ભરવા સંબંધી માહિતી સાથીઓને આપી લૂંટની યોજના બનાવી હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. સ્કૂટી પર જનારા બે કર્મચારીને ફટકારી ૪૦ લાખની રોકડ લૂંટવાનો કેસ થાણે પોલીસની ક્રાઈમ બ્રાન્ચે ૨૪ કલાકમાં ઉકેલી છ આરોપીની ધરપકડ કરી હતી.

પકડાયેલા આરોપીઓની ઓળખ સોહેબ યુનુસ શેખ (૨૪), સમીર અખ્તર શેખ (૨૮), આફતાબ અસલમ ખાન (૨૫), શાહનવાઝ ગફાર હસન અન્સારી (૩૬), મુઝાહિદ અનવર ખાન (૨૪) અને શાહીદ ઈસાક શેખ (૧૯) તરીકે થઈ હતી. તેમની પાસેથી પોલીસે ગુનામાં વપરાયેલી બે બાઈક અને રોકડ મળી અંદાજે ૩૬.૪૮ લાખ રૂપિયાની મતા હસ્તગત કરી હતી.

વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે આરોપી સોહેબ શેખ ઉલ્હાસનગરની ક્રાંતિ ફૂડ એજન્સીમાં કામ કરતો હોવાથી તેને કંપનીમાં જમા થયેલી રોકડ બૅન્કમાં કોણ કયા સમયે ભરવા જવાનું છે તેની સારીપેઠે જાણકારી હતી. એ સિવાય આરોપી સમીર પણ અગાઉ આ એજન્સીમાં કામ કરી ચૂક્યો હતો. એટલે કંપનીની રોકડ રોજ બૅન્ક ખાતામાં ભરવામાં આવતી હોવાની તેને ખબર હતી.

# બોરીવલીમાં કાર અકસ્માતમાં ઈન્ડિગો ઍરલાઈન્સના ક્રૂ મેમ્બરનું મૃત્યુ

મુંબઈ: બોરીવલીમાં બ્રિજના કઠેડા સાથે કૅબ ટકરાયા પછી ગંભીર રીતે ઘવાયેલી ઈન્ડિગો ઍરલાઈન્સની ૩૨ વર્ષની કૅબિન ક્રૂ મેમ્બરનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હોવાનું પોલીસે જણાવ્યું હતું. કસ્તુરબા માર્ગ પોલીસના જણાવ્યા મુજબ મૃતકની ઓળખ મીરા રોડમાં રહેતી કાયનૂર મિસ્ત્રી તરીકે થઈ હતી. ઈન્ડિગો દ્વારા કર્મચારીઓ માટે ખાનગી ટ્રાવેલ્સ કંપનીની કૅબ ભાડે લેવામાં આવી હતી. આ કૅબમાં કામથી છૂટ્યા પછી ઘરે જઈ રહેલી મિસ્ત્રીને શુક્રવારની વહેલી સવારે ૫.૪૫ વાગ્યાની આસપાસ અકસ્માત નડ્યો હતો. કૅબના ડ્રાઈવર વિજય ખોસે (૨૫)એ વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર બોરીવલી નજીક સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો. પુરપાટ દોડતી કૅબ બ્રિજના કઠેડા સાથે ભટકાઈ હતી. આ ઘટનામાં મિસ્ત્રી ગંભીર રીતે ઘવાઈ હતી.

અકસ્માતને પગલે રાહદારીઓ મદદ માટે દોડી આવ્યા હતા. અન્ય વાહનની મદદથી મિસ્ત્રીને મીરા રોડની હૉસ્પિટલમાં લઈ જવાઈ હતી. માથામાં ગંભીર ઇજાને કારણે તેને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરાઈ હતી, જ્યાં શનિવારની સાંજે તેનું મૃત્યુ થયું હતું. આ ઘટનામાં ડ્રાઈવર ખોસે ચમત્કારિક રીતે બચી ગયો હતો. મિસ્ત્રીના મૃત્યુને પગલે તેની વિરુદ્ધના ગુનામાં ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૬(૧) (બેદરકારીથી વાહન ચલાવી મૃત્યુ નીપજાવવું) ઉમેરવામાં આવી હતી. તપાસ માટે ખોસેને નોટિસ મોકલવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

### શહાપુરમાં એસટીની બસનો ઍક્સિડન્ટ: ૩૦થી વધુ પ્રવાસી જખમી

મુંબઈ: સોમવારે સવારના થાણે જિલ્લાના શાહપુર તાલુકાના કોઠારે ગામથી શહાપુર શહેર તરફ જઈ રહેલી સ્ટેટ ટ્રાન્સપોર્ટ (એસટી)ની બસના ડ્રાઈવરનું બસ પરથી નિયંત્રણ છૂટી જતા બસ સુરક્ષા દીવાલ સાથે અથડાતા થયેલા ગંભીર અકસ્માતમાં ૩૦થી વધુ પ્રવાસીઓ જખમી થયા હતા, જેમાં એક ગર્ભવતી મહિલાનો પણ સમાવેશ થાય છે. એસટી પ્રશાસનના જણાવ્યા મુજબ ડ્રાઈવરે સમયસૂચકતા વાપરીને બસ જમણી તરફ વાળી લેતા મોટી દુર્ઘટના ટળી હતી. જો બસ ડાબી બાજુએ જતી રહેતે તો ખીણમાં ખાબકી પડવાની શકયતા હતી અને એવા સંજોગોમાં અકસ્માત વધુ જોખમી બન્યો હોવાની શકયતા હતી. જખમીઓમાં ૧૨ મહિલા અને પાંચ પુરુષ એમ કુલ ૧૭ પ્રવાસીઓને હૉસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. કોઠારેથી વહેલી સવારના શહાપુર જવા નીકળેલી બસને અવકળવાડી દરમ્યાન સિંગલ રસ્તા પર તીવ્ર ઉતાર અને વળાંક પરથી પસાર થતા સમયે ડ્રાઈવરનો બસ પરથી નિયંત્રણ છૂટી ગયું હતું.

# મહારાષ્ટ્રમાં ત્રણ તબક્કાની પ્રક્રિયા દ્વારા દુષ્કાળની સ્થિતિનું મૂલ્યાંકન

મુંબઈ: મહારાષ્ટ્રમાં દુષ્કાળ જાહેર કરવાની વિપક્ષની માગણી વચ્ચે રાજ્ય સરકારે જણાવ્યું હતું કે તે ત્રણ તબક્કાની પ્રક્રિયા દ્વારા પરિસ્થિતિની સમીક્ષા કરશે, જ્યારે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોમવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે દુષ્કાળ રાહત માટેના ઉપાયો શરૂ કરી દેવામાં આવ્યા છે.

ઔપચારિક રીતે દુષ્કાળ જાહેર કરવા અને રાહત ઉપાયો અમલમાં મૂકવા વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરતા ફડણવીસે જણાવ્યું હતું કે, સરકારે રાહત કાર્ય શરૂ કરી દીધા છે. એનડીઆરએફના નિયમો મુજબ ઔપચારિક દુષ્કાળ જાહેર કરતા પહેલા પાંચ ઑક્ટોબર પછી પાકના નુકસાનનું આંકલન કરાશે અને કેન્દ્ર પાસે મદદ મગાશે, પરંતુ ખેડૂતોને મદદ કરવા માટે સરકાર કેન્દ્રની સહાયની રાહ જોશે નહીં.

રાહત અને પુનર્વસન પ્રધાન મકરંદ જાધવ પાટીલે જણાવ્યું કે ૨૦૧૭ના નિયમો મુજબ ખરીફ સિઝન માટે ૩૦ ઑક્ટોબર અને રવી સિઝન માટે ૩૧ માર્ચ સુધીમાં દુષ્કાળ જાહેર કરી શકાય છે. દુષ્કાળ નક્કી કરવા માટે વરસાદ, પાકનું વાવેતર, જમીનનો ભેજ અને ભૂગર્ભ જળ જેવા મહત્ત્વના પરિબળો તપાસવામાં આવે છે. પ્રથમ તબક્કામાં, ફરજિયાત વરસાદ સંબંધિત સૂચકાંકોની તપાસ કરવામાં આવે છે. બીજા તબક્કામાં સૂચક સૂચકાંકોના આધારે દુષ્કાળની તીવ્રતા નક્કી કરવાનો સમાવેશ થાય છે, જ્યારે ત્રીજા તબક્કામાં ક્ષેત્ર સર્વેક્ષણ અને ચકાસણી હાથ ધરવામાં આવે છે, પાટીલે ઉમેર્યું હતું.

## ખેડૂતોને પ્રતિ હેક્ટર ₹ એક લાખની સહાય આપો: સપકાળ

મુંબઈ: મહારાષ્ટ્ર કૉંગ્રેસના પ્રમુખ હર્ષવર્ધન સપકાળએ રાજ્યના અનેક ભાગોમાં ભારે દુષ્કાળથી પ્રભાવિત ખેડૂતો માટે પ્રતિ હેક્ટર રૂ. ૧ લાખની સહાય અને સંપૂર્ણ લોન માફીની માગ કરી છે. રવિવારે બુલઢાણા જિલ્લાના ખેતરોની મુલાકાત લેનારા સપકાળએ આરોપ કર્યો હતો કે ખેડૂતોના ઉભા પાકનો નાશ થાય છે ત્યારે રાજ્ય સરકાર મીટિંગો બોલાવી નાણાકીય સહાય આપવામાં વિલંબ કરી રહી છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગયા અઠવાડિયે કહ્યું હતું કે સરકાર ૫ ઓક્ટોબર પછી પાક નુકસાન સર્વેક્ષણ કરશે અને ખાતરી આપી હતી કે એનડીઆર તરફથી સહાય આવે ત્યાં સુધી નાણાકીય સહાય પૂરી પાડશે.

સપકાળએ જણાવ્યું હતું કે સરકારે સંકટમાં રહેલા ખેડૂતોને મદદ કરવા માટે કોઈ શુભ પ્રસંગની રાહ જોવી જોઈએ નહીં. બુલઢાણાના એક યુવાન ખેડૂતે સૂકા વરસાદમાં નુકસાન પામેલા તેના ૨૦ એકરના સોયાબીનના પાકનો નાશ કરવાનો નિર્ણય લીધો હોવાનો આરોપ કરી દાવો કર્યો હતો કે ખેડૂતે મુખ્ય પ્રધાન અને પ્રધાનોને તેના ખેતરોનું નિરીક્ષણ કરવા આમંત્રણ આપ્યું હતું, પરંતુ કોઈએ મુલાકાત લીધી ન હતી. દુષ્કાળને રાજકીય મુદ્દો ન ગણવો જોઈએ અને સરકારે ખેડૂતોની તકલીફનો પ્રતિભાવ આપવો જોઈએ.

સપકાળએ એવી પણ માગ કરી હતી કે શક્તિપીઠ એક્સપ્રેસવે માટે પ્રસ્તાવિત ભંડોળ ખેડૂતોને સહાય પૂરી પાડવા માટે વાળવામાં આવે. (પીટીઆઈ)

## દુષ્કાળ રાહત પગલાં આગોતરા શરૂ કરવામાં આવ્યા છે: ફડણવીસ

મુંબઈ: મહારાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં વરસાદની અછતને કારણે રાજ્યમાં દુષ્કાળ જાહેર કરવાની માગણી વિપક્ષ દ્વારા કરવામાં આવી રહી છે ત્યારે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોમવારે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા દુષ્કાળ રાહત પગલાં પહેલેથી જ શરૂ કરી દેવામાં આવ્યા છે. અપૂરતા વરસાદને કારણે મુશ્કેલીનો સામનો કરી રહેલા ખેડૂતોને મદદ કરવા માટે સરકાર કેન્દ્રીય સહાયની રાહ જોશે નહીં.

મુખ્ય પ્રધાનએ એમ પણ જણાવ્યું હતું કે નિયમો હેઠળ જરૂરિયાત મુજબ ૫ ઓક્ટોબર પછી ઔપચારિક પાક-નુકસાન મૂલ્યાંકન કરવામાં આવશે, જેના પગલે રાજ્ય કેન્દ્ર પાસેથી સહાય માગશે. ઔપચારિક રીતે દુષ્કાળ જાહેર કરવો અને રાહત પગલાં અમલમાં મૂકવા વચ્ચે તફાવત છે. એનડીઆરએફ માળખા હેઠળ દુષ્કાળની ઔપચારિક રીતે જાહેરાત કરી શકાય અને કેન્દ્ર પાસેથી સહાય માગી શકાય તે પહેલાં ચોક્કસ પગલાં પૂર્ણ કરવા પડે છે. સરકારે તાત્કાલિક દુષ્કાળ-રાહત પગલાં અમલમાં મૂકવાનું શરૂ કરી દીધું છે. રાજ્ય સરકાર ક્યારેય કેન્દ્ર સરકારની સહાયની રાહ જોતી નથી અને પોતાના ભંડોળમાંથી સહાય આપવાનું શરૂ કરી દેતી હોય છે.

ફડણવીસે વધુમાં જણાવ્યું હતું કે રાજ્ય પ્રધાન મંડળે પરિસ્થિતિ અંગે ચર્ચા કરી લીધી છે અને કટોકટીનો સામનો કરવા માટે પગલાં લેવામાં આવી રહ્યા છે. (પીટીઆઈ)

## સરકારને દિવસે જ નહીં, રાતે પણ જંપવા નહીં દઈએ : શિવસેના

મુંબઈ: મહારાષ્ટ્રમાં મરાઠવાડા અને વિદર્ભમાં દુષ્કાળની અત્યંત ગંભીર પરિસ્થિતિ છે. ખેડૂતોનો ઊભો પાક બરબાદ થઈ ગયો છે. આવનારા સમયમાં તો પશુઓના ઘાસચારા અને પાણીનો પ્રશ્ન અત્યંત ગંભીર બનવાનો છે. સરકારે હજુ સુધી દુષ્કાળ જાહેર કર્યો નથી. તેમજ ખેડૂતોને કોઈપણ પ્રકારની મદદ પણ આપી નથી. જેના કારણે ખેડૂતો વધુ ચિંતામાં મુકાયા છે.

આ સ્થિતિમાં ઠાકરે જૂથની શિવસેનાએ આક્રમક વલણ અપનાવ્યું હતું. યુબીટી નેતા અંબાદાસ દાનવેએ ચેતવણી આપી હતી કે દુષ્કાળના પ્રશ્ન પર સરકારને દિવસે જ નહીં, પરંતુ રાતે પણ નાકે દમ લાવી દઈશું.

યુબીટી જૂથના નેતા અંબાદાસ દાનવેએ સરકારની નિષ્ક્રિયતા પર પ્રહારો કરતા કહ્યું કે, 'મરાઠવાડા અને વિદર્ભમાં દુષ્કાળની સ્થિતિ છે. ત્યાં કોણ જોઈ રહ્યું છે? એક તરફ કર્ણાટક રાજ્ય ૧૩૦ તાલુકામાં દુષ્કાળ જાહેર કરે છે અને મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન મુહૂર્ત જોઈને બેઠા છે. આ વિષય પર સરકારને જવાબ આપવો જ જોઈએ. માત્ર દિવસે જ નહીં, પણ રાતે પણ ઉઠતા-બેસતા સરકાર પર પ્રહારો કરવા જ પડશે.'

''મારી માહિતી મુજબ ૫૨-૫૩ દિવસથી વરસાદ નથી થયો. પહેલાં ૨૧ દિવસ પછી વીમાનો લાભ મળતો હતો. હવે ૫૨ દિવસથી વરસાદ થયો નથી. આટલા દિવસ વરસાદ ન હોય તો કયો પાક જીવંત રહેશે? પાક બરબાદ થઈ ગયો છે. પાંચ ઓક્ટોબરની રાહ કેમ જુઓ છો? કર્ણાટકે દુષ્કાળ જાહેર કરી દીધો ને? તમે કેમ રાહ જોઈ રહ્યા છો? સરકાર પ્રશ્નમાંથી ભાગી રહી છે. પણ અમે તેમને ભાગવા નહીં દઈએ,'' દાનવેએ કહ્યું હતું.

## કોસ્ટલ રોડ પર ભયાનક અકસ્માત

# કાર બેફામપણે હંકારનારા શનય ગજ્જર વિરુદ્ધ ગુનો દાખલ કરાયો

મુંબઈ: કોસ્ટલ રોડ પરના બ્રિજ પર રવિવારે વહેલી સવારના બીએમડબ્લ્યુ કારને નડેલા ભયાનક અકસ્માત બાદ સોમવારે તાડદેવ પોલીસે કાર બેફામપણે હંકારનારા ૨૧ વર્ષના શનય ગજ્જર સામે ગુનો દાખલ કર્યો હતો. આ અકસ્માતમાં શનય ગજ્જર સહિત ધૈર્ય દર્શન શેઠ (૧૭) અને આદિત્ય જકાસણિયા (૧૯)નાં મૃત્યુ થયાં હતાં, જ્યારે આદિત્ય ઓસવાલને ગંભીર ઇજા પહોંચી હતી અને તેની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

તાડદેવ પોલીસે આ પ્રકરણે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૮૧ (જાહેર માર્ગ પર બેફામ અને બેદરકારીપૂર્વક વાહન હંકારવું), ૧૨૫ (બી) (બેદરકારીભર્યા કૃત્યથી કોઇ વ્યક્તિને ગંભીર ઇજા પહોચાડવી), ૧૦૬ (૧) (બેદરકારીભર્યા કૃત્યથી કોઇ વ્યક્તિનું મૃત્યુ નીપજાવવું) તથા મોટર વેહિકલ એક્ટની કલમ ૧૮૪ (જાહેર સુરક્ષાને જોખમમાં મૂકે તેવી રીતે ખતરનાક ડ્રાઇવિંગ કરવું) હેઠળ ગુનો કર્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.

અમદાવાદમાં રહેનારા શનય ગજ્જર, આદિત્ય જકાસણિયા અને ધૈર્ય શેઠ જુહુ વિસ્તારમાં આવેલી કોલેજમાં આર્કિટેક્ટનો કોર્સ કરતા હતા, જ્યારે આદિત્ય ઓસવાલ કુર્લાની કોલેજમાં ભણતો હતો. ચારેય જણ રવિવારે વહેલી સવારે બીએમડબ્લ્યુ કારમાં મરીન ડ્રાઇવથી હાજી અલી તરફ જઇ રહ્યા હતા. શનય કાર હંકારી રહ્યો હતો અને કોસ્ટલ રોડના બ્રિજ પર તેણે કાર પરનો કાબૂ ગુમાવ્યો હતો. કાર બ્રિજની રેલિંગ કુદાવ્યા બાદ રસ્તા પર પટકાઇ હતી, જ્યાં પાર્કિંગ ઍરિયાનું બાંધકામ ચાલી રહ્યું હતું.

દરમિયાન કન્ટ્રોલ રૂમ તરફથી અકસ્માતની જાણ તાડદેવ પોલીસને કરવામાં આવી હતી. આથી અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા. પોલીસને ઘટનાસ્થળેથી ચાર મોબાઇલ સાથે પાકીટ પણ મળ્યું હતું, જેમાં આદિત્ય જકાસણિયાનું આધાર કાર્ડ હતું. પોલીસના જણાવ્યા મુજબ શનય કારમાં ડ્રાઇવરની સીટ પર હતો અને તેનું અડધું શરીર બહાર હતું. કાર તેના પિતા ફાલ્ગુન ગજ્જરના નામે હોવાનું પોલીસને જાણવા મળ્યું હતું. અકસ્માતમાં ઘવાયેલા ચારેય જણને સારવાર માટે હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા, જ્યાં ત્રણ જણને તપાસીને મૃત જાહેર કરવામાં આવ્યા હતા.

## શનય વિરુદ્ધ અગાઉ ઓવરસ્પીડિંગ, પોલીસ સ્ટેશનમાં નશામાં ગેરવર્તન કરવા બદલ ગુના

મુંબઈ: કોસ્ટલ રોડ પરના બ્રિજ પરથી રવિવારે વહેલી સવારે ઉછળીને નીચે પટકાયેલી કાળા રંગની બીએમડબ્લ્યુ કાર અગાઉ પણ પૂરપાટ વેગે વાહન હંકારવાની ઘટનામાં સામેલ હતી, જેને પગલે ગામદેવી પોલીસ સ્ટેશનમાં ૨૯ માર્ચે એફઆઇઆર દાખલ કરવામાં આવ્યો હતો અને એ સમયે શનય ગજ્જર કાર હંકારી રહ્યો હતો. એ સિવાય ગયા મહિને નશામાં અધિકારીઓના કામમાં અવરોધ ઊભો કરવા બદલ શનય વિરુદ્ધ બાંદ્રા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાયો હતો. બાંદ્રામાં શનય તથા અન્ય ત્રણ જણે જાહેર માર્ગ પર અવરોધ ઊભો કરવા અને પોલીસ સ્ટેશનની અંદર ઑન-ડ્યૂટી અધિકારીઓ સાથે ગેરવર્તન કરવાનો આરોપ હતો. ઉપરાંત શનયને ઓવરસ્પીડિંગ અને જમ્પિંગ સિગ્નલ માટે ટ્રાફિક પોલીસે દંડ્યો હતો અને તેના ચલાન પેન્ડિંગ છે, એવું જાણવા મળ્યું હતું.

તાડદેવ સ્થિત વેપારી ઓમકાર શિર્કેએ જણાવ્યું હતું કે માર્ચ મહિનામાં તેણે નોંધાવેલી ફરિયાદમાં જે બીએમડબ્લ્યુનો ઉલ્લેખ હતો તેનો રજિસ્ટ્રેશન નંબર એ જ હતો જે રવિવારે જીવલેણ અકસ્માતમાં સામેલ કારનો હતો. તેણે ૨૧ વર્ષના ગજ્જરની ઓળખ એ સમયે કાર હંકારનાર વ્યક્તિ તરીકે કરી હતી.

# મુંબઈના પાણીપુરવઠા માટે પિસે-પાંજરાપુર વોટર ટનલને રાજ્ય સરકારની મંજૂરી

મુંબઈ: હાલના પાણીના સ્રોત, વોટર ટ્રાન્સમિશનલ સિસ્ટમમાં રહેલી મર્યાદા, વધારાના પમ્પિંગ સ્ટેશનનું સૂચિત બાંધકામ, હાલ અસ્તિત્વમાં રહેલી પાણીની પાઈનલાઈન જૂનના અને જર્જરિત થઈ હોવાથી તેમ જ પાણીની પાઈપલાઈન પાસે જગાના અભાવને પગલે મુંબઈને પાણીપુરવઠાના દૃષ્ટિએ મહત્ત્વના રહેલી પિસેથી પાંજરાપુર દરમ્યાન વોટર ટનલ બનાવના પ્રોજેક્ટને રાજ્ય સરકારે મંજૂરી આપી દીધી છે. ટનલને કારણે ભવિષ્યમાં મોટા પ્રમાણમાં થનારાં પાણીનાં ગળતરને રોકવામાં તેમ જ મુંબઈને થનારા પાણીપુરવઠા વ્યવસ્થામાં મોટો સુધારો થશે. મુંબઈ મહાનગરપાલિકા તરફથી રાજ્યના અર્બન ડેવલપમેન્ટ વિભાગ પાસે આ બાબેત મંજૂરી માગવામાં આવી હતી, જે મળી જતા હવે પ્રોજેક્ટ આગળ વધવાનો માર્ગ મોકળો થયો છે. સોમવારે અર્બન ડેલવપમેન્ટ વિભાગે સોમવારના જરૂરી સરકારી આદેશ(જીઆર) બહાર પાડ્યો હતો. હાલમાં ભાતસા ડેમમાંથી પીસે વોટર વર્કસલમાં લાવવામાં આવેલું પાણી પાંજરાપુર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ખુલ્લી ચેનલ દ્વારા પહોંચાડવામાં આવે છે, જેને કારણે પાણી પુરવઠાને ગળતર સહિત પાણી દૂષિત થવાની સંભાવના હોય છે. તેમ જ પિસેથી પાંજરાપુર દરમ્યાન લગભગ આઠ કિલોમીટર અંતર પર હાલ ૨,૨૩૫ મિ.મી. વ્યાસની ત્રણ અને ચાર હજાર મિ.મી. વ્યાસની એક કુલ ચાર પાઈપલાઈન દ્વારા પાણી લઈ જવામાં આવે છે. આ પાઈપલાઈન અનુક્રમે ૧૯૭૯, ૧૯૮૬, ૧૯૯૬ અને ૨૦૦૭માં શરૂ કરવામાં આવી હતી. આ પાઈપલાઈનનું આયુષ્ય ૪૭,૪૦,૩૦ અને ૧૯ વર્ષ થઈ ગયું છે. આ પાઈપલાઈન જૂની થઈ ગઈ હોવાથી પાણીની વિતરણ સિસ્ટમ સિમિત થઈ ગઈ છે. તેમજ આ પાણીને આગળ લઈ જવા માટે વધારાના પમ્પિંગ સ્ટેશનના બાંધકામની પણ આવશ્યકતા છે.

ભવિષ્યમાં પાણીની માગણી તેમ જ હાલની પાઈપલાઈનની બાજુમાં જગ્યા ઉપલબ્ધ ન હોવાથી પિસે-પાંજરાપુર દરમ્યાન વોટર ટનલ બનાવવાનો પ્રસ્તાવ પાલિકાએ બનાવ્યો હતો. મુંબઈ મહાનગરપાલિકાના અધિનિયમ અનુસાર વોટર ટનલના આ પ્રસ્તાવને અને પ્લાનને બાંધકામ પહેલા રાજ્ય સરકારની મંજૂરી આવશ્યક કરી હતી.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ક્રૂડ તેલના ઘટાડાને ટેકે સેન્સેક્સ ૫૬૪ પૉઈન્ટ ઊછળ્યો અને નિફ્ટીમાં ૬૭ પૉઈન્ટનો સુધારો

## વિદેશી ફંડોની ₹ ૫૭૬ કરોડની વેચવાલી સામે સ્થાનિક ફંડોની ₹ ૨૭૯૭ કરોડની લેવાલી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક બજારમાં આજે ક્રૂડતેલના ભાવમાં પીછેહઠ જળવાઈ રહેતાં સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સતત ચોથા સત્રમાં આગેકૂચ જોવા મળી હતી, જેમાં બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરના બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૫૬૪.૦૩ પૉઈન્ટનો ઉછાળો આવ્યો હતો, જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જના ૫૦ શૅરના બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૬૭.૯૦ પૉઈન્ટનો સુધારો આવ્યો હતો. જોકે, ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૫૯૯.૫૪ કરોડની ચોખ્ખી લેવાલી જોવા મળ્યા બાદ આજે પુનઃ વેચવાલી જોવા મળી હતી. આજે તેઓની રૂ. ૧૦,૬૩૭.૧૭ કરોડની ખરીદી સામે રૂ. ૧૧,૨૧૩.૩૭ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૫૭૬.૨૦ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી. જોકે, આજે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૪,૦૯૮.૬૪ કરોડની ખરીદી સામે રૂ. ૧૧,૩૦૧.૩૭ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૨૭૯૭.૨૭ કરોડની ચોખ્ખી ખરીદી રહી હોવાનું એક્સચેન્જની આંકડાકીય માહિતી પરથી જાણવા મળ્યું છે.

આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ સત્રના આરંભે ગત શુક્રવારના ૭૪,૨૯૪.૯૬ના બંધ સામે વધીને ૭૪,૫૩૫.૧૮ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૭૪,૪૫૪.૧૮ અને ઉપરમાં ૭૪,૯૮૭.૪૦ની રેન્જમાં રહીને અંતે આગલા બંધ સામે ૦.૭૮ ટકા અથવા તો ૫૬૪.૦૩ પૉઈન્ટ વધીને ૭૪,૮૫૮.૯૯ની સપાટીએ બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગત શુક્રવારના ૨૩,૩૪૬.૪૦ના બંધ સામે સાધારણ નરમાઈ સાથે ૨૩,૩૩૦.૨૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ૨૩,૩૧૪.૮૦થી ૨૩,૪૬૬.૮૦ની રેન્જમાં રહીને અંતે આગલા બંધ સામે ૦.૨૯ ટકા અથવા તો ૬૭.૯૦ પૉઈન્ટ વધીને ૨૩,૪૧૪.૩૦ની સપાટીએ બંધ રહ્યો હતો.

એકંદરે ક્રૂડતેલના ભાવ ઘટાડા સાથે બજારમાં સાર્વત્રિક સ્તરેથી લેવાલીનો ટેકો મળતાં ભારતીય ઈક્વિટી માર્કેટમાં સુધારાની આગેકૂચ જળવાઈ રહી હતી. ખાસ કરીને ક્રૂડતેલના ભાવ ઘટી આવતા ભારતનાં આયાત બિલમાં વધારો થવાની ચિંતા હળવી થવાની સાથે ફુગાવાલક્ષી દબાણ ઘટવાનો આશાવાદ અને કોર્પોરેટ માર્જિન પરનું દબાણ હળવું થવાની શક્યતાને ધ્યાનમાં લેતા સુધારાને ટેકો મળ્યો છે. જોકે, બજારમાં અમુક અંશે પશ્ચિમ એશિયાનાં ભૂરાજકીય તણાવને કારણે સાવચેતીનો અભિગમ જોવા મળ્યો હોવાનું ઓનલાઈન ટ્રેડિંગ અને વૅલ્થ ટેક કંપની એનરિચ મનીનાં ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર પોન્મુડી આરએ જણાવ્યું હતું.

આગામી દિવસોમાં અમેરિકા અને ચીનની વાટાઘાટો, યુએન ખાતેની બેઠકમાં રાજદ્વારી સ્તરે અમેરિકા અને ઈરાન વચ્ચે ઉકેલ આવે તેવો આશાવાદ ઉપરાંત ક્રૂડતેલના ભાવ અને અમેરિકી બૉન્ડની યિલ્ડમાં ઘટાડો આવતાં ફુગાવામાં ઘટાડો થવાનો આશાવાદ સપાટી પર આવતાં લગભગ તમામ ક્ષેત્રના શૅરોમાં લેવાલી જોવા મળતાં બજારના સુધારાને ટેકો મળ્યો હોવાનું જિઓજીત ઈન્વેસ્ટમેન્ટના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું.

આજે બીએસઈ ખાતે કુલ ૪૭૦૬ શૅરોમાં કામકાજ થયા હતા. જેમાંથી ૨૧૨૯ શૅરના ભાવ વધીને, ૨૩૩૪ શૅરના ભાવ ઘટીને અને ૨૪૩ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ ૧૮૮ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૧૨૧ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે પહોંચ્યા હતા. વધુમાં આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી ૨૪ શૅરના ભાવ વધીને બંધ રહ્યા હતા. જેમાં સૌથી વધુ ૪.૧૧ ટકાનો ઉછાળો અલ્ટ્રાટેક સિમેન્ટમાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે એચસીએલ ટેક્નોલૉજીસમાં ૩.૪૨ ટકાનો, ઈટર્નલમાં ૨.૫૯ ટકાનો, ટાઈટનમાં ૨.૪૯ ટકાનો, આઈટીસીમાં ૧.૯૩ ટકાનો અને ટૅક મહિન્દ્રામાં ૧.૭૮ ટકાનો સુધારો આવ્યો હતો, જ્યારે મુખ્ય ઘટનાર શૅરોમાં ભારતી એરટેલમાં ૧.૯૩ ટકાનો, પાવરગ્રીડ કોર્પોરેશનમાં ૧.૧૫ ટકાનો, ઈન્ફોસિસમાં ૦.૯૭ ટકાનો, અદાણી પોર્ટસમાં ૦.૭૨ ટકાનો, ટાટા સ્ટીલમાં ૦.૬૨ ટકાનો અને બજાજ ફાઈનાન્સમાં ૦.૨૯ ટકાનો ઘટાડો આવ્યો હતો. આજે બીએસઈ મિડકેપ સિલેક્ટ ઈન્ડેક્સમાં ૦.૩૫ ટકાનો સુધારો આવ્યો હતો, જ્યારે સ્મોલકેપ સિલેક્ટ ઈન્ડેક્સમાં ૦.૦૫ ટકાનો ઘટાડો આવ્યો હતો.

વધુમાં આજે બીએસઈ ખાતેના સેક્ટોરિયલ ઈન્ડેક્સમાં રિઅલ્ટી ઈન્ડેક્સમાં ૧.૭૧ ટકાનો, કન્ઝ્યુમર ડ્યુરેબલ ઈન્ડેક્સમાં ૧.૫૫ ટકાનો, હૅલ્થકૅર ઈન્ડેક્સમાં ૧.૧૨ ટકાનો, એફએમસીજી ઈન્ડેક્સમાં ૧.૦૭ ટકાનો, હાઉસિંગ ફાઈનાન્સમાં ૦.૮૦ ટકાનો અને ટોપ ટેન બૅન્ક ઈન્ડેક્સમાં ૦.૭૧ ટકાનો ઘટાડો આવ્યો હતો, જ્યારે તેની સામે યુટિલિટી, ઑટો, ઈન્સ્યોરન્સ, પાવર, મિડસ્મોલ પ્રાઈવેટ બૅન્ક ક્વૉલિટી ટિલ્ટ અને મિડસ્મોલ પ્રાઈવેટ બૅન્ક ઈન્ડેક્સમાં પીછેહઠ જોવા મળી હતી.

દરમિયાન આજે અંતિમ દિને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઑફ ઈન્ડિયાનું રૂ. ૨૨,૫૬૯ કરોડનું જાહેર ભરણું છ ગણું છલકાઈ ગયું હોવાના અહેવાલ હતા.

આજે એશિયન બજારોમાં દક્ષિણ કોરિયાના કોસ્પી, જાપાનના નિક્કી ૨૨૫, શાંઘાઈનો એસએસઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ અને હૉંગકૉંગનો હૅંગસૅંગ ઈન્ડેક્સ સુધારાના અન્ડરટોને બંધ રહ્યા હતા, જ્યારે યુરોપનાં બજારોમાં મધ્યસત્ર દરમિયાન નોંધપાત્ર સુધારો જોવા મળ્યો હોવાના અહેવાલ હતા. ■

# ડૉલર સામે રૂપિયો ૧૮ પૈસા ઊંચકાયો

મુંબઈ: વૈશ્વિક સ્તરે જોખમી પરિબળો હળવા થવાની સાથે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ બે ટકા ઘટી આવ્યા હતા. તેમ જ સ્થાનિક ઈક્વિટીમાં માર્કેટમાં સુધારાતરફી વલણ અને ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૫૯૯.૫૪ કરોડની ચોખ્ખી ખરીદી રહી હોવાના નિર્દેશો સાથે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના બંધ સામે ૧૮ પૈસા ઊંચકાઈને ૯૫.૭૮ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, તે પૂર્વે સત્ર દરમિયાન ૨૪ પૈસા સુધી મજબૂત થયો હતો. ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું કે અમેરિકા અને ઈરાન વચ્ચે રાજદ્વારી સ્તરે વાતચીતનાં આશાવાદ સાથે ક્રૂડતેલના ભાવ ઘટવાની સાથે ઈક્વિટી માર્કેટના સુધારાનો રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૯૫.૯૬ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૯૫.૮૬ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૫.૮૬ અને ઉપરમાં ૯૫.૭૨ સુધી મજબૂત થયા બાદ અંતે ૧૮ પૈસાના સુધારા સાથે ૯૫.૭૮ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગત શુક્રવારે ડૉલર સામે રૂપિયો સાત પૈસા નબળો પડ્યો હતો.

વૈશ્વિક સ્તરે ક્રૂડતેલના ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળી રહ્યું હોવાથી આગામી દિવસો દરમિયાન ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ જોવા મળે તેવી શક્યતા જણાય છે, પરંતુ ઈરાને સ્ટ્રેટ ઑફ હોર્મુઝ પાસે અમેરિકી ડ્રોનને ઉડાવ્યું હોવાના અહેવાલો વહેતા થતાં તણાવ વધવાની ભીતિ સપાટી પર આવી છે. જોકે, સઉદી અરેબિયાથી તેલનો પુરવઠો વધતાં ક્રૂડતેલના ભાવમાં પીછેહઠ જોવા મળશે તો રૂપિયાના સુધારાને વધુ ટેકો મળશે, એમ મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ ડૉલર સામે રૂપિયાની રેન્જ ૯૫.૫૫થી ૯૬.૦૫ આસપાસ રહેવાની શક્યતા વ્યક્ત કરી હતી.

આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૧૦ ટકા વધીને ૧૦૦.૩૨ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૨.૦૮ ટકા ઘટીને બેરલદીઠ ૧૦૧.૭૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. વધુમાં આજે સ્થાનિક સ્તરે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૫૬૪.૦૩ પૉઈન્ટનો અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૬૭.૯૦ પૉઈન્ટનો સુધારો આવ્યો હતો, જ્યારે ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૫૯૯.૫૪ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાનું એક્સચેન્જે આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું. ■

# વિશ્વ બજાર પાછળ ટીન, કોપર અને બ્રાસ શીટ કટિંગ્સમાં આગળ ધપતી તેજી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક સ્તરે ક્રૂડતેલના ભાવમાં જોવા મળેલી પીછેહઠ ઉપરાંત ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે સત્રના આરંભે કોપરના ભાવમાં ૧.૩ ટકાનો વધારો થવાની સાથે અન્ય ધાતુઓના ભાવમાં પણ સુધારાતરફી વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં ખાસ કરીને ટીન, કોપર, બ્રાસ શીટ કટિંગ્સ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૨૦નો સુધારો આવ્યો હતો, જ્યારે આજે નિકલ, લીડ ઈન્ગોટ્સ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને નિરસ માગે ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. સાત, રૂ. ચાર અને રૂ. એક ઘટી આવ્યા હતા અને ખપપૂરતી માગે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૨૦ વધીને રૂ. ૫૩૦૧, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૨ વધીને રૂ. ૧૩૦૦, કોપર સ્ક્રેપ હેવી, કોપર આર્મિચર, બ્રાસ શીટ કટિંગ્સ અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૧૩૯૦, રૂ. ૧૩૮૧, રૂ. ૧૦૦૦ અને રૂ. ૧૪૮૪ના મથાળે, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૧૪૦૦ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૩૦૮ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં નિકલના ભાવ કિલોદીઠ રૂ. સાત ઘટીને રૂ. ૧૬૦૩ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને રૂ. ૧૯૫ના મથાળે અને નિરસ માગે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે રૂ. ૩૫૭ના મથાળે રહ્યા હતા, જ્યારે ખપપૂરતી માગને ટેકે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા ઝિન્ક સ્લેબના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૯૬૦ અને રૂ. ૪૪૫ના મથાળે ટકેલા રહ્યાના અહેવાલ હતા. ■

# ડૉલર મજબૂત થતાં વિશ્વ બજાર પાછળ સોનામાં ₹ ૩૯૦નો અને ચાંદીમાં ₹ ૧૯૧૬નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લંડન ખાતે આજે સત્રના આરંભે ખાસ કરીને સોના–ચાંદીમાં વધ્યા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ અને આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ જોવા મળતાં બન્ને કિંમતી ધાતુઓના ભાવમાં પીછેહઠ જોવા મળી હતી. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૯૧૬નો અને સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૮૮થી ૩૯૦નો ઘટાડો જોવા મળ્યો હતો.

આજે સ્થાનિકમાં ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલી તેમ જ ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની લેવાલી ખપપૂરતી રહેતાં હાજરમાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૯૧૬ ઘટીને રૂ. ૨,૩૪,૯૯૨ના મથાળે રહ્યા હતા, જ્યારે સોનામાં પણ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે રોકાણકારોની છૂટીછવાઈ રોકાણલક્ષી માગને બાદ કરતાં જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહેતાં હાજરમાં વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૩૮૮ ઘટીને રૂ. ૧,૫૨,૭૨૩ના મથાળે અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૩૯૦ ઘટીને રૂ. ૧,૫૩,૩૩૭ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ૧૭ પૈસાનો સુધારો આવ્યો હોવાથી આયાત પડતરો ઘટતાં વિશ્વ બજારની સરખામણીમાં ભાવઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે લંડન ખાતે સત્રના આરંભે ડૉલર ઈન્ડેક્સની મજબૂતી અને નફારૂપી વેચવાલીના દબાણ હેઠળ હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦.૬ ટકા ઘટીને ઔંસદીઠ ૪૩૪૯.૯૯ ડૉલર અને ડિસેમ્બર ડિલિવરી શરતે વાયદામાં ભાવ ૦.૮ ટકા ઘટીને ૪૩૮૭.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૦.૨ ટકા ઘટીને ઔંસદીઠ ૬૬.૦૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. ગત શુક્રવારે વિશ્વ બજારમાં સોનાના ભાવમાં બાઉન્સબૅક જોવા મળ્યા બાદ આજે ઊંચા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ અને ડૉલર ઈન્ડેક્સ વધી આવતા સોના–ચાંદીમાં પીછેહઠ જોવા મળી હોવાનું એક્ટિવ ટ્રેડના ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર રિકાર્ડો એવાન્જેલિસ્ટાએ જણાવતાં ઉમેર્યું હતું કે ગત શુક્રવારે ક્રૂડતેલના ભાવ ઘટી આવતા ફુગાવાલક્ષી દબાણ હળવું થવાની શક્યતાને ધ્યાનમાં લેતા ન્યૂ યોર્ક ખાતે સોનાના ભાવ વધીને એક સપ્તાહની ઊંચી ઔંસદીઠ ૪૩૯૯.૪૧ ડૉલરની સપાટી સુધી પહોંચ્યા હતા.

જોકે, આજે પણ આ સપ્તાહની યુએનની બેઠકમાં રાજદ્વારી સ્તરે ઈરાન સાથેના યુદ્ધની ચર્ચા થવાના આશાવાદે ક્રૂડતેલના ભાવમાં પીછેહઠ જળવાઈ રહી હતી, પરંતુ અમેરિકાએ ઈરાનને જો ડીલ નહીં કરે તો આર્થિક રીતે નિષ્ફળ જવાની ચેતવણી આપી હતી અને ઈરાને પણ વધુ કોઈ હુમલા થશે તો તેનો આક્રમક જવાબ આપવાની ચેતવણી આપતાં ભૂરાજકીય તણાવ વધવાની ચિંતા પણ સપાટી પર આવી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

આગામી સમયગાળામાં જો ફુગાવો ઊંચી સપાટીએ રહેશે અને ફેડરલ રિઝર્વ નાણાનીતિ વધુ તંગ કરે તો સોનાના ભાવ ઔંસદીઠ ૪૦૦૦ ડૉલર સુધી ઘટી શકે છે, પરંતુ સામે પક્ષે જો ભૂરાજકીય તણાવ અને ફુગાવાલક્ષી દબાણ હળવું થાય તથા ડૉલરમાં નરમાઈ તેમ જ બૉન્ડની યિલ્ડમાં ઘટાડો થાય તો સોનાના ભાવ ઔંસદીઠ ૫૦૦૦ ડૉલર સુધી પહોંચે તેવી શક્યતા એવાન્જેલિસ્ટાએ વ્યક્ત કરી હતી. ■

# આગામી ખાંડની મોસમમાં મહારાષ્ટ્રમાં ઉત્પાદન ૨૦ ટકા ઘટવાની શક્યતા

છત્રપતિ સંભાજી નગર: રાજ્યમાં ઓછો વરસાદ અને રિકવરી દર ઓછો રહેતાં આગામી ખાંડ મોસમમાં મહારાષ્ટ્રમાં ખાંડના ઉત્પાદનમાં ૨૦ ટકા જેટલો ઘટાડો થવાની શક્યતા વેસ્ટ ઈન્ડિયા સુગર મિલ્સ એસોસિયેશન (ડબ્લ્યુઆઈએસએમએ)એ વ્યક્ત કરી છે.

એસોસિયેશનના અધ્યક્ષ ભૈરવનાથી થોમ્બ્રેએ જણાવ્યું હતું કે આ વર્ષે મહારાષ્ટ્ર રાજ્યમાં ઘણો ઓછો વરસાદ થયો હોવાથી તેની માઠી અસર શેરડી સહિતનાં અન્ય પાક પર પણ પડી છે અને તેને કારણે ખાંડનું ઉત્પાદન ૨૦ ટકા ઘટીને ૮૦ લાખ ટન આસપાસ રહેવાની શક્યતા છે. નોંધનીય બાબત એ છે કે ગત વર્ષ ૨૦૨૫-૨૬ની મોસમમાં ૯૯ લાખ ટન ખાંડના ઉત્પાદન સાથે મહારાષ્ટ્ર મોખરાનું રાજ્ય રહ્યું હતું.

આ વર્ષે શેરડીનો વાવેતર વિસ્તાર પ્રમાણમાં સારો છે, પરંતુ ઊપજમાં ૩૦થી ૪૦ ટકાનો ઘટાડો થશે અને જેટલું મોડુ પિલાણ થશે એટલું ઉત્પાદન ઘટશે. આથી શેરડીનું વહેલાસર પિલાણ કરવું જરૂરી છે. વધુમાં દુકાળગ્રસ્ત સ્થિતિને કારણે મિલો ચલાવવા માટે પાણીની ખેંચ હોવાથી જાન્યુઆરી-ફેબ્રુઆરી દરમિયાન વધુ મુશ્કેલી થશે. કેમ કે સરકાર જળનો સંગ્રહ પીવા માટે અનામત રાખ્યો છે.

વધુમાં તેમણે હાલમાં ખાંડના ભાવ સ્થિર છે અને આગામી દિવાળીના તહેવારો સુધી ભાવ જળવાઈ રહેવાની શક્યતા વ્યક્ત કરતાં ઉમેર્યું હતું કે રિકવરી દર ઓછો રહેતાં મિલોને થનારી અપેક્ષિત નુકસાની ભાવથી સરભર થશે. નોંધનીય બાબત એ છે કે સરકારે ખાંડનું સીધી બજારમાં વેચાણ કરવા માટે મંજૂરી આપી છે. આ ઉપરાંત તેમણે આગામી ૧૫મી ઑક્ટોબરથી શૅરડીનું પિલાણ શરૂ કરાવના સરકારના નિર્દેશને પણ ટેકો આપતા કહ્યું હતું કે આ નિર્ણય ખેડૂતો અને મિલો બન્ને માટે લાભકારી છે. ■

# કૃષિ પાકની સલામતીનાં ઈનપુટ પરની ચીનની આયાત નિર્ભરતા ઘટાડવા ઉદ્યોગની સ્કીમની માગ

નવી દિલ્હી: સરકારે કૃષિ રસાયણ ટેક્નિકલ્સ અને ઈન્ટરમિડિએટ્સ પરની આયાત નિર્ભરતા ઘટાડીને આત્મનિર્ભર થવા માટે રૂ. ૫૦૦૦થી ૭૫૦૦ કરોડની સ્કીમ અંગે વિચારણા કરવી જોઈએ, એમ ઔદ્યોગિક સંગઠન એગ્રો કેમ ફેડરેશન ઑફ ઈન્ડિયા (એસીએફઆઈ)એ તાજેતરમાં એક અહેવાલમાં જણાવ્યું હતું.

આ અહેવાલ કેપીએમજી કન્સલ્ટન્સી દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે જેમાં સાતથી આઠ વર્ષના કાર્યક્રમનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે, જેમાં પ્લાન્ટ કાર્યરત થવા માટેના બેથી ત્રણ વર્ષનો અને ત્યાર બાદ ઉત્પાદન સહાયનો સમાવેશ થાય છે. વધુમાં કન્સલ્ટન્સીએ વધારાના વેચાણ પર પાંચથી આઠ ટકા પ્રોત્સાહન અને ઔદ્યોગિક વીજળી અને વહેચાયેલ પ્રવાહના શુદ્ધિકરણના પ્લાન્ટ પર ૩૦થી ૪૦ ટકા સબસિડીની ભલામણ કરવાની સાથે જણાવ્યું હતું કે આ સહાય ચીનનાં સંચાલન ખર્ચનો સીધો સામનો કરશે. ગ્રીનફિલ્ડ અને બ્રાઉનફિલ્ડ બન્ને પ્રોજેક્ટસ માટે મોટી કંપનીઓ અને નાની કંપનીઓને આવરી લેતા માળખામાં ગ્રેડેડ રોકાણની મર્યાદા હોવી જોઈએ, તેમાં વિશિષ્ટ સંશોધન અને વિકાસ માટે મૂડી અનુદાનની પણ માગ કરવામાં આવી છે. નીતિનો મુખ્ય ઉદ્દેશ કાયમી ધોરણે રક્ષણ અથવા તો સબસિડી પરની નિર્ભરતા ન હોવો જોઈએ, પરંતુ સ્પર્ધાત્મકતાને નુકસાન પહોંચાડતા ઓળખી શકાય તેવી ઈકોસિસ્ટમના ગેરફાયદાઓને સુધારવા પર હોવો જોઈએ, એમ અહેવાલમાં જણાવતા ઉમેર્યું હતું કે વહેચાયેલ ઉપયોગીતાઓ, કલસ્ટર આધારિત પર્યાવરણીય માળખાગત સુવિધાઓ, લાંબા સમયગાળાના ધિરાણ અને મહત્ત્વના ઈન્ટરમીડિએટ્સમાં વ્યૂહાત્મક રીતે પાછળ હોય તેમાં એકીકરણ સાથે વિશિષ્ટ કૃષિ રસાયણ પાર્કની પણ માગ કરવામાં આવી છે. કેન્દ્ર અને રાજ્ય સ્તરની મંજૂરીઓ માટે એક જ ડિજિટલ પ્લેટફૉર્મની માગ કરવામાં આવી છે, જેમાં સમયમર્યાદિત પ્રક્રિયાઓ અને જૈવિક પાક-સંરક્ષણ ઉત્પાદનો માટેના માર્ગની સ્પષ્ટતાઓનો સમાવેશ થાય છે. વિકાસ ફક્ત ઉત્પાદન ક્ષમતા વધારવા પર આધાર રાખી શકાતો નથી, પ્રક્રિયા, રસયણશાસ્ત્ર, ફોર્મ્યુલેશન અને નિયમનકારી અમલીકરણમાં મજબૂતાઈ હોવા છતાં ભારતને ઉત્પાદન, વિકાસ, જૈવિક, નિયમનકારી વિજ્ઞાન અને ડિજિટલ કૃષિ ક્ષમતાઓ બનાવવાની જરૂર હોવાનું અહેવાલમાં ઉમેર્યું હતું.

અહેવાલમાં ભારતની જૈવિક વિવિધતા, ફર્મેન્ટેશનમાં કુશળતા અને વૈજ્ઞાનિક પ્રતિભાઓને એક નોંધપાત્ર તક તરીકે ઓળખવામાં આવ્યું છે, પરંતુ તેનું વ્યાપારીકરણ બેચ સુસંગતતા, ફોર્મ્યુલેશન સ્થિરતા, નોંધપાત્ર ઉત્પાદન, બહુ સ્થાનો પરનાં ફિલ્ડ વેલિડેશન અને ખેડૂતની સ્વીકૃતિ પર આધારિત રહેશે, એવી ચેતવણી પણ આપવામાં આવી છે. સંશોધન અને વ્યાપરીકરણ વચ્ચેના અંતરને દૂર કરવા માટે વધુ પાયલોટ સ્કેલ સુવિધાઓ, ક્ષેત્રની માન્યતા નેટવર્ક, સારી પ્રયોગશાળાઓ, પ્રેક્ટિસ પ્રયોગશાળાઓ, અવશેષ પરિક્ષણ માળખા અને ફોર્મ્યુલેશન વિકાસ માટેનાં પ્લેટફૉર્મની પણ ભલામણ કરવામાં આવી છે. ■

# દેશી તેલમાં મિશ્ર વલણ, વેપારો છૂટાછવાયા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૪૧ રિંગિટનો ઘટાડો આવ્યાના નિરુત્સાહી અહેવાલને ધ્યાનમાં લેતા આજે આયાતી તેલમાં ખાસ કરીને સનફ્લાવર રિફાઈન્ડમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડમાં ટકેલું વલણ રહ્યું હતું.

જોકે, આજે ગુજરાતના મથકો પર સિંગતેલમાં દેશાવરોની માગને ટેકે લૂઝમાં ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ વધી આવ્યા હોવાથી સ્થાનિક બજારમાં પણ સિંગતેલના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ વધી આવ્યા હતા, જ્યારે મથકો પાછળ કપાસિયા રિફાઈન્ડ અને સરસવમાં અનુક્રમે રૂ. ૨૫ અને રૂ. ૧૦ ઘટી આવ્યા હતા.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ભારત ફૂડ્સના સોયા રિફાઈન્ડના ૧૫ ઑક્ટોબર ડિલિવરી શરતે રૂ. ૧૪૨૨, રિલાયન્સ રિટેલના નવેમ્બર અને ડિસેમ્બર ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૫ અને જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૪૭૧ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૩૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારો નિરસ રહ્યા હતા.

આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૧૦,૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૭૫૦માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે રાજકોટ મથકે ૧૭૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૬૫૦માં થયા હતા.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૪૮૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૦, સન રિફાઈન્ડના રૂ. ૧૭૨૦, સિંગતેલના રૂ. ૧૮૧૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૬૩૦ અને સરસવના રૂ. ૧૭૬૦ના મથાળે રહ્યા હતા. ■

# હાજર ખાંડમાં ધીમો ઘટાડો, નાકા ડિલિવરીમાં મિશ્ર વલણ

## મહારાષ્ટ્રની ૧૨૭ ખાંડ મિલોએ ૧૫ ઑક્ટોબરથી પિલાણ શરૂ કરવા અરજી કરી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારષ્ટ્રની ખાંડ મિલો પર વેચવાલીના દબાણ સામે સ્થાનિક તેમ જ દેશાવરોની માગ ખપપૂરતી રહેતાં ટેન્ડરોના ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સપ્તાહના આરંભે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૪નો ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બેનો સાધારણ ગુણવત્તાલક્ષી ઘટાડો આવ્યો હતો. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં મિશ્ર વલણ રહેતાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. પાંચનો ઘટાડો અને ઉપલા મથાળેથી રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આગામી ૧૫ ઑક્ટોબરથી શૅરડીનું પિલાણ શરૂ કરવા માટે મહારાષ્ટ્રની ૧૨૭ ખાંડ મિલોએ અરજી કરી છે, જેમાં કોલ્હાપુર અને સોલાપુર પ્રત્યેકની ૨૪ મિલોએ, અહિલ્યા નગરમાંથી બાવીસ મિલોએ, પૂનાની ૨૧ મિલોએ, નાંદેડની ૧૮ મિલોએ, છત્રપતિ સંભાજી નગરની ૧૬ મિલો અને અમરાવતી તથા નાગપુરની પ્રત્યેક એક મિલે અરજી કરી છે. તેમ જ તેમાં ૬૬ સહકારી અને ૬૧ ખાનગી મિલોનો સમાવેશ થતો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, મથકો પાછળ સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૪ના ઘટાડા સાથે રૂ. ૪૫૩૬થી ૪૬૭૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બેના સાધારણ ગુણવત્તાલક્ષી ઘટાડા સાથે રૂ. ૪૬૩૦થી ૪૮૫૨માં થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૩૫૦થી ૪૪૦૦માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં મિશ્ર વલણ રહેતાં વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. પાંચના ઘટાડા અને ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૪૪૨૫થી ૪૪૯૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ભારત-કેનેડા દ્વિપક્ષીય વેપાર કરાર માટે આગામી રાઉન્ડ પાંચમી ઑક્ટોબરથી

નવી દિલ્હી: ભારત અને કેનેડા વચ્ચેનાં કોમ્પ્રિહેન્સિવ ઈકોનોમિક પાર્ટનરશીપ એગ્રીમેન્ટ (સીઈપીએ) માટેની વાટાઘાટનો આગામી રાઉન્ડ પાંચમી ઑક્ટોબરથી શરૂ થશે, એમ વાણિજ્ય અને ઉદ્યોગ ખાતાના પ્રધાન પિયૂષ ગોયલે જણાવતાં ઉમેર્યું હતું કે કેનેડા અને ભારતના સંબંધો માટે આગામી ૯૦ દિવસ મહત્ત્વના રહેશે.

અત્રે નોંધનીય બાબત એ છે કે ગત ૧૮મી સપ્ટેમ્બરના રોજ કેનેડા સાથે વાટાઘાટો માટેને ચોથો રાઉન્ડ સમાપ્ત થયો હતો. બન્ને દેશો કરાર માટે ઝડપભેર આગળ વધી રહ્યા છે અને આ વર્ષના અંત સુધીમાં વાટાઘાટો પૂરી કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. બન્ને પક્ષોએ વાટાઘાટોને ઝડપી બનાવવાનો નિર્ણય લીધો હોવાથી અમરી ટીમ હવે આગામી પાંચમી ઑક્ટોબરે પાંચમા રાઉન્ડની વાટાઘાટો માટે જવાના છીએ, એમ ગોયલે જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે કેનેડાના આંતરરાષ્ટ્રીય વેપાર મંત્રી મનિન્દર સિધુ ગયા અઠવાડિયે ગોયલ સાથે વાતચીત કરવા મુંબઈ આવ્યા હતા.

ઉલ્લેખનીય બાબત એ છે કે ભારત કેનેડા ખાતે મુખ્યત્વે, ફાર્માસ્યુટિકલ્સ, આયર્ન અને સ્ટીલ, દરિયાઈ ઉત્પાદનો, સુતરાઉ કાપડ-વસ્ત્રો, ઈલેક્ટ્રોનિક્સ સામાનો અને રસાયણોની નિકાસ કરે છે, જ્યારે ભારત કેનેડાથી કઠોળ, મોતી, અર્ધકિંમતી રત્નો, કોલસો, ફર્ટિલાઈઝર, કાગળ અને ક્રૂડ પેટ્રોલિયમની આયાત કરે છે. તેમ જ ભારતની કેનેડા ખાતેની સર્વિસીસ નિકાસમાં ટેલિકોમ્યુનિકેશન, કોમ્પ્યુટર્સ, ઈન્ફોર્મેશન સર્વિસીસ અને અન્ય વ્યાપારી સર્વિસીસનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૨૫માં ભારત અને કેનેડા વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર વધીને ૩૦.૪ અબજ ડૉલરના સ્તરે રહ્યો હતો, જે વર્ષ ૨૦૩૦ સુધી ૭૦ અબજ ડૉલરના સ્તરે પહોંચાડવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

યુરોપિયન યુનિયન સાથેના કરાર અંગે ગોયલે જણાવ્યું હતું કે આગામી થોડા મહિનામાં કરાર અમલી થવાની શક્યતા છે. આગામી ત્રણ મહિનાની અંદર યુરોપિયન યુનિયનની સંસદમાં આ કરારને મંજૂરી મળવાની અને આગામી છથી સાત મહિનામાં અમલમાં આવવાની શક્યતા છે. ■

# રાજકોટ ફૂલ માર્કેટ વિવાદઃ ૧૫ વર્ષથી ચાલતો વેપાર અચાનક બંધ કરાવાતા ખેડૂતોમાં રોષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલી અચાનક કાર્યવાહીને કારણે સ્થાનિક ફૂલ વેચતા ખેડૂતોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. રામનાથપરા સ્મશાન પાસે છેલ્લા ૧૫ વર્ષથી ફૂલ વેચતા ખેડૂતોને અચાનક મનપાના અધિકારીઓ દ્વારા ત્યાંથી હટાવવામાં આવતા ખેડૂતો મોટી સંખ્યામાં એકઠા થઈને રાજકોટ મહાનગરપાલિકા કચેરી ખાતે પહોંચ્યા હતા. ખેડૂતોએ પોતાનો વિરોધ દર્શાવવા માટે કચેરીની બહાર રોડ પર જ પોતાના ફૂલ ઠાલવી દીધા હતા અને તંત્ર સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો.

સ્થાનિક વેપારી અને ખેડૂત ગુલાબભાઈ મનાભાઈએ જણાવ્યું હતું કે તેઓ છેલ્લા ૩૫ વર્ષથી આ ધંધો કરે છે. પહેલા પારેવડી ચોક પાસે ધંધો કરતા હતા, જ્યાંથી તેમને ખસેડીને અહીં બેસાડવામાં આવ્યા હતા. હવે અહીંથી પણ તેમને ઊભા કરી દેવામાં આવ્યા છે. તેમણે માંગ કરી છે કે તંત્ર દ્વારા તેમને યોગ્ય જગ્યા આપવામાં આવે અથવા તો સવારે ૮:૩૦ વાગ્યા સુધીનો જે નિયમિત સમય છે તે મુજબ વેપાર કરવા દેવામાં આવે.

બીજા એક ખેડૂત દિલીપ રાઠોડે જણાવ્યું હતું કે આશરે ૭૦૦ થી ૮૦૦ જેટલા ખેડૂતો છેલ્લા ૧૫ વર્ષથી સતત રામનાથપરા ખાતે ફૂલ વેચવા માટે આવે છે. તેઓ દરરોજ સવારે ૮:૩૦ વાગ્યા સુધી પોતાનો વેપાર કરે છે. પરંતુ સોમવારે સવારે ૬:૦૦ વાગ્યે કોઈ પણ પ્રકારની પૂર્વ જાણ કર્યા વગર મનપાના અધિકારીઓ આવ્યા હતા અને માલ ઉપાડી લેવાની ધમકી આપીને ખેડૂતોને ત્યાંથી હટાવી દીધા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, ચોમાસાની સીઝનમાં એક તરફ પૂરતો વરસાદ થયો નથી અને બીજી તરફ સીઝન સમયે વેપાર કરવા નહીં દેવાતા ખેડૂતોની આજીવિકા પર મોટો પ્રશ્ન ઊભો થયો છે. ખેડૂતોએ માંગ કરી છે કે તંત્ર દ્વારા તેમને વેપાર માટે ચોક્કસ જગ્યા ફાળવવામાં આવે જેથી તેઓ પોતાનું ગુજરાન ચલાવી શકે. ત્યારે આ મામલે મનપા તંત્ર દ્વારા શુ પગલાં લેવામાં આવે છે તે જોવું રહ્યું.

આ મુદ્દે રાજકોટ મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ સ્પષ્ટતા કરી હતી કે, રસ્તા પર ફૂલનું વેચાણ કરતા વેપારીઓ અને ગંદકી કરતા લોકો સામે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવશે. કમિશનરના જણાવ્યા મુજબ, અગાઉ રસ્તા પર ફૂલનું વેચાણ થતું હોવાથી ટ્રાફિકની સમસ્યા સર્જાતી હતી અને રસ્તા પર મોટી માત્રામાં ગંદકી પણ થતી હતી. આ સમસ્યાના કાયમી નિવારણ માટે મનપા દ્વારા નવી ફૂલ માર્કેટ બનાવવામાં આવી છે. હાલમાં નવી ફૂલ માર્કેટમાં આશરે ૫૦ ટકા જેટલી જગ્યા ખાલી હોવાનું કમિશનરે જણાવ્યું હતું. તેમ છતાં કેટલાક વેપારીઓ દ્વારા માર્કેટની બહાર રસ્તા પર જ બેસીને ફૂલનું વેચાણ કરવામાં આવી રહ્યું છે.

તુષાર સુમેરાએ જણાવ્યું હતું કે, મનપા દ્વારા વેપારીઓને સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે રસ્તાઓ સંપૂર્ણપણે ખાલી રહેવા જોઈએ અને તમામ વેપારીઓએ ફરજિયાતપણે નવી ફૂલ માર્કેટમાં જ બેસવાનું રહેશે. મનપા દ્વારા ફૂલ બજારમાં વેપારીઓને વધુ સારી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે પણ કામગીરી કરવામાં આવશે. આ સાથે જ નાગરિકો અને ખેડૂતો બંનેને અગવડ ન પડે અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તંત્ર દ્વારા જરૂરી પગલાં લેવામાં આવશે.

કમિશનરે વધુમાં સ્પષ્ટ કર્યું કે રસ્તા પરના દબાણો અને ગંદકી સામે સતત ડ્રાઇવ ચાલુ રાખવામાં આવશે. આગામી દિવસોમાં પણ નિયમોનું ઉલ્લંઘન કરતા વેપારીઓ સામે કાર્યવાહી કરવામાં આવશે. ■

# રાજકોટ જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં રોડ-રસ્તાના કામો અને સ્થળાંતરનો મુદ્દો ગાજ્યો, ચાર ઠરાવ પસાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ જિલ્લા પંચાયતની સામાન્ય સભા સોમવારે મળી હતી. સામાન્ય સભામાં વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી, જેમાં ખાસ કરીને રોડ-રસ્તાના કામોની ગુણવત્તા અને જિલ્લા પંચાયતના સ્થળાંતરનો મુદ્દો ચર્ચામાં રહ્યો હતો.

સામાન્ય સભામાં કુલ ચાર ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા. આ સભા દરમિયાન ભાજપના પ્રતિનિધિઓ દ્વારા રોડ-રસ્તાના કામોમાં ભ્રષ્ટાચારના આક્ષેપો કરવામાં આવ્યા હતા. કામોની ગુણવત્તા નબળી હોવાના આક્ષેપ સાથે જવાબદાર તંત્ર સામે સવાલો ઉઠાવવામાં આવ્યા હતા.

બીજી તરફ, આમ આદમી પાર્ટીના ઉમેદવાર દ્વારા જિલ્લા પંચાયતના સ્થળાંતરનો મુદ્દો પણ સામાન્ય સભામાં ઉઠાવવામાં આવ્યો હતો. આ મામલે અધિકારી દ્વારા ''તપાસ ચાલુ છે'' એવો જવાબ આપવામાં આવ્યો હતો.

ચુકવણી અંગે અધિકારીએ સામાન્ય સભામાં જણાવ્યું હતું કે, રૂ.૧૯ લાખનું ચુકવણું કરવામાં આવ્યું છે, જ્યારે અન્ય બિલો તપાસ અર્થે પેન્ડિંગ છે. તપાસ પૂર્ણ થયા બાદ જ બાકીનું ચુકવણું કરવામાં આવશે. જોકે, આ જ મુદ્દે જિલ્લા પંચાયત પ્રમુખે અલગ જવાબ આપતા જણાવ્યું હતું કે, ચુકવણું થઈ ગયું છે અને કોઈ બિલ પેન્ડિંગ નથી. હવે કોઈ વધુ ચુકવણું કરવામાં આવશે નહીં.

આ રીતે એક તરફ અધિકારી દ્વારા કેટલાક બિલો તપાસ અર્થે પેન્ડિંગ હોવાનું જણાવાયું હતું, જ્યારે જિલ્લા પંચાયત પ્રમુખ દ્વારા કોઈ બિલ પેન્ડિંગ ન હોવાનું કહેવામાં આવતા બંનેના નિવેદનો વચ્ચે તફાવત જોવા મળ્યો છે.

સામાન્ય સભામાં અધિકારી અને જિલ્લા પંચાયત પ્રમુખના જુદા-જુદા જવાબોને લઈને ફરી સવાલો ઊભા થયા છે. આખરે કયા બિલો પેન્ડિંગ છે, કેટલું ચુકવણું થયું છે અને તપાસનો ચોક્કસ વિષય શું છે તે અંગે આગામી દિવસોમાં વધુ સ્પષ્ટતા થાય તેવી શક્યતા છે. ■

# રાજકોટના બામણબોરમાં એસએમસીનો સપાટો

## ૮૬ લાખની ૨૧,૭૯૨ બોટલ દારૂનો જથ્થો જપ્ત કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ જિલ્લાના બાણબોર ગામ પાસે આવેલી રાધા કૃષ્ણ હોટલ પાસેથી સ્ટેટ મોનિટરિંગ સેલ (એસએમસી)ની ટીમે ટ્રકમાંથી ૮૬ લાખથી વધુની કિંમતનો ૨૧,૭૯૨ બોટલ-બીયરના ટીન સહિત દારૂના જથ્થા સાથે ક્લીનરને ઝડપી લીધો હતો. જ્યારે ડ્રાઇવર નાસી છૂટ્યો હતો. આ શહીદ સાત શખ્સોને વોન્ટેડ જાહેર કર્યા હતા.

મળતી માહિતી મુજબ એસએમસીને બાતમી મળી હતી કે, ચંદીગઢથી દારૂનો આ જથ્થો ટ્રકમાં ભરી રાજકોટ સપ્લાય થવા માટે આવી રહ્યો છે. આ દારૂનો જથ્થો આઇસરમાં રો- મટીરીયલ્સ ની આડમાં છુપાવી રાખ્યો હતો. એસએમસીની ટીમે રાજકોટ-અમદાવાદ હાઈવે પર એસએમસીની ટીમે ટ્રકને રોકી હતી અને તેની તપાસ કરતા તેમાંથી ૨૧,૭૯૨ બોટલ દારૂનો જથ્થો અને ટ્રક સહિત કુલ ૧.૧૦ કરોડથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો. જો કે આ દરમિયાન ટ્રક ચાલક નાસી ગયો હતો.

પોલીસે ટ્રકમાંથી રૂ.૮૬ લાખથી વધુની કિંમતનો ૨૧,૭૯૨ દારૂ-બીયરના જથ્થા સાથે ટ્રકના ક્લીનર દિલીપસિંહ સુખદેવસિંહ રાવત (રહે. સોનીયાણ બ્યાવર, રાજસ્થાન) ને ઝડપી લીધો હતો. પોલીસે બાઈક ચાલક અને રાજકોટ ખાતે દારૂનો જથ્થો મંગાવનાર સહિત સાતને વોન્ટેડ જાહેર કર્યા છે. હાલ આ મામલે એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાવી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. ■

# જેતપુરના અમરનગર રોડ પર ચાલુ વરસાદે ડામરનું પેચવર્ક, તંત્રની ઘોર બેદરકારીનો વીડિયો વાઈરલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

જેતપુર શહેરમાં વહીવટી તંત્રની એક ઘોર બેદરકારી અને હાસ્યાસ્પદ કામગીરી જોવા મળી હતી. શહેરમાં બપોરના સમયે અચાનક ધોધમાર વરસાદી ઝાપટાં શરૂ થયા હતા. સામાન્ય રીતે વરસાદ દરમિયાન રોડ-રસ્તાના નિર્માણ કે સમારકામની કામગીરી બંધ કરી દેવામાં આવતી હોય છે, પરંતુ જેતપુરના વ્યસ્ત એવા અમરનગર રોડ પર કંઈક જુદા જ દ્રશ્યો જોવા મળ્યા હતા. અહીં ચાલુ વરસાદે અને રસ્તા પર ભરાયેલા પાણીની વચ્ચે જ ડામર પાથરીને ખાડા પૂરવાની તેમજ પેચવર્કની કામગીરી ધમધમાટ ચાલુ રાખવામાં આવી હતી.

નિયમો મુજબ ડામર ક્યારેય પાણી સાથે ચોંટતો નથી. તેમ છતાં, ચાલુ વરસાદે પાણીથી લબાલબ ભરેલા ખાડાઓ પર ગરમ ડામર અને કપચી નાખીને જે રીતે પેચવર્ક કરવામાં આવી રહ્યું હતું, તેને જોઈને સ્થાનિક રાહદારીઓ અને વાહનચાલકો પણ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. ધોધમાર વરસાદમાં સરકારી નાણાંનો આ રીતે ધુમાડો થતો જોઈને વિવેકબુદ્ધિ ધરાવતા નાગરિકોએ આ સમગ્ર ઘટનાનો વીડિયો પોતાના મોબાઈલમાં કેદ કરી લીધો હતો.

હાલમાં આ ચાલુ વરસાદે ડામર કામગીરી કરવાનો વીડિયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર જોરદાર વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે રસ્તા પર પાણી વહી રહ્યું છે અને મજૂરો તેમજ કોન્ટ્રાક્ટરના માણસો પાણીની અંદર જ પેચવર્ક કરી રહ્યા છે. આ વીડિયો વાયરલ થતાં જ સોશિયલ મીડિયા પર યુઝર્સ તંત્રની આ કામગીરીની ભારે મજાક ઉડાવી રહ્યા છે અને ભ્રષ્ટાચારના આક્ષેપો કરી રહ્યા છે.

આ નબળી કામગીરીને પગલે હવે રસ્તા પર કરાયેલા પેચવર્કની ગુણવત્તા અને આયુષ્યને લઈને લોકોમાં અનેક સવાલો ઉઠી રહ્યા છે. સ્થાનિક લોકોમાં ચર્ચા છે કે આવું પાણીવાળું પેચવર્ક આગામી બે દિવસ પણ ટકશે નહીં અને ફરીથી રસ્તા પર ખાડા પડી જશે. જનતાના ટેક્સના પૈસાનો આ પ્રકારે ખુલ્લેઆમ દુરુપયોગ કરવા બદલ કોન્ટ્રાક્ટર અને જવાબદાર અધિકારીઓ સામે કડક પગલાં લેવામાં આવે તેવી લોક માંગ ઉઠી છે. હવે જોવાનું એ રહેશે કે નગરપાલિકા કે માર્ગ-મકાન વિભાગ આ ગંભીર લાપરવાહી બાબતે કોન્ટ્રાક્ટર સામે કોઈ દંડનાત્મક કાર્યવાહી કરે છે કે પછી આંખ આડા કાન કરે છે. ■

# ભાવનગરના કુંભારવાડામાં મહિલા સહિત વૃદ્ધ પર છરી વડે હુમલો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર : શહેરના કુંભારવાડા વિસ્તારમાં અસામાજિક તત્વોનો ત્રાસ દિન-પ્રતિદિન વધતો જઈ રહ્યો છે, ત્યારે કુંભારવાડાના મારુતિનગર વિસ્તારમાં એક માથાભારે ઈસમે આતંક મચાવી બે મહિલાઓ સહિત એક વૃદ્ધ પર છરી ઝીંકીને પ્રાણઘાતક હુમલો કરતા સમગ્ર વિસ્તારમાં સન્નાટો અને ભયનો માહોલ વ્યાપી ગયો હતો. આ ચકચારી ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ બહાર આવ્યા હતા.

ઘટના બનતા જ શેરીમાં ભારે અફરાતફરી અને ચીસાચીસ મચી ગઈ હતી. બનાવની જાણ તાત્કાલિક પોલીસને કરવામાં આવતા '૧૧૨' ની પોલીસ ટીમ તુરંત જ ઘટનાસ્થળે દોડી આવી હતી. બીજી તરફ ઈજાગ્રસ્તોને તાત્કાલિક ધોરણે '૧૦૮' એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે.

સીસીટીવી ફૂટેજના આધારે પોલીસે અસામાજિક તત્વ ગૌરાંગ ઉર્ફે હગા સામે ગુનો નોંધી તેને ઝડપી પાડવા તથા વિસ્તારમાં શાંતિ જાળવી રાખવા કાયદેસરની તજવીજ હાથ ધરી છે. અસામાજિક તત્વો સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે તેવી સ્થાનિકોમાં ઉગ્ર માંગ ઉઠી છે. ■

# કચ્છના દરિયામાં લહેરાશે લીલું સોનું, જખૌમાં સીવીડ સીડ બેન્ક શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના વિશાળ દરિયાકાંઠે અત્યાર સુધી માછીમારી અને ચેરિયા એટલે કે,મેન્ગ્રોવ સંરક્ષણ જ મુખ્ય પ્રવૃત્તિ રહ્યા છે, પરંતુ હવે સમુદ્રી ક્ષેત્રે નવી આર્થિક ક્રાંતિના મંડાણ થઈ રહ્યા છે. અબડાસા તાલુકાના જખૌ ખાતે મેન્ગ્રોવ નર્સરીની સાથે-સાથે 'સીવીડ' - દરિયાઈ શેવાળના બીજ સંવર્ધન અને ખેતીને વ્યાપક પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ, ઉચ્ચ અધિકારીઓએ જખૌ ખાતે કાર્યરત સીવીડ સીડ બેન્કની રૂબરૂ મુલાકાત લઈ આ નવીન ખેતી સાથે જોડાયેલા સ્થાનિક સાગરખેડૂતો અને લાભાર્થીઓ સાથે વિસ્તૃત વિચાર-વિમર્શ કર્યો હતો. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા કચ્છમાં મેન્ગ્રોવ પુનઃસ્થાપન માટે મોટા પાયે અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. ગુજરાતમાં વર્ષ ૨૦૨૩-૨૪થી ૨૦૨૬-૨૭ સુધીના લક્ષ્યાંક સામે અત્યાર સુધીમાં વિક્રમી ૨૭,૬૫૨ હેક્ટર વિસ્તારમાં મેન્ગ્રોવનું સફળ વાવેતર પૂર્ણ કરી લેવાયું છે. આ વાવેતરમાં એકલા સંવેદનશીલ અને સરહદી કોરીક્રીક વિસ્તારના ૧૨,૪૫૦ હેક્ટરનો સમાવેશ થાય છે. હાલ જખૌ સ્થિત નર્સરી ખાતે આશરે ૩.૪૯ લાખ જેટલા મેન્ગ્રોવના તંદુરસ્ત રોપાઓ તૈયાર કરવામાં આવ્યા છે. મેન્ગ્રોવ માત્ર દરિયાકાંઠાનું ધોવાણ અને વાવાઝોડા સામે રક્ષણ જ નથી આપતા, પરંતુ માછલીઓ અને વિવિધ જળચર જીવો માટે સુરક્ષિત નર્સરી તથા આવાસ પણ પૂરું પાડે છે, જેનાથી સમગ્ર દરિયાઈ પર્યાવરણ સંતુલિત રહે છે. મેન્ગ્રોવ ઇકોસિસ્ટમ સાથે સીવીડની ખેતી એક મહત્વપૂર્ણ નવી કડી બનીને ઊભરી રહી છે. વૈશ્વિક બજારમાં વિવિધ ઔદ્યોગિક, ઔષધીય અને ખાદ્ય ઉત્પાદનો માટે સીવીડની ભારે માંગ રહેતી હોવાથી તેને 'દરિયાઈ લીલું સોનું' ગણવામાં આવે છે.

જો સ્થાનિક સાગરખેડૂતોને યોગ્ય જાતો, અદ્યતન ટેકનોલોજી અને સીધું બજાર પૂરું પાડવામાં આવે તો માછીમારી પરની નિર્ભરતા ઘટી શકે છે અને કાંઠાના પરિવારો માટે કાયમી વધારાની આવક ઊભી થઈ શકે છે. આ ક્ષેત્રના પૂર્ણ વિકાસ માટે સંશોધન, તાલીમ અને સ્થાનિક સમુદાયોની સક્રિય ભાગીદારી અનિવાર્ય બની રહેશે. કચ્છનો દરિયો હવે માત્ર પરંપરાગત માછીમારી પૂરતો મર્યાદિત ન રહેતાં બ્લુ ઇકોનોમી અને નવી આજીવિકાનું મુખ્ય કેન્દ્ર બનવા તરફ આગળ વધી રહ્યો છે. ■

# ગોંડલમાં ધોધમાર વરસાદથી ખેડૂતોમાં હરખની હેલી, આશાપુરા ડેમ ઓવરફ્લો

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ જિલ્લાના ગોંડલ શહેર અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં લાંબા વિરામ બાદ મેઘરાજાએ ધમાકેદાર ઇનિંગ રમી હતી. ગોંડલમાં ધોધમાર સાડા ત્રણ ઇંચ જેટલો વરસાદ ખાબક્યો હતો. ધોધમાર વરસાદને કારણે સમગ્ર પંથક પાણી-પાણી થઈ ગયો છે. મન મૂકીને વરસેલા વરસાદના પગલે સ્થાનિક જળાશયોમાં પાણીની ધરખમ આવક થઈ છે, જેમાં ગોંડલની જીવાદોરી સમાન આશાપુરા ડેમ ઓવરફ્લો થતાં સ્થાનિક લોકો તેમજ ખેડૂતોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

ગોંડલમાં એકસાથે ત્રણ ઇંચ જેટલું પાણી વરસી જતા શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા, પરંતુ સૌથી મોટા અને રાહતના સમાચાર આશાપુરા ડેમ તરફથી મળ્યા હતા. વરસાદને પગલે ડેમમાં નવા નીરની જંગી આવક થઈ હતી. ડેમ તેની પૂર્ણ સપાટીએ પહોંચી જતાં તેમાંથી પાણી ઓવરફ્લો થવાનું શરૂ થયું હતું. છલકાયેલા ડેમનો ધસમસતો પ્રવાહ નયનરમ્ય નજારો જોવા મળ્યો હતો. આ આહલાદક દ્રશ્ય જોવા માટે ગોંડલવાસીઓ મોટી સંખ્યામાં ડેમ સાઈટ પર ઉમટી પડ્યા હતા. આશાપુરા ડેમ સંપૂર્ણ ભરાઈને ઓવરફ્લો થતાં આજુબાજુના ગામોમાં સિંચાઈ અને પીવાના પાણીની સમસ્યા હલ થશે. ■

# રાજકોટમાં પદ્મિનીબા સહિત કુલ ચાર લોકો સામે ફરિયાદ,પોલીસની કામગીરીમાં રૂકાવટનો આરોપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ શહેરના સાંઢીયા પુલ પાસે સર્જાતી ટ્રાફિકની વિકટ સમસ્યાને પગલે ક્ષત્રિય મહિલા અગ્રણી પદ્મિનીબા વાળાએ તંત્ર અને ફરજ પર હાજર પોલીસકર્મીઓ સામે ભારે આક્રોશ વ્યક્ત કર્યો હતો. સ્થળ પર ટ્રાફિક નિયમન અને વ્યવસ્થા મુદ્દે ઉગ્ર બોલાચાલી દરમિયાન તેમણે ચીમકી આપતાં જણાવ્યું હતું કે, અહીં ખોટી તાનાશાહી ન કરો, નહીંતર સસ્પેન્ડ કરાવતા પણ આવડે છે. તેમના આ નિવેદનનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. સાંઢીયા પુલ વિસ્તારમાં દૈનિક ધોરણે વાહનચાલકો કલાકો સુધી ટ્રાફિક જામની સમસ્યાનો સામનો કરી રહ્યા છે. લોકોની અવારનવાર મળતી ફરિયાદો વચ્ચે સ્થળ પર પહોંચેલા પદ્મિનીબા વાળાએ પોલીસ અને વહીવટી તંત્રની કામગીરી સામે સીધા સવાલો ઉઠાવ્યા હતા. તેમણે આક્ષેપ કર્યો હતો કે સામાન્ય નાગરિકો ટ્રાફિકમાં પરેશાન થઈ રહ્યા છે ત્યારે વ્યવસ્થા સુધારવાને બદલે અમુક કર્મચારીઓ લોકો પર ખોટો રોફ જમાવી રહ્યા છે. આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યા બાદ શહેરમાં ચર્ચાનો વિષય બન્યો છે. પદ્મિનીબાએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી હતી કે જો સામાન્ય જનતાને હેરાન કરવાનું બંધ નહીં કરવામાં આવે અને ટ્રાફિકનું કાયમી નિરાકરણ નહીં લવાય, તો ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી કડક પગલાં લેવડાવવામાં આવશે. વીડિયો વાયરલ થયા બાદ પદ્મિનીબા વાળા સહિત ચાર અજાણ્યા શખ્સો સામે ટ્રાફિક કર્મચારી સરોજ સોલંકીની ફરિયાદના આધારે પોલીસ ફરિયાદ નોંધવામાં આવી હતી. ફરિયાદમાં ૨૦ સપ્ટેમ્બરે સાંઢિયા પુલ પાસે બેરિકેડ મુદ્દે પોલીસ સાથે રકઝક થઈ હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. રસ્તા પર વાહનો ઊભા રાખી ટ્રાફિકમાં અડચણ ઊભી કરવા તેમજ બેરિકેડ હટાવવાના મુદ્દે વિવાદ થયો હોવાનો આક્ષેપ છે. સમગ્ર મામલે પોલીસની ફરજમાં રૂકાવટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. ■

# બગસરા-ધારી બાયપાસ રોડ પર તેલ ભરેલું કન્ટેનર પલટી ગયું, હજારો લિટર તેલ રોડ પર ઢોળાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમરેલી જિલ્લાના બગસરા-ધારી બાયપાસ રોડ પર તેલ ભરેલું કન્ટેનર પલટી જતાં અકસ્માતની ઘટના બની હતી. પીપાવાવ પોર્ટ તરફ જઈ રહેલું કન્ટેનર અચાનક પલટી મારતાં તેમાં ભરેલું હજારો લિટર તેલ રોડ પર ઢોળાઈ ગયું હતું. અકસ્માત બાદ થોડા જ સમયમાં રોડ પર તેલના રેલાં વહી નીકળ્યા હતા અને આસપાસના ખેતરોમાં પણ તેલ ફેલાઈ ગયું હતું.

કન્ટેનર પલટી જતાં રસ્તા પર મોટા પ્રમાણમાં તેલ ઢોળાતા વાહનચાલકો માટે પણ જોખમી સ્થિતિ સર્જાઈ હતી. રોડની સપાટી પર તેલ પથરાઈ જતાં લપસણો માર્ગ બની ગયો હતો. અકસ્માતની જાણ થતાં સ્થાનિક લોકો તેમજ આસપાસના લોકો ઘટનાસ્થળે પહોંચ્યા હતા. અકસ્માત બાદ ઘટનાસ્થળે પહોંચેલા કેટલાક લોકોનું વર્તન પણ ચર્ચાનો વિષય બન્યું હતું. રોડ પર વહી રહેલા તેલને જોઈ લોકો મદદ કરવા કે વ્યવસ્થા જાળવવાને બદલે ડબ્બા, તપેલાં અને અન્ય વાસણો લઈને તેલ ભરવા દોડી આવ્યા હતા. રસ્તા પર જ્યાં-ત્યાં ઢોળાયેલા તેલને વાસણોમાં ભરવા માટે લોકોમાં હોડ જામી હતી.

તેલ લઈ જવા માટે લોકો વચ્ચે ખેંચતાણ જેવી સ્થિતિ પણ સર્જાઈ હતી. મોટી સંખ્યામાં લોકો રસ્તા પર એકત્ર થઈ જતા બાયપાસ રોડ પર ટ્રાફિક વ્યવસ્થા પણ ખોરવાઈ હતી. વાહનચાલકોને ધીમા વાહને પસાર થવાની ફરજ પડી હતી. એક તરફ કન્ટેનર પલટી જવાથી હજારો લિટર તેલનો જથ્થો રસ્તા અને ખેતરોમાં ફેલાઈ ગયો હતો, ત્યારે બીજી તરફ ઢોળાયેલા તેલને ભેગું કરવા લોકો વાસણો લઈને ઉમટી પડતાં ઘટનાસ્થળે અજીબોગરીબ દૃશ્યો સર્જાયા હતા. અકસ્માતની ગંભીરતા વચ્ચે રસ્તા પર તેલ ભરવા માટે લોકોની પડાપડી જોવા મળી હતી.

ઘટનાને પગલે માર્ગ પર વાહનવ્યવહારને અસર થતાં સંબંધિત તંત્ર દ્વારા સ્થળ પર પહોંચી સુરક્ષા અને ટ્રાફિક વ્યવસ્થા સંભાળવાની જરૂરિયાત ઊભી થઈ હતી. આ સાથે જ રસ્તા પર ઢોળાયેલા તેલને કારણે કોઈ વધુ વાહન અકસ્માતનો ભોગ ન બને તે માટે પણ તકેદારી જરૂરી બની હતી. બગસરા-ધારી બાયપાસ પર બનેલી આ ઘટનામાં કન્ટેનર કેવી રીતે પલટી ગયું અને અકસ્માતમાં કોઈ જાનહાનિ કે ઈજા થઈ છે કે કેમ તે અંગેની વધુ વિગતો સત્તાવાર તપાસ બાદ સામે આવશે. ■

# જેતપુરના પેઢલા ગામે જેટકોની વીજ ટાવર લાઇન સામે ખેડૂતોનો વિરોધ ઉગ્ર આંદોલનનો હુંકાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના પેઢલા ગામે જેટકોની વીજ ટાવર લાઇનના રિપેરિંગ કામગીરીને લઈને ખેડૂતો દ્વારા ઉગ્ર વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. જેતપુર-સાપર વચ્ચે પસાર થતી આ વીજ લાઇન આશરે ૩૯ વર્ષ પહેલાં ખેડૂતોના ખેતરોમાંથી પસાર કરવામાં આવી હતી અને તે સમયે ખેતરોમાં વીજ ટાવર ઊભા કરવામાં આવ્યા હતા. વર્ષો જૂની આ લાઇનના ટાવરના જમ્પરમાં અચાનક ખામી સર્જાતા જેટકોના અધિકારીઓ અને ટેકનિકલ ટીમ રિપેરિંગ માટે સ્થળ પર પહોંચી હતી, પરંતુ ખેડૂતોએ સમયસર એકત્ર થઈને આ કામગીરી સદંતર અટકાવી દીધી હતી. સ્થળ પર ઉપસ્થિત ખેડૂતો અને સ્થાનિક આગેવાનોએ જેટકો તંત્ર સામે ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. ખેડૂતોના જણાવ્યા અનુસાર, હાલમાં ખેતરોમાં મગફળી અને અન્ય ઉભો પાક લહેરાઈ રહ્યો છે. જો તંત્ર દ્વારા અચાનક રિપેરિંગ કે ભારે વાહનોની અવરજવર કરવામાં આવશે, તો ખેડૂતોના ઉભા પાકને વ્યાપક નુકસાન થઈ શકે છે. આ ઉપરાંત, સૌથી મોટો વિવાદ ૩૯ વર્ષ જૂની વીજ લાઇનના વળતર અને કરારનો છે. ખેડૂતોનો આક્ષેપ છે કે જ્યારે આ વીજ લાઇન નાખવામાં આવી હતી, ત્યારે તંત્ર દ્વારા કોઈપણ પ્રકારનું વળતર ખેડૂતોને આપવામાં આવ્યું નહોતું. સામાન્ય રીતે આ પ્રકારની લાઇન માટે નિયમોનુસાર કરારો થતા હોય છે, પરંતુ આ કેસમાં ન તો ૨૫ કે ૩૦ વર્ષના કરાર થયા છે કે ન તો તેનું રિન્યુઅલ (નવીનીકરણ) કરવામાં આવ્યું છે. ખેડૂતોનો દાવો છે કે જેટકોના અધિકારીઓ પાસે આ લાઇન અંગેના કોઈ લેખિત કરાર કે વળતર ચૂકવ્યા હોવાના આધારો કે પુરાવા જ નથી. વિરોધ નોંધાવવા માટે પેઢલા તેમજ આસપાસના જૂનાગઢ પંથકના ખેડૂતો પણ મોટી સંખ્યામાં પોતાના ખેતરોમાં એકઠા થયા હતા. ખેડૂતોએ પોતાના હાથમાં દોરડા પકડીને એક અનોખી માનવ સાંકળ રચી હતી અને જેટકોની ટીમ સામે શાંતિપૂર્ણ પરંતુ મક્કમ વિરોધ નોંધાવ્યો હતો. ખેડૂતોએ સ્પષ્ટ શબ્દોમાં ચીમકી આપી હતી કે જ્યાં સુધી તેમની માંગણીઓ સ્વીકારવામાં નહીં આવે ત્યાં સુધી તેઓ અહીં કોઈપણ કામ નહીં થવા દે. ■

# કચ્છમાં ગાજવીજ સાથે વરસાદી ઝાપટાં, ભુજમાં વૃક્ષ ધરાશાયી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ નૈઋત્યના ચોમાસાની ઋતુ હવે સત્તાવાર વિદાયની તૈયારીમાં છે ત્યારે રણપ્રદેશ કચ્છ જિલ્લામાં સેકન્ડ સમર એટલે કે ભાદરવા મહિનાના આકરા તાપ અને બફારાનું સામ્રાજ્ય છવાયું છે. ૩૬ ડિગ્રીને પાર પહોંચેલા મહત્તમ તાપમાન અને આકરા ઉકળાટ વચ્ચે રવિવારે સાંજ ઢળતાં જ વાતાવરણમાં નાટ્યાત્મક પલટો આવ્યો હતો. લોકલ કન્વેક્ટિવ સિસ્ટમ સક્રિય થવાને કારણે વાગડ પંથકથી માંડીને ભુજ, ગાંધીધામ, મુંદરા અને લખપત સુધી જોરદાર પવન અને વીજળીના કડાકા સાથે હળવાંથી મધ્યમ વરસાદી ઝાપટાં વરસ્યાં હતાં.

દિવસભર લોકો અસહ્ય ગરમી અને પરસેવે રેબઝેબ થયા બાદ સાંજે એકાએક આકાશમાં કાળાડિબાંગ વાદળો ઘેરાયાં હતાં. વાગડના રાપર, બાલાસર અને ભચાઉ પંથકમાં તેમજ મુંદરા અને માતાના મઢમાં તોફાની પવન સાથે ઝાપટાં પડ્યા હતા. જિલ્લા મથક ભુજમાં રાત્રે સવા આઠ અને ટૂંકી બ્રેક બાદ અગિયાર વાગ્યાના અરસામાં ડરામણી વીજળીના ચમકારા સાથે જોરદાર ઝાપટું તૂટી પડતાં માર્ગો પરથી પાણી વહી નીકળ્યાં હતાં. પવનના જોરને કારણે ભુજમાં વૃક્ષ ધરાશાયી થવાની ઘટના પણ બની હતી.

સત્તાવાર આંકડા અનુસાર ભુજમાં રાત્રે ૮ થી ૧૦ વાગ્યા દરમિયાન ૧૧ મિ.મી., માંડવીમાં ૫ મિ.મી. અને ગાંધીધામમાં સાંજે ૬ થી ૮ વાગ્યા વચ્ચે ૨ મિ.મી. વરસાદ સરકારી ચોપડે નોંધાયો હતો. રાપર અને ગ્રામ્ય પંથકોમાં સ્થાનિક સ્તરે જોરદાર ઝાપટાં પડ્યા હોવા છતાં મુખ્ય રેઈનગેજ મથકે નોંધણી નહિવત રહી હતી. વરસાદી ઝાપટાંથી વાતાવરણમાં ક્ષણિક ઠંડક પ્રસરી હતી, હવામાન વિભાગના જણાવ્યા મુજબ આગામી બેથી ત્રણ દિવસમાં ચોમાસું વિધિવત રીતે વિદાય લેશે, જેના કારણે આગામી દિવસોમાં ડબલ ઋતુ અને સેકન્ડ સમરનો પ્રકોપ હજુ વધુ આકરો બને તેવી શક્યતા છે. ■

# જામનગરમાં ભક્તિસભર નમો નાદ કાર્યક્રમ યોજાયો, ભક્તિ સંગીતના તાલે લોકો ઝૂમી ઉઠ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગર શહેરના પ્રદર્શન મેદાન ખાતે નમો નાદ ભક્તિસભર કાર્યક્રમ યોજાયો હતો. સાંસદ પૂનમબેન માડમની ઉપસ્થિતીમાં યોજાયેલા આ કાર્યક્રમમાં જામનગર શહેર ઉપરાંત આસપાસના વિસ્તારો અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર પ્રદર્શન મેદાનમાં લોકોની ભીડ સાથે ભક્તિ, સંગીત અને ઉત્સાહનો માહોલ છવાયો હતો.

આ નમો નાદ કાર્યક્રમમાં ઇશાની દવે, હાર્દિક દવે અને રાજ ગઢવીના ભજન તથા સંગીતના તાલે સમગ્ર પ્રદર્શન મેદાન ગુંજી ઊઠ્યું હતું. કલાકારોના ભક્તિ સંગીતના તાલે ઉપસ્થિત શ્રોતાઓ પણ ઝૂમી ઉઠ્યા હતા.

કાર્યક્રમના પ્રારંભના સમયે જ વરસાદ શરૂ થતાં થોડા સમય માટે કાર્યક્રમના રંગમાં વિક્ષેપ પડ્યો હતો. જોકે, આયોજકો દ્વારા કરવામાં આવેલી આગોતરી વ્યવસ્થાઓના કારણે વરસાદ બંધ થતાં જ તાત્કાલિક ધોરણે મેદાનમાં સફાઈ સહિતની કામગીરી હાથ ધરવામાં આવી હતી અને નિર્ધારિત સમય મુજબ કાર્યક્રમનો રંગારંગ પ્રારંભ કરવામાં આવ્યો હતો. ■